


પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૨૩-૮-૨૦૨૫, શનિવાર
વર્ષઃ ૧૪, અંકઃ ૧૪૨

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 © 94266 72303 abataknews@gmail.com @abtakmedia




# વડાપ્રધાનની મુલાકાત ટાંકણે અમદાવાદમાંથી સિરિયન શંકાસ્પદોએ દેખા દીધીઃ ત્રિપુટીની ધરપકડ, ત્રણ ફરાર

## ટુરિસ્ટ વિઝા પર ભારતમાં પ્રવેશ્યા, કોલકાતાથી રોડ માર્ગે અમદાવાદ પહોંચ્યાઃ ગાઝા માટે ફાળો એકત્રિત કરવા આવ્યાનું રટણ

## અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે શંકાસ્પદ આતંકીઓની ધરપકડ કરી સઘન પૂછપરછ શરૂ કરીઃ ગુપ્તચર એજન્સીઓએ પણ તપાસમાં ઝુકાવ્યું

### ફરાર થઈ ગયેલા ત્રણ શખ્સોનું દક્ષિણ ભારત તરફ પગેરું મળ્યુંઃ ટીમો દોડાવાઈ

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી તા.૨૫ અને ૨૬ ઓગસ્ટે અમદાવાદ પ્રવાસે આવી રહ્યા છે. તેં પૂર્વે જ અમદાવાદ ખાતે શંકાસ્પદ સિરિયન નાગરિકો આટાફેરા કરતા હોવાની સચોટ માહિતીના આધારે ક્રાઈમ બ્રાન્ચે ત્રણ શખ્સોની અટકાયત કરી હતી. જયારે અન્ય ત્રણ શખ્સો નાસી જતાં શોધખોળ શરૂ કરવામાં આવી છે. ઉલ્લેખનીય બાબત છે કે, સિરિયન નાગરિકો ટુરિસ્ટ વિઝા પર ભારત આવ્યા, કોલકાતાથી રોડ માર્ગે અમદાવાદ ખાતે ગાઝા માટે ફાળો એકત્રિત કરવા પહોંચ્યાનું રટણ કરી રહ્યા છે.

કોલકાતાથી રોડ માર્ગે ગુજરાત આવેલા છ શંકાસ્પદ સિરિયન નાગરિકો પૈકી ત્રણની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અટકાયત કરવામાં આવી છે. આ ત્રણેય ગાઝામાં યુદ્ધગ્રસ્ત લોકો માટે દાન એકત્રિત કરવાનો દાવો કરી રહ્યા હતા, પરંતુ તેમની પ્રવૃત્તિઓ શંકાસ્પદ જણાતાં પોલીસે કાર્યવાહી કરી છે. બાકીના ત્રણ નાગરિકો પોલીસની કાર્યવાહીની શંકાથી ફરાર થઈ ગયા છે અને તેમના લોકેશન દક્ષિણ ભારતમાં હોવાનું ગુપ્તચર સંસ્થાના સૂત્રો જણાવી રહ્યા છે.

પ્રાપ્ત વિગત અનુસાર

(અનુ. આઠમા પાને)

### અરબી ભાષા, સૈનિક જેવો શારીરિક બાંધાએ શંકા ઉપજાવીઃ એકની છાતીના ભાગે ગોળી વાગ્યાનું નિશાન

ક્રાઈમ બ્રાન્ચને સિરિયનોની અરબી ભાષા અને શારીરિક બાંધો કોઈ સૈનિક જેવા લાગતા શંકા ગઈ હતી. જે પૈકી એકની તપાસ દરમિયાન તેને છાતી અને ખભા વચ્ચે ગોળી વાગ્યાનું નિશાન જોઈ પોલીસને તેમની કામગીરી શંકાસ્પદ લાગી રહી છે, જો કે તે ગાઝાના લોકોની મદદ માટે દાન માંગવા આવ્યાં હોવાનું રટણ રટી રહ્યાં છે.

### સિરીયાથી વાયા લેબનાન કલકતા ખાતે અલગ અલગ ફ્લાઈટમાં પહોંચ્યા

**દાન એકત્રિત કરવા આવેલા શખ્સો મોંઘીદાટ હોટેલમાં રોકાતા શંકા દ્રઢ બની**

પોલીસને તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે, તમામ છ સિરિયાથી અલગ અલગ ફ્લાઈટમાં પહેલાં લેબનાન આવ્યાં અને ત્યાંથી એક સાથે અલગ અલગ ફ્લાઈટમાં બેસીને કલકત્તા સહિત દેશના અલગ અલગ રાજ્યોમાં ઉતર્યા હતા. ત્યાંથી રોડ માર્ગે તમામ અમદાવાદ આવ્યાં હતા. અમદાવાદ આવીને દાન ઉઘરાવવા માટે તે થ્રી સ્ટાર કક્ષાની મોંઘી હોટલમાં રોકાયા હતા જે વાત પણ પોલીસને શંકાસ્પદ લાગી રહી છે. પોલીસનું કહેવું છે કે, ટુરીસ્ટ વિઝા પર આવ્યાં બાદ તે લોકો આવી કોઈ પ્રવૃતિ કરી શકે નહીં. તેમણે હાલ વિઝા નિયમોનું ઉલ્લંઘન તો કર્યું જ છે.

### હયાત તહરીર અલ-શમને યુએન સિક્યુરિટી કાઉન્સિલે આતંકી સંગઠન જાહેર કર્યું'તું

સિરીયાની હયાત તહરીર અલ-શમ (એચટીએચ) નામના સંગઠનને યુએન સિક્યુરિટી કાઉન્સીલ દ્વારા આતંકી સંગઠન જાહેર કર્યું છે. તેને સિરિયામાં આર્મફોર્સ્ડ તરીકે ઓળખવામાં આવે છે. હાલ ઓળખાયેલા છ શંકાસ્પદની બોડી લેંગ્વેજ અને તેમના શરીર પરના નિશાન ઉપરાંત તેમની સિરિયથી ગુજરાત સુધીની સફર અને અહીંની તેમની પ્રવૃતિ વધુ શંકાસ્પદ બનાવે છે.



પ્રતિબંધિત આતંકવાદી સંગઠન એચટીએચ

# ૨૦ વર્ષથી વધુ જુના વાહનો ઉપર રોડ ટેક્સ બમણો કરાયો

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે ૨૦ વર્ષથી જૂના વાહનોના નોંધણી નવીકરણ શુલ્કમાં નોંધપાત્ર વધારો કરવાની જાહેરાત કરી છે. આ તમામ શુલ્કમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ શામેલ નથી, એમ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય બીએસ-૨ ઉત્સર્જન ધોરણો પહેલાં બનેલા

### જુના વાહનોનો ઉપયોગ ઘટાડી પ્રદુષણ ઓછું કરવા કેન્દ્ર સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય



આ નિર્ણયનો હેતુ જૂના વાહનોનો ઉપયોગ ઘટાડવો અને દેશમાં વાહનો દ્વારા થતા ૪૦% પ્રદૂષણને નિયંત્રિત કરવાનો છે. રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયે ૨૦ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ જારી કરેલી એક સૂચના મુજબ, આ નવા શુલ્ક તાત્કાલિક અમલમાં આવશે.

વાહનોનો ઉપયોગ ઘટાડવાનો છે. આવા જૂના વાહનો પર્યાવરણ માટે હાનિકારક હોવાનું માનવામાં આવે છે, કારણ કે તેમનાથી થતું ઉત્સર્જન આધુનિક વાહનોની તુલનામાં ઘણું વધારે હોય છે. દેશમાં વાયુ પ્રદૂષણના ૪૦% હિસ્સા માટે વાહનો જવાબદાર છે, અને આ પગલું પ્રદૂષણ ઘટાડવાના સરકારના પ્રયાસોનો એક ભાગ છે.

આ પહેલાં, ફેબ્રુઆરી ૨૦૨૫માં મંત્રાલયે ૨૦ વર્ષથી જૂના વાહનો માટે શુલ્કમાં ફેરફારનો મુસદ્દો જાહેર કર્યો હતો. અગાઉ ૧૫ વર્ષથી જૂના વાહનો પર ઊંચા શુલ્ક લાગુ કરવામાં આવતા હતા, પરંતુ હવે આ મર્યાદા વધારીને ૨૦ વર્ષ કરવામાં આવી છે. આ ફેરફારથી સરકાર જૂના વાહનોના ઉપયોગને વધુ નિરુત્સાહિત કરવા માંગે છે.

આ પહેલાં ઓક્ટોબર ૨૦૨૧માં સરકારે વ્હીકલ સ્ક્રેપેજ પોલિસી હેઠળ ટુ-વ્હીલર્સ, થ્રી-વ્હીલર્સ, ક્વાડ્રીસાઈકલ્સ અને લાઈટ મોટર વ્હીકલ્સ માટે શુલ્કમાં વધારો કર્યો હતો. આ નીતિ હેઠળ જૂના અને પ્રદૂષણ ફેલાવતા વાહનોને રસ્તાઓ પરથી દૂર કરવા અને નવા, પર્યાવરણને અનુકૂળ વાહનોને પ્રોત્સાહન આપવાનો હેતુ હતો. નવા શુલ્કનો નિર્ણય આ નીતિને વધુ મજબૂત બનાવે છે.

આ નવા શુલ્કથી ખાસ કરીને જૂની આયાતી કારો અને મોટરસાઈકલના માલિકોને મોટો આર્થિક ફટકો પડશે. ઉદાહરણ તરીકે, આયાતી કારના નોંધણી નવીકરણનો ખર્ચ હવે રૂ. ૮૦,૦૦૦ થયો છે, જે અગાઉના રૂ. ૪૦,૦૦૦ની તુલનામાં બમણો છે. આનાથી ઘણા લોકો જૂના વાહનોને બદલે નવા, બીએસ-૬ ધોરણોને અનુરૂપ વાહનો ખરીદવા પ્રેરાશે.

પર્યાવરણવિદો અને નિષ્ણાતો આ નિર્ણયનું સ્વાગત કરી રહ્યા છે, કારણ કે આનાથી શહેરોમાં વાયુ પ્રદૂષણ ઘટાડવામાં મદદ મળશે. જોકે, કેટલાક નાગરિકો અને વાહન માલિકો આ શુલ્ક વધારાને આર્થિક બોજ તરીકે જોઈ રહ્યા છે. સરકારે આ નિર્ણયની સાથે વ્હીકલ સ્ક્રેપેજ પોલિસી હેઠળ નવા વાહનોની ખરીદી પર પ્રોત્સાહનો આપવાની પણ જાહેરાત કરી છે, જેથી લોકો જૂના વાહનોને નવા સાથે બદલવા માટે પ્રોત્સાહિત થાય.

(અનુ. આઠમા પાને)

### આ નવા શુલ્કથી જૂની આયાતી કારો અને મોટરસાઈકલના માલિકોને મોટો આર્થિક ફટકો પડશે

**નવા નોંધણી શુલ્ક**

- **મોટરસાઈકલ :** હાલના રૂ. ૧,૦૦૦ના શુલ્કને વધારીને રૂ. ૨,૦૦૦ કરવામાં આવ્યા છે.
- **થ્રી-વ્હીલર્સ :** શુલ્ક રૂ. ૩,૫૦૦થી વધારીને રૂ. ૫,૦૦૦ કરાયો છે.
- **લાઈટ મોટર વ્હીકલ્સ :** નોંધણી નવીકરણનો ખર્ચ હવે રૂ. ૧૦,૦૦૦ નક્કી કરવામાં આવ્યો છે.
- **આયાતી ટુ-વ્હીલર્સ અને થ્રી-વ્હીલર્સઃ** આ વાહનો માટે શુલ્ક રૂ. ૨૦,૦૦૦ નક્કી કરાયું છે.
- **આયાતી કારઃ** જૂની આયાતી કારોના નોંધણી નવીકરણનો ખર્ચ રૂ. ૧૦,૦૦૦ અને રૂ. ૪૦,૦૦૦માંથી વધારીને રૂ. ૮૦,૦૦૦ કરવામાં આવ્યો છે.

# કેનેડાએ અમેરિકા ઉપરનો ટેરિફ નાબૂદ કર્યો

## અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે થયેલી ફોન ઉપર વાતચીત બાદ કેનેડાના વડાપ્રધાન કાર્નીએ જાહેર કર્યો નિર્ણય

**અબતક, નવી દિલ્હી**

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ શુક્રવારે જાહેરાત કરી હતી કે કેનેડા ૧ સપ્ટેમ્બરથી યુએસએમસીએ (યુનાઈટેડ સ્ટેટ્સ-મેક્સિકો-કેનેડા એગ્રીમેન્ટ) હેઠળ આવરી લેવામાં આવતા અમેરિકી માલ પરના તમામ પ્રતિશોધક કર નાબૂદ કરશે. આ નિર્ણય ગુરુવારે વડાપ્રધાન કાર્ની અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે થયેલી ફોન પરની વાતચીતના એક દિવસ બાદ આવ્યો છે.

કાર્નીએ ઓટાવામાં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, "અમે યુએસએમસીએ હેઠળ આવરી લેવામાં આવતા અમેરિકી માલ પરના તમામ કેનેડિયન કર નાબૂદ કરી રહ્યા છીએ, જેનાથી કેનેડા અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચેના મોટાભાગના



માલ માટે મુક્ત વેપાર ફરીથી સ્થાપિત થશે." જોકે, તેમણે સ્પષ્ટ કર્યું કે સ્ટીલ, એલ્યુમિનિયમ અને ઓટોમોબાઈલ્સ પરના કર હજુ પણ યથાવત રહેશે, કારણ કે બંને દેશો આ ઉદ્યોગો માટે વ્યવસ્થા શોધવા માટે "તીવ્રપણે" કામ કરી રહ્યા છે.

આ પગલું અમેરિકા દ્વારા યુએસએમસીએ હેઠળના કેનેડિયન માલને કરમાંથી મુક્તિ આપવાના નિર્ણયને અનુરૂપ છે. કાર્નીએ ઉમેર્યું, "કેનેડાને હાલમાં યુનાઈટેડ સ્ટેટ્સ સાથે વિશ્વનો શ્રેષ્ઠ વેપાર સોદો છે, અને જોકે તે અગાઉના સોદાથી અલગ છે, તે હજુ પણ અન્ય કોઈપણ દેશ કરતાં બહેતર છે." તેમણે નોંધ્યું કે કેનેડાના ૮૫% થી વધુ નિકાસ અમેરિકામાં

(અનુ. આઠમા પાને)

# સ્વાસ્થ્ય અને જીવન વિમાને જીએસટીના દાયરામાંથી મુક્ત કરવાથી લોકોની સાથે કંપનીઓનું પણ સ્વાસ્થ્ય સુધરશે

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકાર વ્યક્તિગત જીવન અને આરોગ્ય વીમા પોલિસીઓને જીએસટીમાંથી મુક્તિ આપવાની તૈયારી કરી છે. લગભગ મોટાભાગના રાજ્યોએ તેની તરફેણ કરી છે. હાલમાં હેલ્થ અને લાઈફ ઈન્શ્યોરન્સ પર ૧૮ ટકા જીએસટી લાગુ પડે છે. જો જીએસટી નાબૂદ થશે તો આ બંને વીમા પોલિસીઓઓ સસ્તી થશે અને હાલના પ્રીમિયમમાં પણ ઘટાડો થશે. જેનાથી લોકોની સાથે વીમા કંપનીઓનું પણ સ્વાસ્થ્ય સુધરશે.

જીએસટી કાઉન્સિલની ૫૬મી બેઠક ૩ અને ૪ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં યોજાશે. આ માટે

### જીએસટી કાઉન્સિલની ૫૬મી બેઠક ૩ અને ૪ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં યોજાશેઃ અનેક મહત્વપૂર્ણ સુધારાઓ થવાની આશા

નોટિફિકેશન જારી કરવામાં આવ્યું છે. બેઠકમાં જીએસટી સંબંધિત આગામી પેઢીના સુધારા પ્રસ્તાવિત કરવામાં આવશે. ખાસ કરીને, જીએસટીના હાલના ચાર ટેક્સ સ્લેબને બદલે ફક્ત બે (૫ અને ૧૮ ટકા) ટેક્સ સ્લેબનો પ્રસ્તાવ શામેલ છે. આ સાથે, જીએસટી નોંધણી, રિટર્ન



અને રિફંડ સંબંધિત સુધારા પ્રસ્તાવોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

હવે આ દરખાસ્તો પર જીએસટી કાઉન્સિલમાં ચર્ચા થવાની છે. આને ધ્યાનમાં રાખીને, જીએસટી કાઉન્સિલની બેઠક બોલાવવામાં આવી છે. કાઉન્સિલની બેઠક પહેલા, ૨ સપ્ટેમ્બરના રોજ અધિકારીઓની બેઠક પણ યોજાશે. હાલમાં, જીએસટીમાં ૫, ૧૨, ૧૮ અને ૨૮ ટકાના ટેક્સ સ્લેબ છે, જેના બદલે ભવિષ્યમાં ફક્ત બે સ્લેબ રહેશે. ગુરુવારે જ મંત્રીઓના જૂથ દ્વારા ૧૨ અને ૨૮ ટકાના ટેક્સ સ્લેબને નાબૂદ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. આ સાથે, જીએસટી કાઉન્સિલને ભવિષ્યમાં બે સ્લેબ રાખવાની પણ ભલામણ કરવામાં આવી હતી.

નોંધ કરો કે પ્રધાનમંત્રીએ ૧૫ ઓગસ્ટના રોજ જાહેરાત કરી હતી

(અનુ. આઠમા પાને)

# ડ્રિમ ઈલેવનઃ પૈસા વગરની "સપના"ની દુનિયા બની ગઈ!!!

## ગેમિંગ એપએ તેના પ્લેટફોર્મ પરથી તમામ પેઈડ સ્પર્ધાઓ હટાવી દીધાનો દાવો કર્યોઃ હવે ફક્ત ફ્રી ટુ પ્લે ગેમ્સ જ રમી શકાશે

**અબતક, રાજકોટ**

ફેન્ટસી સ્પોર્ટ્સ જાયન્ટ ડ્રીમ૧૧ એ શુક્રવારે જાહેરાત કરી હતી કે, તેણે તેના પ્લેટફોર્મ પરની બધી પેઈડ સ્પર્ધાઓ બંધ કરી દીધી છે અને હવે તે ફક્ત ફ્રી-ટુ-પ્લે ઓનલાઈન સોશિયલ ગેમ તરીકે કાર્ય કરશે. આ નિર્ણય ધ પ્રમોશન એન્ડ રેગ્યુલેશન ઓફ ઓનલાઈન ગેમિંગ બિલને મંજૂરી મળ્યા બાદ લેવામાં આવ્યો છે.

શુક્રવારે મોડી રાત્રે જારી કરાયેલા એક નિવેદનમાં કંપનીએ જણાવ્યું હતું કે, આજે સવારે અમે ડ્રીમ૧૧ પરની બધી પેઈડ સ્પર્ધાઓ બંધ કરી દીધી છે અને સંપૂર્ણપણે ફ્રી-ટુ-પ્લે ઓનલાઈન સોશિયલ ગેમ તરફ વળ્યા છીએ.

નવો કાયદો, જેને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની સંમતિ મળી હતી. તે ઈ-સ્પોર્ટ્સ અને ઓનલાઈન સોશિયલ ગેમ્સ માટે માન્યતા અને સમર્થન પ્રદાન કરતી વખતે તમામ પ્રકારના પૈસા આધારિત ઓનલાઈન ગેમિંગ પર પ્રતિબંધ મૂકે છે. આ કાયદામાં પાલન ન કરતી કંપનીઓ માટે કડક દંડ છે, જેમાં ત્રણ વર્ષ સુધીની જેલ અને રૂ.૧ કરોડ સુધીનો દંડ શામેલ છે.

૧૮ વર્ષ પહેલાં સ્થાપિત ડ્રીમ૧૧ એ



જણાવ્યું હતું કે તેની યાત્રા ભારતમાં રમતગમતના જોડાણને સુધારવાના વિઝન દ્વારા ચલાવવામાં આવી હતી. જ્યારે અમે ૧૮ વર્ષ પહેલાં સ્પોર્ટ્સ ટેક કંપની તરીકે આ સફર શરૂ કરી હતી, ત્યારે અમે યુએસએ ફેન્ટસી સ્પોર્ટ્સ ઉદ્યોગના કદના ૧% પણ નહોતા. ડ્રીમ૧૧ નું ફેન્ટસી સ્પોર્ટ્સ પ્રોડક્ટ આખા ભારત માટે 'રમતગમતને વધુ સારું બનાવવા' માટેનો અમારો માર્ગ હતો. કંપનીએ ઉમેર્યું હતું કે, ત્યારથી તે વિશ્વના સૌથી મોટા ફેન્ટસી સ્પોર્ટ્સ પ્લેટફોર્મમાં વિકસ્યું છે.

કંપનીએ ભાર મૂક્યો હતો કે તેણે હંમેશા કાયદાનું પાલન કરીને વ્યવસાય કર્યો છે. જ્યારે અમે માનીએ છીએ કે પ્રગતિશીલ નિયમો આગળ વધવાનો યોગ્ય માર્ગ હોત, ત્યારે અમે કાયદાનું સન્માન કરીશું અને 'ઓનલાઈન ગેમિંગ કાયદાના પ્રમોશન અને નિયમન, ૨૦૨૫'નું સંપૂર્ણ પાલન કરીશું.

અધિકારીઓએ

(અનુ. આઠમા પાને)









## ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ — અ,લ,ઈ

નવા ઉદ્યોગ ધંધા- વ્યવસાયની શરુઆત માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે, છતાં નિષ્ણાતની પરામર્શ આવશ્યક જણાશે. નવા ટૂંકા ગાળાના રોકાણ માટે પણ આ સપ્તાહ ફાયદાકારક જણાશે. નાના મોટા તમામ ઔદ્યોગિક એકમના જાતક તેમજ વાણિજ્યક એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે. નાના તથા છૂટક વ્યાપારી તથા ફેરી કરતા વ્યાપારી માટે આ સપ્તાહ ઉત્તમ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ વ્યસ્ત અને હળવું લાભકારી નીવડશે. મહિલા કર્મી માટે આ સપ્તાહ બહુ લાભદાયક જણાશે. બઢતીના સંયોગ. નિવૃત્ત ગૃહિણી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભકારી રહેશે. ૩૦ ઓગસ્ટ સરેરાશ નીવડશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

### વૃષભ — બ,વ,ઉ

નરમ એવમ પોચી ધાતુ સંબંધિત એકમના જાતક એવમ અગ્નિ-વિદ્યુત સંબંધિત ઔદ્યોગિક એકમ કે વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. હેવી હ્યુજ મશીનરી સંબંધિત ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ જણાશે. આ સિવાયના, અન્ય ઉદ્યોગ-વ્યાપાર-વણિજ એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ સરેરાશ રહેશે. નાના વ્યાપારી માટે આ સપ્તાહ મધ્યમ અથવા પ્રતિકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ મધ્યમ નીવડશે. પરિવાર તરફથી સાથ સહકાર યથાવત રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી માટે હળવું લાભકારી સપ્તાહ. ૨૬, ૨૭ ઓગસ્ટ સાધારણ જણાશે.

### મિથુન — ક,છ,ઘ

પરિશ્રમી વર્ગ, કારીગર વર્ગ, શિલ્પી વર્ગના તમામ જાતક માટે આ સપ્તાહ ભારે કામકાજથી વ્યસ્ત રાખનારું તેમજ લાભદાયક નીવડશે. સીઝનલ વ્યાપારી જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક તથા ભાગદોડ વાળું જણાશે. ઈલેક્ટ્રીકલ્સ રીલેટેડ ઉદ્યોગ ધંધાના જાતક માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ રહેશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમ તથા વ્યાપાર-વાણિજયના તમામ એકમના જાતક તથા સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ મધ્યમ અથવા અર્ધ-લાભકારક નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ-લાભદાયક નીવડશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૫ તથા ૨૬ ઓગસ્ટ સામાન્ય રહેશે.

### કર્ક — ડ,હ

પ્રાથમિક શાળાના શિક્ષક, એકાઉન્ટ્ન્સી ફર્મસ ના જાતક માટે આ સપ્તાહ અતિ લાભદાયી જણાશે. ઈનોર્ગેનિક કેમિક્લ્સ તથા ફાર્માકિમિલ્સ તથા ફાર્માસ્યુટીકલ્સના જાતક માટે આ સપ્તાહ ભાગદોડીયું તેમજ હળવું લાભદાયક નીવડશે. ઓર્ગેનિક ખાતર કે તેને સંબંધિત એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. ડેરી એવમ ડેરી ઉત્પાદ એકમના જાતક માટે બહુ લાભકારી સપ્તાહ. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી જાતક માટે લાભકારી સપ્તાહ. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે અતિ વ્યસ્ત સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભકારી જણાશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ લાભકારી રહેશે. ૨૭ ઓગસ્ટ સામાન્ય નીવડશે.

### સિંહ — મ,ટ

આયુર્વેદિક ઔષધિ એવમ-હર્બલ ઔષધિ, હર્બલ પ્રોડક્ટના ઉત્પાદક જાતક તથા, વિક્રેતા જાતક માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. મરીન એન્જીનીયરીંગ શાખાના જાતક, શીપીંગ, બોડી બિલ્ડીંગ, ગેરેજ-રીપેરીંગ મેઈન્ટેનન્સ સર્વિસ/વર્કસ ક્ષેત્રે જોડાયેલ તમામ જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારી રહેશે. ઔદ્યોગિક એકમ તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ વ્યસ્ત તેમજ મધ્યમ લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્ર કર્મચારી માટે આ સપ્તાહે ભારે કામકાજનો બોજ રહેવા સંભવ અને સંયોગ. પરિવાર તરફથી સાથ સહકારના યથાવત રહેશે. મહિલા કર્મી, ગૃહિણી તથા વિદ્યાર્થી વર્ગ માટે લાભદાયી સપ્તાહ. ૨૯ ઓગસ્ટ સામાન્ય રહેશે.

### કન્યા — પ,ઠ,ણ

હેવી હ્યુજ મશીનરીઝ ધરાવતા ઔદ્યોગિક એકમના જાતક તથા મોટા ઉદ્યોગ, ધાતુ ઉદ્યોગ સમેત, આ સિવાયના અન્ય મોટા ઔદ્યોગિક એકમ તથા જથ્થાબંધ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું સરેરાશ અથવા પ્રતિકૂળ નીવડશે. શેર બજાર તથા કોમોડીટી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ નીવડશે. ફેરી કરતા, ગલ્લા પર વ્યાપાર કરતા પરિશ્રમી એવમ વ્યાપારી જાતક માટે આ સપ્તાહ ખૂબ જ લાભકારી રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભકારી અને અતિ વ્યસ્ત જણાશે. સગા સાથે વાદ વિવાદ થવાની સંભાવના. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે. ૨૬ ઓગસ્ટ સામાન્ય નીવડશે.

### તુલા — ર,ત

ટૂર ટ્રાવેલ્સ એજંસીઝ તથા હોટેલ બુકિંગ સાથે જોડાયેલા તમામ જાતક તથા પબ્લીક ટ્રાન્સ્પોર્ટેશન એકમના જાતક માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. હસ્ત કલા તથા અન્ય કલાકારીના ઔદ્યોગિક વ્યાપારી એકમ વાળા જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર- વાણિજય એકમના જાતક માટે આ સપ્તાહ ખુબ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ પણ આંશિક લાભદાયી નીવડશે. મિત્ર વર્તુળ સાથે સુમેળ નો સંયોગ યથાવત જણાશે. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી એવમ મહિલા કર્મી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૮ તથા ૩૦ ઓગસ્ટ સાવ સામાન્ય રહેશે.

### વૃશ્ચિક — ન,ય

તમામ પ્રકારના ખાનગી શૈક્ષણિક એકમના જાતક એવમ સરકારી શૈક્ષણિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું કે આંશિક લાભદાયક નીવડશે. તમામ પ્રકારના સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ અતિ વ્યસ્ત એવમ ભાગ દોડ વાળું રહેવાના સંયોગ. આ સિવાયના, તમામ ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર-વાણિજય એકમના જાતક માટે આ સપ્તાહ મધ્યમ નીવડશે. છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ પણ લાભકારી જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી એકમના તમામ કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. કુટુંબ તરફથી સુમેળ તથા સહકારના સંયોગ યથાવત. ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૩૦ ઓગસ્ટ સરેરાશ જણાશે.

### ધન — ભ,ફ,ધ,ઢ

કાયદો વ્યવસ્થા વિભાગના અધિકારીઓ માટે આ સપ્તાહ હળવું તેમજ દોડધામ વાળુ તથા અતિ વ્યસ્ત નીવડશે. સરકારી શૈક્ષણિક સંસ્થાઓ એવમ ખાનગી શૈક્ષણિક સંસ્થાના તમામ જાતક માટે આ સપ્તાહ અતિ સામાન્ય નીવડશે. કલા તથા કારીગરી ક્ષેત્રના જાતક માટે આ લાભદાયી સપ્તાહ. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર વણિજના એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક તથા અનેક નવી તકો વાળુ જણાશે. ખાનગી ક્ષેત્રના તમામ વર્ગના કર્મચારી માટે આ સપ્તાહ હળવું હળવું લાભકારક જણાશે. સ્નેહીઓ તરફથી સાથ સહકાર તથા આર્થિક લાભ મળવાના સંયોગ. નિવૃત્ત, ગૃહિણી, વર્કિંગ વુમન, વિદ્યાર્થી માટે આ લાભકારી સપ્તાહ. ૨૯ ઓગસ્ટ અર્ધ મધ્યમ જણાશે.

### મકર — ખ,જ

આ સપ્તાહે ધંધા-વ્યવસાયમાં અણધાર્યા લાભ મળવાની સંભાવના એવમ સંયોગ. ખાનગી એકાઉન્ટન્ટ્સ એવમ એકાઉંટસી એકમ (ફર્મ) કે તેને રીલેટેડ એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારી નીવડશે. ફુડ બેવરેજીસ ના વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયી જણાશે. તમામ ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર-વણિજના એકમના જાતક માટે આ સપ્તાહ હળવું ફાયદાકારક નીવડશે. નાના, છૂટક વ્યાપારી કે ફેરી કરતા જાતક માટે આ સપ્તાહ અતિ વ્યસ્ત પણ લાભદાયક નીવડશે. મિત્રો, સ્નેહીઓ તરફથી સાથ સહકાર યથાવત રહેશે. વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે આ સપ્તાહ હળવું અથવા સાવ સાનુકૂળ નીવડશે. ૨૫ ઓગસ્ટ સાવ સામાન્ય નીવડશે.

### કુંભ — ગ,શ,ષ

રેડીમેડ ગાર્મેન્ટ્સ, ફેશન એસેસરીઝ, જનરલ ફેબ્રીક, કોસ્મેટીક, ફોટોગ્રાફી એવમ મોડેલીંગ સંબંધિત તમામ નાના મોટા તમામ ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યવસાયી એકમના જાતક તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ દરમિયાન અનેક પ્રકારે હળવો આર્થિક લાભ મળશે સાથોસાથ નવી તકો મળવાની પૂર્ણ સંભાવના. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર વણિજ ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ ચડાવ ઉતાર વાળુ પરંતુ લાભદાયક નીવડશે. રીટેઈલર માટે સાનુકૂળ સપ્તાહ. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે લાભદાયી સપ્તાહ. નિવૃત્ત, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભકારી નીવડશે. ૨૫ ઓગસ્ટ સાવ મધ્યમ અથવા પ્રતિકૂળ નીવડશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

### મીન — દ,ચ,ઝ,થ

આ સપ્તાહ સરકારી ક્ષેત્રના અધિકારીઓ તથા કર્મચારીઓ માટે હળવાં સંઘર્ષ વાળું તથા ચડાવ ઉતાર વાળું નીવડશે. સાથોસાથ બદલી થવાના પણ સંયોગ એવમ શક્યતા. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર-વાણિજય એકમના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ અથવા પ્રતિકૂળ નીવડશે. સર્વિસ બિઝનેસ તથા ફાઈનાન્સ એજન્સી તથા રીટેઈલર માટે આ સપ્તાહ અર્ધ સાનુકૂળ અથવા પ્રતિકૂળ પણ નીવડી શકે છે. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું લાભકારક નીવડશે. કુટુંબ-પરિવારમાં સુખ-શાંતિ, તેમજ સાથ સહકાર યથાવત રહેશે. વિદ્યાર્થી, મહિલાકર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ પણ સામાન્ય નીવડશે. ૩૦ ઓગસ્ટ સાવ મધ્યમ રહેશે. (પન્નોતિનો ઉપાય દાન+ અભ્યંગ સ્નાન).

# વિશ્વમાં દરરોજ દસ કરોડથી વધુ લોકો ''હેશ ટેગ''નો કરે છે ઉપયોગ: આજે વિશ્વ હેશ ટેગ દિવસ

**તે અનંતકાળની ઉડાન સાથે જોડાણની નવી દુનિયા વિકસાવે છે: # વિચારોને અવાજ આપી શકે છે: હેશ ટેગ એ મેટા ડેટા ટેગ ઓપરેટર છે, તેની શરૂઆત # પ્રતિકથી થઈ હતી: સોશિયલ મીડિયા પર માઈક્રો બ્લોગિંગ અને ફોટો શેરિંગ સેવાઓ ખાસ કરીને ટ્વિટર અને ટમ્બલર પર થાય છે: તેનો ઉપયોગ વપરાશકર્તા જનરલ ટેગિંગના એક સ્વરૂપ તરીકે થાય છે: આજકાલ ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર તેનો ઉપયોગ થાય છે**

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજકાલ દુનિયા સાથે ભારતમાં પણ સોશિયલ મીડિયા જબ્બર ક્રેશ જોવા મળી રહ્યો છે, ત્યારે યુવાવર્ગ અલગ અલગ તેની સાંકેતિક ચિન્હો અને ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે. ગુડ મોર્નિંગની જગ્યાએ Gm લખીને પણ શોર્ટ મેસેજ મૂકી રહ્યા છે. આજે વિશ્વ હેશ ટેગ દિવસ છે. વિશ્વભરમાં દરરોજ દસ કરોડથી વધુ લોકો હેશ ટેગનો ઉપયોગ કરી રહ્યા છે. આજના લેખમાં આ પ્રતિક વિશેની રોચક માહિતી વાચકો માટે પ્રસ્તુત જ છે. સૌપ્રથમ હેશટેગ શું છે, તે જાણવું જરૂરી છે.

હેશટેગ (#) એ સોશિયલ મીડિયા પર ઉપયોગમાં લેવાતી એક વિશિષ્ટ ચિહ્ન છે. તેનો ઈતિહાસ ૨૦૦૭માં ટ્વિટર પ્લેટફોર્મ પર શરૂ થયો હતો, જ્યારે ક્રિસ મેસિનાએ સર્વપ્રથમ ''hashtag'' તરીકે # barcamp ઉપયોગ કર્યો હતો. હેશટેગ દ્વારા કોઈ ખાસ વિષય, ટ્રેન્ડ, ઈવેન્ટ અથવા અભિયાનને સરળતાથી ઓળખી શકાય છે. વિશ્વ હેશટેગ દિવસની ઉજવણી પાછળનો હેતુ હેશટેગ દ્વારા ડિજિટલ દુનિયામાં ચર્ચા, જ્ઞાન અને જાગૃતિ ફેલાવવાનું




મહત્વપૂર્ણ માધ્યમ ઉભર્યુ છે. દરેક વ્યક્તિ, ગ્રુપ, સંગઠન અને બ્રાન્ડ પોતાના અભિપ્રાય, અભિયાન અને ગંભીર મુદ્દાઓ હેશટેગ દ્વારા વિશ્વભરમાં પ્રવૃત્ત કરી શકે છે.હેશટેગ દિવસ ચર્ચાના આ ગતિશીલ સાધનને માન આપવા અને તેની અસર વિશે જાગૃતિ ફેલાવવા માટે મનાવવામાં આવે છે.

તેનો ઉપયોગ હેશટેગ્સ લોકોને એકજ વિષય પર જોડે છે, અને મોટાપાયે ટ્રેન્ડ સર્જે છે. વિશિષ્ટ વિષય હેઠળ પોસ્ટ્સ માટે શોધને સરળ બનાવે છે. અભિયાન અને જાગૃતિ માટે: અનેક સામાજિક, રાજકીય, તથા મનોરંજન સંબંધિત અભિયાનો ઝડપથી ફેલાય છે. તેની ઉજવણીમાં સંસ્થા, યુવા વર્ગ, કર્મચારીઓ અને સોશિયલ મીડિયા યુઝર્સ વિવિધ હેશટેગ્સથી પોતાની વિચારો વ્યક્ત કરે છે.

## સોશિયલ મીડિયા પહેલા પણ ''હેશટેગ્સ''નું અસ્તિત્વ

તે એક '' # ચિહ્ન, જેને મૂળ રૂપે ઓક્ટોથોર્પ કહેવામાં આવતું હતું, તે ૧૪મી સદીનું છે.તેનો ઉપયોગ સૌપ્રથમ શાસ્ત્રીઓ દ્વારા લેટિન શબ્દ ''લિબ્રા પોન્ડો'' ના સંક્ષેપ તરીકે કરવામાં આવ્યો હતો, જેનો અર્થ પાઉન્ડ વજન થાય છે. ૨૦૦૭ માં ક્રિસ મેસિનાએ તેને ટ્વિટર માટે સ્વીકાર્યું ત્યાં સુધી તે આયોજન વિચારો સાથે સંકળાયેલું ન હતું.

## પહેલા હેશટેગને કેવી રીતે લોકપ્રિયતા મળી?

ક્રિસ મેસિનાનો મૂળ હેશટેગ, barcamp, તરત જ ટ્રેન્ડમાં આવ્યો નહીં. જ્યારે વપરાશકર્તાઓએ ચોક્કસ વિષયો પર અપડેટ્સને અનુસરવા માટે તેને ઓર્ગેનિક રીતે અપનાવ્યું ત્યારે તેની લોકપ્રિયતામાં વધારો થયો. સાચો વળાંક ૨૦૦૯ માં આવ્યો જ્યારે ટ્વિટરે હેશટેગ્સને તેમની સિસ્ટમમાં એકીકૃત કર્યા, તેમને શોધ પરિણામો સાથે જોડ્યા.

અમેરિકામાં અને વિશ્વના અન્ય દેશોમાં વિવિધ કાર્યક્રમો, વેબિનાર, અવોર્ડ્સ અને સોશિયલ મીડિયા અભિયાન આયોજિત થાય છે. લોકો તેમના મનપસંદભાર્યા, વિષય કે અભિયાન માટે # HashtagDay, # WorldHashtagDay જેવા હેશટેગ્સનો ઉપયોગ કરે છે. હેશટેગ એ માત્ર એક ચિહ્ન નથી, પણ સામાજિક પરિવર્તન અને માહિતીના કોનેકિટવિટીનું શક્તિશાળી સાર્થક ઉદાહરણ છે. આજે કોઈ પણ મહત્ત્વપૂર્ણ સમાચાર, મૂવમેન્ટ અથવા મત્તવપૂર્ણ અભિયાન હેશટેગ સિવાય અધૂરો ગણાય છે.

દક્ષિણ કોરિયામાં, હેશટેગ્સ ઘણીવાર સંપૂર્ણ વિચારો અથવા લાગણીઓ વ્યક્ત કરવા માટે લાંબા શબ્દસમૂહો હોય છે. દરમિયાન, જર્મન વપરાશકર્તાઓ ભાષાના લાંબા સંયોજન શબ્દોને કારણે સંક્ષિપ્ત ટેગ્સ પસંદ કરે છે. આ તફાવતો દર્શાવે છે કે ભાષા અને સંસ્કૃતિ હેશટેગ્સ બનાવવાની રીતને કેવી રીતે પ્રભાવિત કરે છે.

પરંપરાગત વ્યવસાયોએ સમુદાય નિર્માણ માટે ટેક્નોલોજીનો ઉપયોગ કેવી રીતે કર્યો તે એક અણધારી રીત છે. હેશ ટેગ # MeToo અને BlackLivesMatter જેવા આંદોલનો દર્શાવે છે કે કેવી રીતે હેશટેગ્સ વિશ્વભરમાં અવાજોને મજબૂત બનાવે છે.

# ધારી ખાંભામાં ફટાકડાના વેચાણ લાયસન્સ માટે તા.૧૫મી સુધી અરજી કરી શકાશે

**અરજી સાથે તમામ વિગતો સચોટ રીતે જોડવા તેમજ જરૂરી કાર્યવાહી કરવાનું ફરજીયાત રહેશે**

અબતક
મેહુલ ત્રિવેદી, ધારી

અમરેલી સરકારની વખતો વખતની માર્ગદર્શિકા મુજબ ફટાકડા વેચાણ લાયસન્સ મેળવવું આવશ્યક છે.

આગામી સમયમાં આવતા દિવાળીનાં તહેવાર દરમિયાન ધારી સબ ડિવિઝનમાં આવેલા ધારી તેમજ ખાંભા તાલુકામાં હંગામી (ટેમ્પરરી) ફટાકડા (દારુખાનુ) રાખવા તથા વેચાણ કરવા માંગતા હોય તેમણે જસ્રી કાર્યવાહી કરવી.

ફટાકડા (દારુખાનુ) રાખવા તથા વેચાણ માટે સુરક્ષિત મકાનમાં અને ફટાકડા (દારુખાનુ) સળગી ન ઉઠે તે રીતે ત્રણ બાજુથી બંધ હોય તેવા સિમેન્ટ કે ગેલ્વેનાઈઝનાં પતરાનો કામચલાઉ શેડ કરવાનો રહે છે.

ફટાકડા (દારુખાનુ) રાખવા નિયત થાય તે જગ્યા પર આ શેડ તૈયાર કરી ફટાકડા (દારુખાનુ) રાખવા તથા વેચાણ કરવા માટે નિયત નમૂના નં.એલ.ઈ.૦૫ ફોર્મ નં.એ.ઈ.૦૫ માં અરજી કરી લાયસન્સ મેળવવું ફરજિયાત છે.

આથી લાયસન્સ મેળવવા માંગતા હોય તેમણે નિયત નમૂનાનું આ ફોર્મ ધારી અને ખાંભા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, ધારી પ્રાંત કચેરી મુ.ધારી જિ.અમરેલી ખાતે તા.૧૫/૦૯/૨૦૨૫ સુધીમાં ચાર નકલમાં મોકલવું. જેમાં અરજી ફોર્મ નં.એ.ઈ.૦૫ માં અરજી કરવા સાથે તમામ વિગતો સચોટ રીતે સુવાચ્ય હોય તેમ કરવું., અરજી પર અરજદારશ્રીએ પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો એક ફોટોગ્રાફ અચૂક લગાડવો., આ અરજી પર રુ.૦૩ ની કોર્ટ ફી સ્ટેમ્પ અચૂક લગાડવી.

અરજી પર લાઈસન્સ ફી રૂા.૯૦૦/- (અંકે રૂપિયા નવસો પૂરા) ''૦૦૭૦-૬૦-૧૦૩-૦૦'' (અન્ય વહીવટી સેવાઓ, રિસીપ્ટ અંડર એક્સ્પ્લોઝીવ્સ એક્ટ વિગેરે) સદરે ચલણથી સરકારમાં જમા કરાવી અરજી સાથે અસલ ચલણ ફરજિયાત સામેલ રાખવું.

અરજદારએ સૂચિત સ્થળનાં બ્લુ પ્રિન્ટ નકશામાં સહી કરી અરજી સાથે ૦૪ (ચાર) નકલમાં સામેલ રાખવા.

સૂચિત સ્થળ માલિકી / ભાડા હક્કે ધરાવતાં હોવા અંગેનાં આધાર પુરાવાઓ બિનચૂક સામેલ રાખવા.

આ અંગે વિગતવાર માર્ગદર્શન મેળવવા ધારી પ્રાંત કચેરીનો સંપર્ક કરવા જણાવેલ છે.




**તા.૨૪-૮-૨૦૨૫ રવિવાર**

| | |
|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૫ |
| **તિથી** | ભાદરવા શુદ એકમ રામદેવપીરના નોરતા શરૂ |
| **નક્ષત્ર** | પુર્વાફાલ્ગુનીયોગ |
| **યોગ** | શિવ **કરણ:** બાલવ |
| **સુર્યોદય** | ૬.૨૮ **સુર્યાસ્ત:** ૭.૧૧ |
| **ચંદ્ર રાશી** | સિંહ |
| **રાશિ અક્ષર** | મ.ટ |
| **દિશાશૂળ** | પશ્ચીમ દિશા તરફ |
| **રાહુકાળ** | સાંજે ૪.૩૦ થી ૬ |
| **દિવસનાચોઘડીયા** | ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ |
| **રાત્રીનાચોઘડીયા** | શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૨૫ થી ૧.૧૬ |

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -૭૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | ૮ | ૧ | | | | | |
| ૯ | ૧ | | | | ૪ | ૩ | | ૭ |
| | ૨ | ૬ | | | | ૯ | | ૮ |
| | ૬ | | ૪ | ૩ | | ૧ | | ૫ |
| ૫ | | ૯ | | ૧ | ૭ | | ૬ | |
| | | | | | | | | |
| | ૪ | | | | ૧ | | | |
| | | ૩ | ૭ | ૬ | ૯ | | ૮ | |
| | ૯ | | | | | | ૭ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૭૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૮ | ૨ | ૫ | ૧ | ૭ | ૬ | ૪ | ૩ |
| ૪ | ૭ | ૧ | ૬ | ૮ | ૩ | ૫ | ૯ | ૨ |
| ૫ | ૩ | ૬ | ૪ | ૨ | ૯ | ૮ | ૧ | ૭ |
| ૨ | ૫ | ૮ | ૭ | ૪ | ૧ | ૩ | ૬ | ૯ |
| ૩ | ૪ | ૯ | ૨ | ૬ | ૫ | ૧ | ૭ | ૮ |
| ૬ | ૧ | ૭ | ૩ | ૯ | ૮ | ૨ | ૫ | ૪ |
| ૮ | ૬ | ૩ | ૧ | ૭ | ૪ | ૯ | ૨ | ૫ |
| ૧ | ૯ | ૪ | ૮ | ૫ | ૨ | ૭ | ૩ | ૬ |
| ૭ | ૨ | ૫ | ૯ | ૩ | ૬ | ૪ | ૮ | ૧ |

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૩-૦૮-૨૦૨૫ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (મીઠાડા મહેમાન)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કઢી પકોડા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.પ્રફુલ કામાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૧૨:૦૦ પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ ભવ્યાતિભવ્ય ઉત્સવ (માંડવી ચોક દેરાસર)લાઈવ

**તારીખ ૨૪-૦૮-૨૦૨૫ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (વશ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી શખ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ :આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દેવેન્દ્ર દેકિવાડિયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૫ ગુજરાતી નાટક (જૂઠુ બોલો જલસા કરો)
૦૭:૦૫ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૧૨:૦૦ પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ ભવ્યાતિભવ્ય ઉત્સવ (માંડવી ચોક દેરાસર)લાઈવ

**તારીખ ૨૫-૦૮-૨૦૨૫ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૪.૮.૨૦૨૫, રવિવાર, સંવંત ૨૦૮૧, ભાદરવા સુદ એકમ, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, શિવ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ સિંહ (મ,ટ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** પરિસ્થિતિ ધીમે ધીમે તરફેણમાં આવે, વિદ્યાર્થીવર્ગ એકાગ્રતાથી આગળ વધી શકે, સફળતા મળે, શુભ દિન.

**વૃષભ (બ,વ,ઉ) :** નવી વસ્તુની ખરીદી કરી શકો, સુખ સગવડના સાધનો વસાવી શકો, દિવસ આનંદદાયક રહે.

**મિથુન (ક,છ,ઘ) :** કાર્યમાં સફળતા મળતી જણાય, ભાઈ ભાંડુ સુખ સારું રહે, સામાજિક કાર્ય કરી શકો, શુભ દિન.

**કર્ક (ડ,હ) :** પોઝિટિવ વાણીનો મહિમા સમજી શકો, તમારા સૌમ્ય વાણી-વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

**સિંહ (મ,ટ) :** આજના દિવસે કામકાજમાં સફળતા મળે, તમારા ક્ષેત્ર માં આગળ વધી શકો, પ્રગતિ થાય.

**કન્યા (પ,ઠ,ણ) :** કાર્યમાં થોડો વિલંબ થતો જોવા મળે, બિનજરૂરી વિવાદો ટાળવા, બોલવા માં કાળજી રાખવા સલાહ છે.

**તુલા (ર,ત) :** નવા સંબંધોમાં અને વર્તુળમાં સારું રહે, સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**વૃશ્ચિક (ન,ય) :** નોકરિયાતવર્ગે કાળજી રાખવી પડે, સ્ત્રી વર્ગ નેમધ્યમ રહે, ધીમી પ્રગતિ જોવા મળે, સુંદર દીવસ.


**ધન (ધ,ભ,ફ,ઢ) :** ઈષ્ટદેવના સ્મરણથી કાર્ય પાર પડે, નસીબ સાથ આપે,ધીમે-ધીમે પરિસ્થિતિ તરફેણ માં આવે.

**મકર (ખ,જ) :** કેટલીક બાબતો મનમાં ખુચ્યા કરે, માનસિક વ્યગ્રતા જણાય, મનનું ધાર્યું ના થાય, મધ્યમ દિવસ.

**કુંભ (ગ,સ,શ) :** રાજનીતિમાં અને જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, શુભ દિન.

**મીન (દ,ચ,ઝ,થ) :** જીવન પદ્ધતિમાં ફેરફાર કરવાની જરૂરત જણાય, તબિયતની કાળજી લેવી, ખાવા પીવામાં કાળજી લેવી, મધ્યમ દિવસ.


# પર્યુષણ પર્વના ત્રીજા દિવસે અલૌકિક શણગાર સાથે પ્રભુના દર્શન



## મહાવીર સ્વામીને સોનાં-ચાંદી સાથે હીરા, મોતી મનમોહક આંગી

પ્રહલાદ પ્લોટ દેરાસરમાં નાયક મહાવીર સ્વામીને વિશેષ મનમોહક આંગીનો શણગાર કરવામાં આવ્યો હતો. આ શણગારમાં સોનાં બાદલો ચાંદીનું વરખ ડાયમંડ સાથે હીરા, મોતી અને ફૂલ ,રેશમ દોરીનો અલૌકિક સૌંદર્ય ઝળક્યુ હતું

ભકતોએ સ્વામીના આ અનન્ય શણગારના દર્શન કરી આધ્યાત્મિક આનંદનો અનુભવ કર્યો



## શ્રમજીવી કાચ જિનાલયમાં સુમતીનાથ દાદાને અલૌકિક આંગી

શ્રમજીવી કાચ જિનાલય ખાતે સુમતીનાથ દાદાને અનોખા આભૂષણ શણગારમાં વિભૂષિત કરવામાં આવ્યા. રેશમથી રચાયેલી માળાઓ, સુગંધિત પુષ્પો, હીરા અને રત્નજડિત મુકુટથી દાદાના દર્શન દિવ્ય આભાથી ઓતપ્રોત થયા હતા.

અગણિત ભકતોએ આ ભવ્ય શણગારના દર્શન કરી અલૌકિક આનંદનો અનુભવ કર્યો.




## પટ્ટણી જિનાલયમાં મુનેશ્વર ભગવાને રેશમ વર્ક, હાર અને ચાંદીના મુકુટથી ઝળહળ્યા દિવ્ય દર્શન

પટ્ટણી જિનાલય ખાતે મુનેશ્વર ભગવાનને વિશેષ આંગી શણગાર કરવામાં આવ્યો. આ શણગારમાં રેશમ વર્કથી સજાવટ કરાયેલા હાર, સુગંધિત પુષ્પો અને મોતીની માળાઓ સાથે ચાંદીના મુકુટથી ભગવાનના દર્શન અદભુત સૌંદર્યથી ઝળહળ્યા હતા.

# ગુરૂને શરણાધિન બનીને પ્રતિજ્ઞા ગ્રહણ કરનારાઓનો અહંકાર તુટી જાય: નમ્રમુનિ

## ગિરનારે નમ્રમુનિ મ.સા. મનના વિચારોનું પ્રતિક્રમણનો પરમ હિતકારી બોધ પ્રસરાવી પાપ મુકિતનો માર્ગ દર્શાવ્યો





**અબતક, રાજકોટ**

વિચારોના પ્રતિક્રમણ સાથે મનનું શુદ્ધિકરણ કરીને આખો સંસાર જીતી જવાની પાવન પ્રેરણા પ્રસારી રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબે ગિરનાર ધરા પર પર્યુષણ મહાપર્વના તૃતીય દિવસ પર દર્શાવેલા પાપમુક્તિના માર્ગને પામીને ભારતના ખૂણે ખૂણેથી જોડાએલાં ભાવિકોની સાથે વિદેશના ૧૦૦થી વધુ દેશોના મળીને હજારો ભાવિકો ધન્યાતિધન્ય બની ગયાં હતાં.

સેકન્ડમાં લાખમાં ભાગમાં એક નાનકડો વિચાર પ્રગટાવીને જીવની આખી ભવ પરંપરાને બદલાવી નાખનારા એવા જગતના સૌથી પાવરફુલ એવા અંતરમનને જીતે તે આખો સંસાર જીતી જાય અને મનને જે હારે તે આખો સંસાર હારી જાય છે. મન બગડે તો ક્ષણમાં જીવ દુર્ગતિગામી બની જાય, મન શુદ્ધ થાય તો ક્ષણમાં જીવ મોક્ષગામી બની શકે.

એવા મનને જીતી જવાનો, મન પર કંટ્રોલ કરવાનો સર્વોત્તમ ઉપાય પરમાત્માએ દર્શાવ્યો છે, 'ગુરુમુખેથી ગ્રહણ કરેલી પ્રતિજ્ઞા'. ગુરુ પરમાત્માના શરણમાં શરણાધિન બનીને પ્રતિજ્ઞા ગ્રહણ કરનારાનો અહંકાર તૂટી જાય, અંદરની ઈચ્છાઓ છૂટી જાય.

જે મનનું પ્રભુ ચરણમાં ઈચ્છાવિહીન ન-મન થઈ જાય તેનું મન, પરમાત્માના મન સાથે એકાકાર બની જાય. એ મન પરમાત્માની જેમ નિર્ભય બની જાય. જે સરન્ડર હોય પ્રભુ શરણે તેને કોઈ ડર ન હોય.

પરમાત્મા કહે છે, પ્રભુ ચરણમાં શરણાધિન હોય તેને કોઈ ભય ન હોય, જેને ભય હોય તે પ્રભુ શરણમાં શરણાધિન ન હોય. ભગવાનથી અને ભગવાનના ગુણોથી દૂર લઈ જનારું તત્ત્વ તે ભય હોય. માટે જેને ભગવાનની સમીપ જવું હોય, જેને ભગવાન બનવું હોય તેને ભયમુકત બનવું પડે.

પરમ ગુરુદેવના આવા સદબોધ સાથે આ અવસરે અંતર મનમાં ચાલતાં વિચારોને શાંત કરવાની પ્રેરણા આપતાં અનોખા લાઈવ પ્રયોગ અને પ્રેરણાત્મક નાટિકા સંગ્રામ સે સિદ્ધિના અદભૂત દ્રશ્યોએ પ્રતિજ્ઞાના સંગે કલ્યાણનો યોગ પામી લેવાની પ્રેરણા પામી સહુના અંતર મનને જાગૃત કરી દીધાં હતાં.હૃદયધરાને ઢંઢોળી દેનારા આવા કાર્યક્રમોમાં ભીંજાઈ ધન્ય બની રહેલા હજારો ભાવિકોની સાથે રાત્રિના સમયે આયોજિત ગ્લોબલ પર્યુષણ અંતર્ગત પરમ ગુરુદેવના શ્રીમુખેથી વહેતી કલ્યાણકારી પ્રવચનમાળા અને મધુર ભક્તિ સ્તવનામાં વિદેશના અનેક દેશોમાં સ્થાપિત પારસધામ સેન્ટર્સ સાથે જોડાએલાં હજારો એન.આર. આઈ. ભાવિકો આત્મબોધ પામી અંતરશુદ્ધિ કરી રહ્યાં છે.

અંતરશુદ્ધિના આ અવસરોમાં પધારવા ચાતુર્માસ લાભાર્થી માતુશ્રી કાશ્મિરાબેન કાંતિભાઈ શેઠ પરિવાર સહુને ભાવથી આવકારી રહ્યાં છે.

### કાલે ત્રિશલા માતાના ૧૪ સ્વપનાના દિવ્ય દર્શને, ભક્તિ-નૃત્ય કીર્તના સાથે પ્રભુ જન્મોત્સવના વધામણા લઈને જન્મારો સાર્થક કરશે

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વનો પંચમ દિવસ,રવિવારે તીર્થ ભૂમિ ગિરનારની ધન્ય ધરા પર સર્જાશે ભવ્યતા, દિવ્યતા અને ધન્યતાનો ત્રિવેણી સંગમ!

પ્રભુ નેમ દરબારના રજવાડી શામિયાણામાં ઝૂમઝૂમ કરતી પધારશે પ્રભુ મહાવીરના માતા ત્રિશલા દેવીના ૧૪ મહાસ્વપનોની દિવ્ય વણઝાર! જેના પાવનદર્શને કૃતકૃત્ય બનશે વિશાળ જન સમુદાય અને, સર્જાશે એવી એ પવિત્ર પાવન ક્ષણ જ્યારે સાક્ષાત પ્રભુ પધાર્યાની અનુભૂતિ કરાવતી કર્ણપ્રિય ભક્તિ સ્તવનાના સૂરો સાથે નૃત્ય - ભક્તિ- કીર્તનામાં ભીંજાએલાં ભાવિકો ભગવાન મહાવીર જન્મોત્સવના ભવ્યાતિભવ્ય વધામણા લઈને આનંદ, ઉત્સાહ અને હર્ષવિભોર બનીને પ્રભુને પારણીયે ઝૂલાવી જન્મારાની ધન્યતા અનુભવશે.જે આજે પ્રભુનો જન્મોત્સવ ઉજવે તે ભવિષ્યમાં પ્રભુ પરિવારમાં જન્મ પામવાની નિયતિનું સર્જન કરી દેતા હોય છે. આવી નિયતિનું સર્જન કરવા સર્વ ધર્મપ્રેમી ભાવિકો પધારો ગિરનારે, પ્રભુ નેમ દરબારે. રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબના પાવન સાંનિધ્યે પ્રભુ ભક્તિના ઝૂલે ઝૂલવા આમંત્રિત કરી રહ્યાં છે.

# મેકઅપની ઉંમરમાં ધર્મ કરી લેવો, ચેક અપની ઉંમરમાં તો કશું થઇ શકવાનું નથી: ધીરગુરુદેવ

## પર્વાધિરાજ પર્યુષણનો સંદેશ છે કે જેને તમે જીવન આપી શકતા નથી. તેને મારવાનો તમને કોઇ અધિકાર નથી: વેરથી વેર વધે જગમાં, પ્રેમથી પ્રેમ વધે જીવનમાં



**અબતક, રાજકોટ**

પર્યુષણના કર્તવ્ય છે કે, રોજ પ્રભુભકિત, સામાયિક વ્રતનું આરાધન, જિનવાણી શ્રવણ, પ્રતિક્રમણ આરાધના તેમજ સાધર્મિક ભકિત, સુપાત્ર દાન ભકિત, વૈયાવચ્ચ ભકિતમાં જોડાઇ રહેવું.

જિંદગીનો કપરો સમય વોશીંગ મશીન જેવો છે માનવીને ગોળ ગોળ ઘુમાવે, નીચોવી નાખે, પટકી દે, આવી જ દશા છે ને ! મશીન તો હજી સારું, કપડાને સ્વચ્છ, ઉજજવલ, સફેદ બનાવે, એમ સંકલ્પ - વિકલ્પની ઘટમાળમાંથી બહાર આવશો તો શુદ્ધિ થયા વિના રહેશે નહિ. મેકઅપની ઉમરમાં ધર્મ કરી લેવો. ચેક અપની ઉંમરમાં તો કશું થઈ શકવાનું નથી !!!

આજે માણસ રંગીન મકાનમાં વસવા છતાં ગમગીન છે. કેમ કે સમજ સંગીન નથી. મુખ પર પ્રસન્નતા સદાય હોવી જોઈએ. તમારી પાસે કાંઈ ન હોય તો પણ પ્રસન્નતાથી સહજ જીવન બનાવી દો.

તમે પૈસાને જિંદગી ન બનાવો પણ જિંદગીની આવશ્યકતાની પૂર્તિ માટે પૈસા કમાઓ.

વૃત્તિમાં વૈરાગ્ય, પ્રવૃત્તિમાં વિવેક અને કેન્દ્રમાં આત્મા આવે ત્યારે જીવન જીતી શકાય ન ધારેલું બને ધારેલું કાંઈ પણ ન થાય તેનું નામ સંસાર, માટે નજર હંમેશા પ્રક્રિયા તરફ નહિ પરિણામે તરફ રાખો. ભીતરના ક્રોધ, માન, માયા, લોભનું ચેકઅપ કરવા માટે પર્યુષણ પધાર્યા છે. જો જો વાત વાતમાં રહી ન જાય !

# કાલે પર્યુષણ પર્વના પાંચમા દિવસે પ્રભુ મહાવીરના પ્રસંગોનું વર્ણન

## માતા ત્રિશલાના ચૌદ સ્વપ્નોમાં છુપાયેલો પ્રભુ મહાવીર સ્વામીના જીવનનો તેજસ્વી સંદેશ



**અબતક, રાજકોટ**

પર્યુષણ પર્વના પાંચમા દિવસે રવિવારે પ્રભુ મહાવીરના પ્રેરક પ્રંસગોનુ વર્ણન તથા ચૌદ સપનાનું મહત્ત્વ પ્રવચન દરમ્યાન સમજાવવામાં આવે છે. તીર્થંકર પ્રભુ મહાવીરની માતાને આવેલા ચૌદ મહા સ્વપ્નનું મહાત્મય અનેરૂં છે.

દરેક તીર્થંકરની માતાને ચૌદ મહા સ્વપ્ન આવે છે. માતા ત્રિશલા પોતાને આવેલા સપનાની વાત મહારાજા સિધ્ધાર્થને કરે છે. રાજા કૂશળ સ્વપ્ન પાઠકોને બોલાવી તેના અર્થને જાણે છે.

મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે પર્વાધિરાજ પર્યુષણ પર્વના પવિત્ર દિવસો ચાલી રહ્યાં છે.. ચાલો....આપણે પણ મહા સ્વપનાઓનું મહાત્મય જાણીયે....

(૧) હાથી : હે માતા... આપનો પુત્ર જગતમાં હાથીને જેમ નિર્ભય થઈને વિચરશે.

(૨) ઋષભ : આવનાર વીર પુત્ર તેના જ્ઞાન અને ચારિત્ર બળથી વિષય - કષાયરૂપી કાદવ - કીચડમાં સંસારમાં ફસાયેલા અનેક જીવોને બહાર કાઢશે.

(૩) સિંહ : આ શુરવીર પુત્ર સિંહની જેમ પરાક્રમી બની શાસનની ધુરા સંભાળશે. નીડર - નિર્ભય બનીને વિચરશે.

(૪) લક્ષ્મી : હે માતા ...આપનો પુત્ર ભૌતિક લક્ષ્મીનો ત્યાગ કરી શાશ્વતી એવી મોક્ષ લક્ષ્મી ને વરશે.

(૫) પુષ્પની બે માળા : આવનાર બાળક મોટો થઈ આગાર અને અણગાર ધર્મ સમજાવી તીર્થની સ્થાપના કરશે.

(૬) ચંદ્ર : હે માતા... આપનો પુત્ર ચંદ્ર સમાન શીતળ તેમજ સૌમ્ય હશે.

(૭) સૂર્ય : આવનાર બાળક જગતમાંથી મિથ્યાત્વના અંધારા દૂર કરી સૂર્ય સમાન તેજસ્વી - ઓજસ્વી બનશે.

(૮) ધજા : જેમ મંદિર પર રહેલી ધજાથી દૂરથી ખ્યાલ આવે છે તેમ આપના પુત્રની પણ યશ કીર્તિ દૂર - સુદૂર ફેલાશે.

(૯) કળશ : અમૃતના કળશમાંથી જેમ અમૃતપાન કરાવી શકાય તેમ આપનો લાલ...જિનવાણી રૂપી જ્ઞાનામૃત પીવડાવશે.

(૧૦) પદ્મ સરોવર : શુભ અને પ્રેમનું પ્રતિક છે, આવનાર બાળક જ્યાં પણ જશે પ્રેમ અને પ્રસન્નતા ફેલાવશે.

(૧૧) ક્ષીર સમુદ્ર : હે માતા...તમારો પુત્ર સમુદ્રની જેમ અનેક જીવાત્માનો આધાર બનશે.

(૧૨) દેવ વિમાન : સદ્દગતિનું પ્રતિક છે. હે માતા... તમારૂ સંતાન અનેકના સદ્ ગતિનું નિમિત્ત બનશે અને સ્વયં સિદ્ધ ગતિને વરશે.

(૧૩) રત્ન રાશિ : ભૌતિક સમૃદ્ધિને પ્રગટ કરવા માટે જેમ લક્ષ્મીનું મહત્વ છે એવી રીતે આત્મિક ગુણોને પ્રગટ કરવા રત્ન રાશિનું મહત્વ છે.

(૧૪) અગ્નિ: હે...રત્નકુક્ષિણી માતા...જેવી રીતે અગ્નિ પ્રજવલિત થવાથી અંધારું ચાલ્યું જાય છે. તેમ આપનો લાડકવાયો કેવળ જ્ઞાન અને કેવળ દર્શનને પ્રાપ્ત કરી દુનિયાનો પ્રકાશનો પૂંજ અને તારણહાર બનશે.

**- સંકલન : મનોજ ડેલીવાળા**

# ઉપલેટા: હિન્દુ-મુસ્લિમના તહેવારોને લઇને પોલીસ દ્વારા શાંતિ સમિતિની બેઠક યોજાઇ



**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટા શહેરમાં આગામી દિવસોમાં હિન્દુ-મુસ્લિમ સમાજના ધાર્મિક તહેવારો શાંતિપૂર્ણ રીતે ઉજવાય તે અંતર્ગત ઉપલટા પોલીસ દ્વારા શાંતિ સમિતિની મીટીંગ પોલીસ સ્ટેશન ખાતે બોલાવવામાં આવી હતી. ઉપલેટાના પીઆઈ બી. આર. પટેલના અધ્યક્ષ સ્થાને હિન્દુ-મુસ્લિમ સમાજના તહેવારો ગણપતિ ઉત્સવ અને બારમી શરીફ અંતર્ગત શાંતિ સમિતિની મીટીંગ મળી હતી. તેમાં બંને શાંતિપૂર્ણ રીતે આ તહેવારની ઉજવણી ભાઈચારાની ભાવનાથી થાય અને શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેવી તાકેદ કરી હતી. આ શાંતિ સમિતિની મિટિંગમાં પૂર્વ નગરપતિ દાનભાઈ ચંદ્રવાડીયા, ઉત્તમભાઈ ઠુંમર, ભરતભાઈ સોજીત્રા, સમસ્ત મેમણ જમાતના પ્રમુખ હાજીભાઈ શિવાણી, પૂર્વ પ્રમુખ હનીફભાઈ કોડી, સિરાજ દાઉદ શેખ, ઈશાકભાઈ વાયરમેન સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.


## પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન

**વિવિધ એન્જિનિયરીંગ કામ**

ઈ-ટેન્ડર નોટીસ નં. ૩૦ વર્ષ ૨૦૨૫-૨૬ | તારીખ : ૨૦-૦૮-૨૦૨૫

| અનું. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | NITની અંદાજીત પડતર (₹) | અર્નેસ્ટમની (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૫-૨૬-E-૦૩R૧ | રાજકોટ ડિવિઝન :- ઓખા :- ટાઈપ-II ક્વાર્ટર્સ (૧૬ નંગ) નું બદલીકરણ. | ૩,૨૭,૬૪,૬૯૦.૫૪ | ૩,૧૩,૮૦૦.૦૦ |
| ૦૨ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૫-૨૬-E-૪૭R | રાજકોટ ડિવિઝન : LC ગેટ નં. ૨૦, ૨૭ અને ૩૩ (વાંકાનેર-નવલખી સેક્શન) ખાતે જૂના પોર્ટા કેબિન/ લોકેશન બોક્સીઝ થી નવી LC ગેટ કુટીર સુધી S&T ગીયર્સનું સ્થળાંતર કરવા દ્વારા ભરોસાપાત્રતા સુધારણા. | ૫૩,૧૮,૬૨૮.૯૦ | ૧,૦૬,૪૦૦.૦૦ |
| ૦૩ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૫-૨૬-E-૪૯R | રાજકોટ ડિવિઝન : LC ગેટ નં. ૭૧ અને ૭૫ x (વાંકાનેર-નવલખી સેક્શન) અને LC ગેટ નં. ૭ અને ૯ (દહીસરા-વાવણીયા સેક્શન)ખાતે જૂના પોર્ટા કેબિન/લોકેશન બોક્સીઝ થી નવી LC ગેટ કુટીર સુધી S&T ગીયર્સનું સ્થળાંતર કરવા દ્વારા ભરોસાપાત્રતા સુધારણા. | ૯૮,૬૧,૭૨૯.૨૭ | ૧,૯૭,૨૦૦.૦૦ |

**ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** ૧૨-૦૯-૨૦૨૫ ના ૧૫:૦૦ કલાકે. **ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત-૩૬૦ ૦૦૧. **વેબસાઈટ:** www.ireps.gov.in

RJT-103

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



**HINDUJA HOUSING FINANCE**

કોર્પોરેટ ઓફિસ : નં. ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ સૈંદાપેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૫
બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફકો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ,
પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શિવરંજની ચાર રસ્તા પાસે સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
સૌરભકુમાર નાપીત મો. ૭૮૭૪૮૨૮૭૮૯, વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, હીતેષકુમાર પટેલ મો.૭૦૪૮૩૩૬૬૦૧
સુશીલ ચૌધરી મો. ૮૧૧૮૮૧૮૧૬૦, નિતીન સમુદ્રે મો. ૮૧૨૮૩૧૦૬૭૮, શિવમ મિશ્રા મો. ૯૦૩૩૦૧૫૨૭૭
ઇ-મેલ: auction@hindujahousingfinance.com

**સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી જાહેર સૂચના ઈ-હરાજીથી વેચાણ નોટીસ**

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની સાથે વંચાણે લેતા સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ના રૂલ ૮(૬)ની જોગવાઈ હેઠળની ઈ-ઓકશન સેલ નોટીસ આવી જાહેર જનતાને અને ખાસ નીચે જણાવેલા દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર હિન્દુજા હાઉસીંગ ફાયનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ દેવાદાર(રો) પાસેથી લેણી રકમની વસુલાત માટે સાંકેતિક કબજો લીધેલી નીચે જણાવેલી સ્થાવર મિલકતનોનું વેચાણ કરવા માટે ઈચ્છુક બિડર્સ પાસેથી સીલબંધ કવરમાં નીચે જણાવેલી સાંકેતિક કબ્જાવાળી મિલકતો માટે - જ્યાં છે ત્યાં છે ધોરણે, જેમ છે જે છે ના ધોરણે અને જે છે ત્યાં છે ના ધોરણે ઓફરો મંગાવે છે. જેની વિગતો મુજબ છે :

| નં. | ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારોના નામ | લોન ખાતા નં. | ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ | પજેશનની તારીખ અને પ્રકાર | મિલકતના નિરીક્ષણની તારીખ, સમય અને ઈએમડી તારીખ | રીઝર્વ કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી-રકમ ૧૦% પ્રમાણે) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ઉધારકર્તા : શ્રી શૈલેષભાઈ મકવાણા સહ-ઉધારકર્તા : શ્રીમતી જશુબેન મકવાણા શ્રી યોગેશ મકવાણા | GJ/RJK/LMDK/A000000145 | તા. ૨૭/૦૨/૨૦૨૫ રૂા. ૯,૭૪,૫૫૪/- | ૧૮.૦૭.૨૦૨૫ સાંકેતીક કબજો | ૦૯.૦૯.૨૦૨૫ સમય ૧૧.૦૦ થી ૨.૦૦ | રૂા. ૧૦,૨૮,૭૦૦/- | રૂા. ૧,૦૨,૮૭૦/- |
| | **સ્થાવર મિલકતનું વર્ણન/સિક્યોર્ડ એસેટ્સ :** ગુજરાત રાજ્યના **રાજકોટ તાલુકા** અને જિલ્લાના આનંદપર (નવાગામ) ગામ ખાતે આવેલ રહેણાંક ફ્લેટ નં. ૧૦૨ સ્થાવર મિલકતના બધા ટુકડાઓ અને પાર્સલ. જેમાં બિલ્ટ-અપ વિસ્તાર ૩૦-૩૩ ચોરસ મીટર પહેલા માળે "શ્રી સોમનાથ રેસીડેન્સી" ના "વિંગ-ડી" તરીકે ઓળખાતી બિલ્ડીંગમાં પ્લોટ નં. ૪૩ થી ૫૭/૨ ના સબ-પ્લોટ નં. ૪૩ થી ૫૭/૨ ના ચોરસ મીટર ૧૭૨૯-૪૫ આરએસ નં. ૨૮પી પર આવેલ જેની ચતુ:સીમા આ મુજબ છે; ઉત્તર ખુલ્લો પછી ફ્લેટ નં. ૧૦૧ વિંગ-બી, દક્ષિણ ફ્લેટ નં. ૧૦૧, પૂર્વ: પેસેજ અને લિફ્ટ, પશ્ચિમ: ખુલ્લો પછી ફ્લેટ નં. ૧૦૩ વિંગ-સી. | | | | | | |
| 2 | ઉધારકર્તા : શ્રીમતી મંજુબેન ઉઘરેજીયા સહ-ઉધારકર્તા : શ્રી જીવરાજભાઈ ઉઘરેજીયા | GJ/RJK/LMDK/A000000159 | તા. ૨૭/૦૨/૨૦૨૫ રૂા. ૧૨,૦૫,૯૧૨/- | ૧૮.૦૭.૨૦૨૫ સાંકેતીક કબજો | ૦૯.૦૯.૨૦૨૫ સમય ૧૧.૦૦ થી ૨.૦૦ | રૂા. ૧૪,૪૩,૦૦૦/- | રૂા. ૧,૪૪,૩૦૦/- |
| | **સ્થાવર મિલકતનું વર્ણન/સિક્યોર્ડ એસેટ્સ :** ગુજરાત રાજ્યના તાલુકા જસદણ અને **જિલ્લો રાજકોટના** રેવન્યુ સર્વે નં. ૧૨૫૭પીપ/પી૧/પી૧/પી૧ ના પ્લોટ નં. ૩૫ ના એનએ જમીન ૮૨-૫૧ ચો.મી. ધરાવતી સ્થાવર મિલકતના બધા ટુકડાઓ અને ટુકડાઓ ઉપરોક્ત મિલકત જેની ચતુ:સીમા આ મુજબ છે; ઉત્તર: સર્વે નં. ૧૨૫૭ ની જમીન, દક્ષિણ: પ્લોટ નં. ૩૪, પૂર્વ: રોડ, પશ્ચિમ: સર્વે નં. ૧૨૫૭ ની જમીન | | | | | | |

શરતો અને નિયમો : ૧. બંધ કવરમાં બીડ/ઓફર મોકલવાની છેલ્લી તારીખ નિશ્ચિત ટેન્ડર ફોર્મસ સાથે ઈએમ્ડી અને કેવાયસી સાથે **તા. ૨૬-૦૯-૨૦૨૫ ના રોજ ૫.૦૦ વાગ્યા પહેલા** ઉપર જણાવેલા સરનામે મોકલવાના રહેશે અથવા આ વેબ સાઈટ ઉપર અપલોડ કરી શકાય: https://bankeauctions.com અધુરા ટેન્ડર કે વિતી મુદતે મળેલા ટેન્ડર અમાન્ય ગણાશે અને તેથી તે રદ કરવામાં આવશે ઈએમડી પર કોઈ વ્યાજ આપવામાં નહીં આવે. ૨. મિલકત માટે બીડ/ઓફર ખોલવાની તારીખ (હરાજીની તારીખ): **૨૭-૦૯-૨૦૨૫ ના** https://bankeauctions.com ઉપર **બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાકે** ટેન્ડર ખોલવામાં આવશે. ૩. ઉપર જણાવેલી મિલક્ત પર રહેલી કોઈ પણ પ્રકારની જવાબદારીઓ માટે હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ જવાબદાર રહેશે નહીં મિલકતનું વેચાણ જયાં છે ત્યાં છે ધોરણે, જેમ છે જે છે ના ધોરણે અને જે છે ત્યાં છે ના ધોરણે કરવામાં આવશે.૪ . ડીમાન્ડ ડ્રાફ્ટ હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડની તરફેણમાં નાવવાનો રહેશે.૫. ઓકશન/બીડીંગ માત્ર ' ઓન લાઈન ઈલેક્ટ્રોનિક બીડીંગ દ્વારા જ http://bankeauctions.com ઉપર થશે.બીડરોને વેબસાઈટની મુલાકાત લઈ વિગતવારનિયમો અને શરતો જાણી લીધા બાદ જ ઓકશન પ્રક્રિયામાં ભાગ લેવાની સલાહ છે.૬. રસ ધરાવનાર બીડરોએ તેમના નામ સર્વિસ પ્રોવાઈડર મે.સી વન પ્રા.લિ.ના પોર્ટલ ઉપર મળનારી લીંક https://bankeauctions.com/registration/ sinup ઉપર નોંધાવી તેમના યુઝર આઈડી, પાસવર્ડ વિના મુલ્યે મેળવી લેવા, સંભવિત બીડરો ઈ-ઓકશન માટેની ઓન લાઈન તાલીમ પણ સર્વિસ પ્રોવાઈડર મે.સી વન ઈન્ડિયા પ્રા.લિ. ની વેબસાઈટ https://bankeauctions.com ઉપરથી મેળવી શકશે.૭. વધુ જાણકારી માટે હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી શ્રી સૌરભકુમાર નાપિત સંપર્ક નં. ૭૮૭૪૮૨૮૭૮૯ શ્રી હિતેશકુમાર પટેલ સંપર્ક નં.: ૭૦૪૮૩૩૬૬૦૧ શ્રી નીતિન સમુન્દ્રે સંપર્ક નં.: ૮૧૨૮૩૧૦૬૭૮ અથવા સર્વિસ પ્રોવાઈડર મેસર્સ સી ૧ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ, પ્લોટ નંબર-૬૮,૩જી ફ્લોર સેક્ટર ૪૪ ગુડગાંવ હરિયાણા-૧૨૨૦૦૩ (સંપર્ક નં. ૭૨૯૧૯૮૧૧૨૪,૨૫,૨૬) નો સંપર્ક કરી શકે છે. સપોર્ટ ઇમેઇલ- Support@bankeauctions.com, શ્રી ભાવિક આર પંડયા મોબ. ૮૮૬૬૬૮૨૯૩૭. ઇમેઇલ કરો: Gujarat@clindia.com. હજુ સુધી હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ના અધિકૃત અધિકારીને સુરક્ષિત મિલકતોના વેચાણ અટકાવવાનો કે ફેરફાર કરવા અંગેનો કોઈ કોર્ટનો આદેશ મળ્યો નથી.૮. વધુ માહિતી તથા નિયમો અને શરતો અને વેચાણ માટેના નિયમો અને શરતો માટે ની માહિતી વેબસાઈટ https://bankeauctions.com ઉપરથી મેળવી શકશે.૯. ઓક્સન માં બોલી વધારાની રકમ રૂ.૧૦૦૦૦/- રહેશે.

સ્થળ : રાજકોટ
તારીખ : ૨૩.૦૮.૨૦૨૫

નોંધ : વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.

અધિકૃત અધિકારી,
હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

તંત્રી લેખ

# દુંદાળા દેવનું સ્થાપન કરો લક્ષ્મીજીની કૃપા મેળવો

રાજ્યમાં સાંસ્કૃતિક વારસા અને પરંપરાગત લોક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે 'શ્રેષ્ઠ શ્રી ગણેશ પંડાલ પ્રતિયોગિતા-૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે.ગણેશ ઉત્સવને સુયોગ્ય ધાર્મિક વાતાવરણ પૂરું પાડવા ઉપરાંત આ ઉત્સવને દેશભક્તિ અને સામાજિક જવાબદારી સાથે જોડવા રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.ઓપરેશન સિંદૂર'ના દેશભક્તિ પર આધારિત સુશોભન અને વડાપ્રધાનના 'સ્વદેશી'ના આહ્વાન અંતર્ગત સ્વદેશી વસ્તુઓના ઉપયોગ એમ બે થીમ આધારે પંડાલની પ્રતિયોગિતા યોજાશે.તમામ શહેરો અને જિલ્લાઓમાં શ્રેષ્ઠ ગણેશ પંડાલો પૈકી પ્રથમ ક્રમને રૂ. ૫ લાખ, દ્વિતીય ક્રમને રૂ.૩ લાખ અને તૃતીય ક્રમને રૂ.૧.૫૦ લાખ પુરસ્કાર અપાશે.

દેશમાં પ્રથમવાર આ પ્રકારની પહેલ છે. સ્વદેશી ચીજવસ્તુઓ પર ભાર મૂકવામાં આવશે અને 'ઓપરેશન સિંદૂર' જેવી દેશભક્તિની થીમ થકી સૈન્યનું મનોબળ વધુ મજબૂત થશે.

ગણેશ મહોત્સવ દરમિયાન રાજ્યભરમાં જે પંડાલ તૈયાર કરવામાં આવે છે તેને નિયત થીમ આધારે શ્રેષ્ઠ રીતે તૈયાર કરનાર જૂથને શહેર તથા જિલ્લા કક્ષાની અલગ અલગ ટીમો દ્વારા મૂલ્યાંકન કરી પ્રોત્સાહન આપવામાં આવશે. દેશમાં પ્રથમવાર આ પ્રકારનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પહેલથી સ્વદેશી ચીજવસ્તુઓ પર ભાર મૂકવામાં આવશે અને 'ઓપરેશન સિંદૂર' જેવી દેશભક્તિની થીમ થકી સૈન્યના મનોબળને મજબૂત કરી શકાશે. રાજ્યભરમાં શ્રેષ્ઠ શ્રી ગણેશ પંડાલોને કુલ રૂ. ૫૨.૫૦ લાખના રોકડ પુરસ્કારો એનાયત કરવામાં આવશે. શ્રી ગણેશ પંડાલના મૂલ્યાંકન માટે માપદંડ નિયત કરવામાં આવ્યા છે.

ચાર મહાનગરોમાં મ્યુનિસિપલ કમિશનરના અધ્યક્ષતામાં સમિતિ રચવામાં આવશે. અન્ય ૨૯ જિલ્લાઓમાં કલેક્ટરના અધ્યક્ષતામાં સમિતિનું ગઠન કરવામાં આવશે.હવે ભાવિકો હોંશભેર ગણેશજીની સ્થાપના કરશે અને લક્ષ્મીજીની અસીમ કૃપા મેળવશે.

ગુજરાતના રાજકારણમાં જવાહરભાઈ કંઈક નવાજૂની કરવાના મુડમાં?

# ભાજપના નેતા જવાહર ચાવડાએ આપની સભામાં હાજરી આપતા રાજકીય ચર્ચાઓનું વાવાઝોડુ

## રાજકીય કાર્યક્રમથી દૂર રહેતા જવાહરભાઈ ઓચિંતા આપની સભામાં પ્રગટ થતા રાજકીય ચર્ચામાં ગરમાવો

**અબ તક દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢના ભાજપના દિગજજ નેતા જવાહર ચાવડા કંઈક નવાજૂની કરે તેવા સંકેતો રાજકીય ગલીઓમાં ચર્ચાનો વિષય બન્યા છે. આપના પ્રદેશ નેતા પિયુષ પરમારની સભામાં ભાજપના પૂર્વ કેબિનેટ મંત્રી જવાહર ચાવડાએ હાજરી આપી હોય તેવા વીડિયો અને ફોટા વાયરલ થતા સોરઠના રાજકારણમાં ભારે ચર્ચાઓએ જોર પકડ્યું છે.

અમરાપુર જિલ્લા પંચાયત બેઠકમાં અવતા અકાળા અને વિરડી ગામે આપના પ્રદેશ નેતા પિયુષ પરમારની સભા યોજાઈ હતી. જેમાં ભાજપના દિગજજ નેતા અને પૂર્વ કેબિનેટ મંત્રી જવાહર ચાવડાએ હાજરી આપી હતી. જે ફોટા વાયરલ થતા આ બાબત રાજકીય ચર્ચાનો વિષય બન્યો છે, અને ગુજરાતમાં કંઈક નવાજૂની થાય તેવું જણાઈ રહ્યું છે.

અકાળા અને વિરડી ગામે પિયુષ પરમારની સભા યોજાય હતી, જેમાં જવાહર ચાવડાએ ખાસ ઉપસ્થિત રહી રાજકીય ચર્ચામાં વેગ આપ્યો છે. અને આ સભામાં જવાહર ચાવડાનું આપના નેતાઓ દ્વારા ઉષ્માભેર સ્વાગત પણ કરવામાં આવતા જવાહર ચાવડા ગુજરાતના રાજકારણમાં



કંઈક નવાજૂની કરે તેવા સંકેતો મળી રહ્યા છે.

વર્ષો સુધી કોંગ્રેસના ધારાસભ્ય તરીકે ચુંટાતા અને પ્રદેશ કક્ષાએ કોંગ્રેસમાં વજનદાર નેતા તરીકે રહેલા જવાહરભાઈ ચાવડાએ આ અગાઉ પણ ઓચિંતા જ કોંગ્રેસનો હાથ છોડી ભાજપ સાથે જોડાયા હતા. અને બાદમાં ભાજપ સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે સ્થાન મળ્યું હતું. ત્યારબાદ વિધાનસભાની ચૂંટણીમાં માણાવદર બેઠક પરથી જવાહરભાઈ ચાવડાની હાર થવા પામી હતી, રાજકીય કાર્યક્રમોમાં તેમની હાજરી નહીવત બની છે.

આ બાદ વિસાવદરની પેટા ચૂંટણી આવતા તેમાં પણ જવાહરભાઈ ભાજપના ચૂંટણી પ્રચારમાં કે સભામાં તેમની ઉપસ્થિતિ રહી ન હતી અને ચૂંટણી સમયે જ ભાજપના ચૂંટણી ચિન્હ દૂર કરી હું એક લોક સેવક છું અને મારી ઓળખ આ છે. તેવો એક વીડિયો વાયરલ કર્યો હતો. ત્યારે જ કંઈક નવા જૂનીના એંધાણ વર્તાયા હતા. અને બાદમાં વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપની હાર થઈ અને આપના ઉમેદવાર જીતતા જુનાગઢમાં જવાહરભાઈની જય જયકાર થઈ હતી. જેને લઈને આ બાબતે ભાજપમાં નારાજગી હતી.

જવાહરભાઈએ ઓચિંતા આપની સભામાં ઉપસ્થિત રહેતા ગુજરાતના રાજકારણમાં ચર્ચાઓએ જોર પકડ્યું છે અને આગામી દિવસોમાં ગુજરાતના રાજકારણમાં કંઈક નવા જુની થાય તેવું રાજકીય પંડિતો ચર્ચાઓ કરી રહ્યા છે.આ બાબતે અબ તક દ્વારા જવાહરભાઈની મનની વાત જાણવા પ્રયત્ન કરવામાં આવેલ હતો પરંતુ સંપર્ક થયો ના હતો.

# ગાંધીધામ: તાલીમી શિક્ષકોને સાયબર અવરનેશના પાઠ ભણાવાયા

## સાયબર ફ્રોડના બનાવોમાં કેવા પગલા લેવા જોઈએ સર્વ શિક્ષા અભિયાનમાં થઈ ચર્ચા



**અબતક, ભારતીય માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ બી.આર.સી. ભવનમાં સર્વ શિક્ષા અભિયાનમાં ચાલતી શિક્ષકોની તાલીમના તાલીમી શિક્ષકોને સાયબર ફ્રોડના બનાવોમાં કેવા પગલા લેવા જોઈએ તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

બી.આર.સી. ભવન ગાંધીધામ ખાતે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ચાલતી શિક્ષકોની તાલીમ માં સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં સાયબર ફ્રોડના નવા નવા એમઓ, જેમાં ડિજિટલ એરેસ્ટ, ઈ ચલણ ફ્રોડ, શેરબજારના નામે ઈન્વેસ્ટ ફ્રોડ વગેરે તથા સોશિયલ મીડિયા હેરેસમેન્ટ ક્રાઈમ તથા આઈ ટેક્નોલોજી અંગે માહિતી આપવામાં આવેલ અને મોબાઈલ હેકિંગ લિંક, મોબાઈલ હેક થાય તો શું કરવું, સાયબર ક્રાઈમથી બચવા માટે શુ કરવું?? અને શું ન કરવું?? તથા સોશિયલ મિડિયા એપ્લિકેશનમાં મજબૂત પાસવર્ડ રાખવા અને ટુ સ્ટેપ વેરિફિકેશન શું છે, તે રાખવા માટેની ટીપ્સ આપવામા આવી. આ કાર્યક્રમમાં ૫૦ જેટલા શિક્ષકો અધિકારીઓ જોડાયા હતા.

# બગસરાને વધુ સ્વસ્થ બનાવવા યોજાયો આરોગ્યલક્ષી સંવાદ

## દરેક તાલુકાના ગ્રામ્ય વિસ્તારનાં સરપંચોને આરોગ્ય લક્ષી સેવાઓ અંગે અપાયું માર્ગદર્શન

**અબતક,સમીર વિરાણી, બગસરા**

બગસરા તાલુકા હેલ્થ દ્વારા આરોગ્ય લક્ષી સંવાદ કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું બગસરા શહેરમાં સ્વામિનારાયણ મંદિર ખાતે તાલુકા હેલ્થ કચેરી દ્વારા દરેક તાલુકાના ગ્રામ્ય વિસ્તારના સરપંચો સાથે આરોગ્ય લક્ષી સેવાઓ કેવી મળે છે તે અંતર્ગત એ એક સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું બગસરા પ્રાંત અધિકારી કેવી નંદા ના અધ્યક્ષ સ્થાને આ સંવાદ કાર્યક્રમમાં બોર્ડ સંખ્યામાં સરપંચો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા



ધારી બગસરા ના ધારાસભ્યો જેવી કાકડીયા બગસરા મામલતદાર પ્રશાંત ભીંડી આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજળીયા જિલ્લા પંચાયતના સદસ્ય ધીરુભાઈ માયાની તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર તેમજ તાલુકા હેલ્થ ઓફિસર ડીકે બલદાણીયા સહિત આરોગ્ય કર્મચારીઓને. બહોળી સંખ્યામાં સરપંચો ઉપસ્થિત રહ્યા હતા અને આરોગ્ય લક્ષી સેવાઓ અંગે સંવાદ કરવામાં આવ્યો હતો.

# ઈડરના વડાળીમાં ૭માં ધોરણના વિદ્યાર્થી પર સહપાઠીઓના હુમલાથી હોબાળો

## શેઠ સી.જે. હાઈસ્કુલમાં વિદ્યાર્થીને માર મારવા મામલે મામલતદાર પોલીસને લેખીત રજૂઆત

**અબતક, સંજય દિક્ષિત, ઈડર**

અમદાવાદની એક શાળામાં સામાન્ય બાબતે ધો.૧૦ ના વિદ્યાર્થીને ધોરણ આઠમાં ભણતા એક વિધર્મી વિદ્યાર્થીએ તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી મોત નિપજાવ્યું હતું ત્યારે આ ઘટનાની શાહી હજુ તો સુકાઈ નથી ત્યારે આવો એક કિસ્સો સાબરકાંઠા જીલ્લાના વડાલીમાં બન્યો છે જેમાં સાતમા ધોરણમાં ભણતા એક વિદ્યાર્થીને અન્ય ૪ વિધર્મી વિદ્યાર્થીઓએ ઢોર મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું જાણવા મળે છે

આ અંગે મળતી માહિતી મુજબ વડાલીની શેઠ સી.જે હાઈસ્કૂલમાં ધો.૭ માં અભ્યાસ કરતો ધ્રુવ મણિભાઈ સગર (ઉં.વ.૧૪) ને તારીખ ૩૧ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ સાંજે શાળા છૂટ્યા બાદ ચાર જેટલા વિધર્મી વિદ્યાર્થીઓએ કોઈ કારણોસર મેદાનમાં લઈ જઈ ઢોર માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જેને લઈને વાલીઓએ શાળામાં જઈને હોબાળો મચાવ્યો હતો અને યોગ્ય પગલાં લેવાની માંગ કરી હતી પોલીસ શાળામાં આવી શાળાના સ્ટાફ અને સંચાલકોએ યોગ્ય કાર્યવાહી કરવાનું આશ્વાસન આપતા મામલો થાળે પડ્યો હતો પરંતુ ભોગ બનનાર બાળકના પિતાએ શાળા તેમજ મામલતદાર અને વડાલી પોલીસને આ બાબતે લેખિત રજૂઆત કરી હોવાનું જાણવા મળે છે.

# ઉપલેટા: વડાળી ગામે સુવર્ણપ્રાશન કેમ્પ યોજાયો




**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

જિલ્લા આયુર્વેદ અધિકારી, આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત, રાજકોટના માર્ગદર્શન અનુસાર તા.૨૧/૦૮/૨૦૨૫ને ગુરુવારના રોજ પુષ્ય નક્ષત્રના પવિત્ર દિવસે સરકારી આયુર્વેદ દવાખાનું વડાળી દ્વારા વડાળી ગામની આંગણવાડી ખાતે બાળકો માટે વિનામૂલ્યે સુવર્ણપ્રાશનના ટીપાં પીવડાવવાનો કેમ્પ યોજાયો હતો. વડાળી દવાખાનાના ડો.સમીર ગઢિયા દ્વારા આંગણવાડીના બાળકોને રોગપ્રતિકારક શક્તિવર્ધક સુવર્ણપ્રાશનના ટીપાં પીવડાવી હાલમાં ચોમાસામાં રોગચાળા થી બચવા માટેના ઉપાયો વિશે આરોગ્યલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ ૧૬ બાળકોએ લાભ લીધો હતો.

# લખતર: તલવાણી-અણિયારી રોડ પર નડતરરૂપ બાવળોને હટાવવા માંગ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

લખતર તાલુકા મથકને જોડતા એવા ગ્રામ્ય વિસ્તારના અણીયારી સહિતના અનેક ગામોના રસ્તા પર છેલ્લા ઘણા સમયથી બાવળો વધી જવાથી વાહનોને નુકશાન પહોંચી રહ્યું છે જ્યારે સામ સામે વાહનો આવી જતા અકસ્માતનો ભય પણ સેવાઈ રહ્યો છે. આ રસ્તા પરથી સરકારી તેમજ ખાનગી કચેરીઓમાં અનેક કંપનીઓમાં નોકરી કરતી મહિલાઓ સહિત શિક્ષિકાઓ ટુ વ્હીલર લઈ ફરજ બજાવવા ગ્રામ્ય વિસ્તારમાં જાય છે ત્યારે બાવળોના કારણે અનિચ્છનીય બનાવ બનવાની પણ શક્યતાઓ સેવાઈ રહી છે. જે મામલે લખતર તાલુકા બાર એસોશીએસનના



પ્રમુખ સહિત જાગૃત નાગરિકો દ્વારા જીલ્લા પંચાયતના નાયબ કાર્યપાલક ઈજનેર સહિતના અધિકારીઓને ટેલીફોનીક રજુઆત કરવામાં આવી છે. પરંતુ તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં આવી નથી.આ ઉપરાંત છેલ્લા ઘણા વર્ષોથી પીડબલ્યુડી વિભાગના અધિકારીઓ દ્વારા પ્રીમોનસુન કામગીરી કરવામાં ન આવતા દર વર્ષે આ સમસ્યાનો સામનો કરવાનો વારો આવી રહ્યો છે. આથી કોઈ અકસ્માત કે જાનહાની થાય તે પહેલા તંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ પર ઉગી નીકળેલ નડતરરૂપ બાવળો કાપી રસ્તાનું રીપેરીંગ કામ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# માણાવદર સીંધી સમાજ દ્વારા અમદાવાદ વિદ્યાર્થીની હત્યાના આરોપીને કડક સજા કરવા માંગ

**અબતક, જીગ્નેશ પટેલ, માણાવદર**



અમદાવાદ મણીનગરના રહીશ એવા ૧૫ વર્ષના વિદ્યાર્થી નયન ગીરીશકુમાર સંતાણી ધોરણ-૧૦માં અભ્યાસ કરતા હતા. તેમની સ્કુલના જ અન્ય વિદ્યાર્થીઓ દ્વારા અત્યંત ઘાતકી રીતે સ્કુલ કેમ્પસમાં મંગળવારના રોજ હત્યા કરવામાં આવેલ આ બાળકની સ્કુલ મેનેજમેન્ટ કે પ્રિન્સીપાલ કે અન્ય કોઈ સ્ટાફ દ્વારા મદદ કરવામાં આવેલ નહી એવું જાણવા મળેલ છે અને આ બાળક ઘાતકી હુમલા બાદ અત્યંત ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં અડધી કલાક લોહીથી લથપથ પડેલ તેવું જાણવા મળેલ છે. આ બનાવ અનુસંધાને સમગ્ર સમાજમાં રોષ પ્રવૃત્તિ રહેલ છે.

આરોપીઓને કડકથી કડક સજા થાય તેવા પગલા ભરવામાં આવે સાથે સાથે સ્કુલ મેનેજમેન્ટ, પ્રિન્સીપાલ કે અન્ય કોઈ શિક્ષકગણ અને સીક્યુરીટી સ્ટાફ જવાબદાર હોય તેની સામે કડક પગલાં લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# ગાંધીધામમાં રખડતા ઢોરનો ત્રાસ દુર કરવા મનપા મેદાને ૨૫૦ રેઢીયાર પશુ ડબ્બે પુરાવા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામમાં સઘળા સુખ ભુલાવી દે તેવી રખડતા ઢોરના ત્રાસને દુર કરવા મનપા મેદાને પડી છે. અને રેઢીયાર પશુઓને પકડી ડબ્બે પુરવાની કામગીરી કરી મનપા કેટલ શાખા દ્વારા ૨૫૦થી વધુ પશુઓને પકડી રામલીલા મેદાનમાં રાખ્યા છે.

માલધારીઓના પશુ પકડવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી રખડતા પશુ પકડવાની કામગીરી શરૂ કરી છે. શહેરમાં ખાનગી પશુપાલકો ગાયોને દોહી સવારે છુટી મૂકીદે છે અને રાતે ઘેર લાવે છે. શહેરમાં ખાનગી પશુ પાલકોને પશુઓ પોતાની જગ્યામંજ રાખવા તાકીદ કરી છે.શહેરમાં ઢોર છુટા મૂકી દેનાર માલધારીઓને નોટીસ મારફતે મનપાએ ત્રણ દિની મહેતલ આપી છે.

ગાંધીધામમાં રખડતા પશુઓ સામેની મનપાની કડક કાર્યવાહીથી શહેરમાંથી રખડતા પશુની સમસ્યા દૂર થાય તેવી આશા જાગી છે.

# સ્પોર્ટ્સ કલ્ચર વિકસાવો રમત -ગમતને જીવનનો ભાગ બનાવો: કલેકટર રાણાવસીયા

## નેશનલ સ્પોર્ટ્સ ડે અને શ્રી ગણેશ પંડાલ પ્રતિયોગીતા અન્વયે કલેકટરે આપ્યું માર્ગદર્શન

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જુનાગઢ, તા.૨૨ જૂનાગઢ કલેક્ટર કચેરી ખાતે નેશનલ સ્પોર્ટ્સ ડે અને શ્રેષ્ઠ શ્રી ગણેશ પંડાલ પ્રતિયોગિતા અન્વયે જૂનાગઢ કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી.




કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા એ પ્રેસ કોન્ફરન્સને સંબોધતાં જણાવ્યું હતું કે, સમગ્ર દેશભરમાં દર વર્ષે તા. ૨૯ ઓગસ્ટના રોજ હોકી રમતના જાદુગર તરીકે ઓળખાતા મેજર ધ્યાનચંદના જન્મ જયંતિને નિમિતે નેશનલ સ્પોર્ટ્સ ડે તરીકે ઉજવવામાં આવે છે. જે અન્વયે સમગ્ર દેશની સાથે જુનાગઢ જિલ્લામાં તા. ૨૯ થી ૩૧મી ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન જિલ્લાની તમામ શાળાઓ, ગ્રામ્ય-તાલુકા તથા કોલેજમાં નેશનલ સ્પોર્ટ્સ ડે ની જાગૃતિ અંગે વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

આ તકે કલેક્ટર એ જૂનાગઢ જિલ્લાના નાગરિકોને અપીલ કરતાં જણાવ્યું હતું કે, સ્પોર્ટસ ડેની ઉજવણીનો હેતુ લોકો રમતને પોતાના જીવનનો એક ભાગ બનાવે, સ્પોર્ટ્સ કલ્ચર બને એ માટેનો છે. ત્યારે જૂનાગઢ જિલ્લાના નાગરિકો આ ઉજવણીમાં સહભાગી બને એ માટે અપીલ કરી હતી.

કલેક્ટરશ્રીએ શ્રેષ્ઠ ગણેશ પંડાલ પ્રતિયોગિતા વિશે જણાવ્યુ કે, રાજયભરમાં ગણપતિ ઉત્સવ યોજાઈ છે.

વિવિધ સ્થળે બનાવવામાં આવતા ગણેશ પંડાલમાંથી બેસ્ટ ઓફ થ્રી ને ઈનામો આપવામાં આવશે. આ ઉપરાંત ૫ પંડાલ કૃતિને પ્રોત્સાહન માટે પસંદ કરી તેમને પણ પુરસ્કાર આપવામાં આવશે.

# અમરેલી: સ્વાસ્થ્ય પરિષદ જનસંવાદની બેઠક લેતા ધારાસભ્ય કૌશિક વેકરીયા

## તાલુકા હેલ્થ કચેરી ખાતે બાળ અને માતાના મરણને અટકાવવા માર્ગદર્શન અપાયું

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**




અમરેલી જિલ્લા પંચાયત મીટીંગ હોલ ખાતે અમરેલી તાલુકા કક્ષાનો સ્વાસ્થ્ય પરિષદ જનસંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ માનનીય મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા સાહેબના અધ્યક્ષ સ્થાને આયોજન કરવામાં આવેલ હતું જેમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી જિલ્લા વિકાસ અધિકારી, પ્રાંત અધિકારી, જિલ્લા આરોગ્ય અધિકારી, ડો.સિંહ, તાલુકા પંચાયત પ્રમુખ, ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા હાજર તમામ સદસ્ય આરોગ્યના વિવિધ પ્રોગ્રામ અંતર્ગત સમજણ પૂરી પાડવામાં આવી હતી.આ સ્વાસ્થ્ય પરિષદ જનસંવાદ કાર્યક્રમ નો મુખ્ય ઉદેશ મુખ્ય હતો માતા-આરોગ્ય અને માતા-મરણ સબંધિત પરિબળો બાળા-આરોગ્ય અને બાળ-મરણ કિશોરો અને સગર્ભા સ્ત્રીઓમાં એનિમિયાનું પ્રમાણ ઘટાડવા બિન-ચેપી રોગોનુ વધતુ જતુ ભારણ, પાણીજન્ય અને વાહક-જન્ય રોગચાળાની અટકાયત તેમજ બચાવ, આત્મહત્યાનું પ્રમાણ ઘટાડવુ માનસિક સ્વાસ્થ્યમાં સુધારો કરવો, ટી.બી.મુકત પંચાયતપંચાયત ના માપદંડો વિશે ચર્ચા,ઉપરોકત તમામ કાર્યક્રમો ની પદાઅધિકારીઓ તથા અધિકારીઓ એ સ્વાસ્થ્ય પરિષદ જનસંવાદ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. અમરેલી તાલુકા આરોગ્ય અધિકારી દ્વારા તમામ ઉપરોકત કાર્યક્રમનું સવિશેષ સમજણ અને માર્ગદર્શક પુરૂ પાડવામાં આવ્યું હતું. આવેલ તમામ પદાઅધિકારી તથા અધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો...

# મોટી મારડ ગામે સેવા સહકારી મંડળીના કર્મચારીએ ઉધારીના નાણાં માંગતા દાંતરડા વડે હુમલો

## મારે પૈસા આપવા નથી, તારાથી થાય તે કરી લે કહીં આરોપીએ ધમકી પણ આપી: પાટણવાવ પોલીસ મથકમાં ગુનો

**અબતક, રાજકોટ**

મોટીમારડ ગામમાં સેવા સહકારી મંડળીના બાકી નીકળતાં રૂપીયા માંગતા કર્મી પર આરોપીએ દાંતરડાનો ઘા ઝીંકી ધમકી આપતાં પાટણવાવ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે મોટીમારડના ખારાવાડ પ્લોટમાં રહેતા રાજેશભાઈ ગોકળભાઈ જાગાણી (ઉવ ૪૦) એ પાટણવાવ પોલીસ મથકમાં નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રમેશ દાના કુમારખાણીયાનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ જૂથ સેવા સહકારી મંડળીમાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

ગઈકાલે સાંજના સવા છ વાગે ગામના રમેશભાઈ કુમારખાણીયાને ફોન કરેલ કે, જૂથ સેવા મંડળીના બાકી પૈસા આપવા જણાવેલ હતું. બાદમાં તેઓ મંડળીએથી નીકળી ઘરે જતો હતો ત્યારે રામેશ્વર એગ્રો પાસે પહોંચતા આરોપી રમેશ કુમારખાણીયા ત્યાંથી નીકળેલ જેથી તેઓને જૂથ સેવા સહકારી મંડળી પ્રોવિઝન સ્ટોરના ઉધારી બિલના રૂપિયા ૨૩૭૮ આપવાનું કહેતા તે ઉશ્કેરાઈ ગયેલ અને ગાળો બોલી માથાકૂટ કરવા લાગી કહેલ કે, મારે પૈસા આપવા નથી, તારાથી થાય તે કરી લે જેથી તેને ગાળો આપવાની ના પાડતા આરોપી તેની બાઈકની પેટીમાંથી એક દાતરડું કાઢી મારવા દોડતા તેઓ પાછળ ખસી ગયેલ છતાં પગની આંગળી છોલાઈ હતી.

દરમિયાન આસપાસના માણસો આવી જતા રમેશે કહેલ કે, હવે પછી પૈસા માગ્યા તો, હવે તને મારીશ અને હવે પછી ક્યારેય ઉઘરાણી કરતો નહીં નહિતર સારા વાટ રહેશે નહીં તેવી ધમકી આપી નાસી છૂટ્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી પાટણવાવ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# બાળપણની ગર્લફ્રેન્ડ સાથે લગ્ન કરવાનું કહી પત્નીને તરછોડી

## રાજકોટમાં રહેવું હોય તો તારા માતા-પિતાને કહેજે મકાન લઈ આપે કહી સાસુ-સસરાએ ત્રાસ આપ્યો

### ગોંડલમાં એકલવાયું જીવન વિતાવતી પરિણીતાની રાજકોટના પુષ્કરધામમમાં રહેતાં પતિ, સાસુ-સસરા સામે રાવ

**અબતક,રાજકોટ**

ગોંડલ એકલી રહેતી પરિણીતાએ રાજકોટના પુષ્કરધામમમાં રહેતાં પતિ, સાસુ-સસરા સામે ફરીયાદ નોંધાવી હતી. પતિએ મારે તો નાનપણથી ગર્લફ્રેન્ડ છે, તેની સાથે લગ્ન કરવા છે કહીં પત્નીને તરછોડી દિધી હતી.

બનાવ અંગે હાલ ગોંડલના ભગવતપરા, દોમડીયા સોસાયટીમાં રહેતી પુજાબેન પાર્થભાઈ વાગડીયા (ઉ.વ.૨૬) એ તેના પતિ પાર્થ વાગડિયા, સસરા હસમુખ બાલા વાગડીયા અને સાસુ ગીતાબેન વાગડીયા (રહે તમામ પુષ્કરધામ, યુનિવર્સિટી રોડ રાજકોટ) વિરુદ્ધ રૂરલ મહિલા પોલીસ મથકમાં માનસીક અને શારીરિક ત્રાસ આપ્યાની ફરીયાદ નોંધાવી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, હાલ તે ગોંડલમાં દોમડીયા સોસાયટીમાં ઘેલાભાઈ ભાડેથી એકલી રહે છે. તેણી છેલ્લા ત્રણ વર્ષથી રિસામણે આવેલ છે. તેણીના લગ્ન તા.૧૫/૦૭/૨૦૨૧ ના રોજ રાજકોટના રહેવાસી પાર્થ સાથે થયેલ છે, લગ્ન બાદ કરીયાવર સાથે પતિ સાથે રાજકોટ રહેવા ગયેલ હતી, તેણી પતિ તથા સાસુ-સસરા, દિયર અને નાનીજી સાસુ સાથે રહેતી હતી. લગ્ન બાદ બે ત્રણ મહિના સારી રીતે રાખેલ, ત્યારબાદ પતિએ કહેલ કે, તુ મને ગમતી જ નથી, મારા પપ્પાના કહેવાથી તારી સાથે લગ્ન કર્યા છે, મારે તો નાનાપણથી ગર્લફ્રેન્ડ છે, તેની સાથે પ્રેમ છે, તેની સાથે લગ્ન કરવા છે, અમારી ઘરે પણ તેને લઈ આવતા હતાં. તેણી સાસુને આ વાત કરતી તો તે કહેતા કે, તુ આવી નેરોમાઈન્ડ ન થા છોકરાને જવા દેવાના, સાસુ, સસરા કહેતા કે, તારે અહી રાજકોટમાં રહેવું હોય તો તારા મમ્મી પપ્પાને કહેજે રાજકોટમાં મકાન લઈ આપે, તેમજ કહેતાં કે, તુ તો સાવ કાળી છો, મારો છોકરો રૂપાળો છે. તુ તો સાવ ગામડાની છો, તને તો કાંઈ આવડતું નથી, તારા મા બાપે તને કાંઈ શીખવાડેલ નથી, તુ કંઈ કરીયાવરમાં લાવેલ નથી, તમે તો ભીખારી નીકળીયા, તેમ કહી મેણા મારી કહેતા હતા કે, તુ કાંઈ બીઝનેશ નથી કરતી, તને અહી રાખીને શું કામની.


તેમજ પતિ રાત્રીના દારૂ પી ને આવતા ત્યારે મારકુટ કરતા, તેમ છતા તે કંઈ બોલતી નહી, માવતરને ફોન કરતી તો સાસુ, સસરા ફોન પણ ન કરવા દેતા અને માવતર સાથે વાત કરવા દેતા નહી, આવી રીતે ત્રાસ આપી તેમને તા. ૩૧/૫/૨૦૨૨ ના પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકલ હતી, ત્યાર બાદ અઢી વર્ષ બાદ ફરી તેમના પપ્પા પતિના ઘરે મુકી ગયેલ હતા. ત્યારે તેણી તા.૨૧/૧૦/૨૦૨૪ ના પતિના ઘરે ગયેલ હતી.

ત્યારે તેણી દશ દિવસ રોકાયેલ હતી, ત્યારે સાસુ, પતિને મળવા દેતા નહી અને પતિને બહાર ગામ મોકલી દીધેલ કહેતા હતા, જેથી આ બાબતે પતિ સાથે ફોનમાં વાત કરતા કહેલ કે, હું વિદેશ ગયેલ છું હવે ઈન્ડિયામાં પાછો નથી આવવાનો હું તો અહી જ બીજા લગ્ન કરી સેટ થઈ જવાનો છું, હવે ભારતના કોઈ કાયદા કાનુન લાગશે નહી, તે મારી સાથે લગ્ન કરેલ છે તેનો કોઈ પુરાવો નથી, તુ મને છુટાછેડા આપી દે, તુ અમારા ઘરમાં તો નહી જ, તને અમારે રાખવી નથી, ત્યાર બાદ સાસુ, સસરાએ મારો કોઈપણ વાંક વગર એક મહિના પહેલા પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકેલ અને માવતરનાં ગામ ઉમરાળીના પાટીયા સુધી મુકીને જતા રહેલ હતાં. બાદમાં તેઓ સામે ગોંડલ કોર્ટમાં ભરણપોષણ અને ડોમેસ્ટીકનો કેસ કરેલ છે.

# જાફરાબાદમાં ડૂબેલી બોટના બે ખલાસીના મૃતદેહ મળ્યા: ૯ હજુ લાપતા

## ૩૦ નોટિકલ માઈલ દૂરથી મૃતદેહ મળ્યા બાદ કોસ્ટ ગાર્ડ દ્વારા બોટ અને હેલિકોપ્ટરની મદદથી અન્યની શોધખોળ

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**



ગુજરાતના જાફરાબાદ નજીક અરબી સમુદ્રમાં એક દુઃખદ ઘટના બની છે જ્યાં ત્રણ દિવસ પહેલા દરિયામાં ડૂબી ગયેલી ત્રણ માછીમારી બોટના ૧૧ ગુમ થયેલા ખલાસીઓમાંથી બેની લાશ મળી આવી છે. આ દુર્ઘટના ત્યારે બની જ્યારે દરિયો તોફાની બન્યો હતો અને 'જયશ્રી તાત્કાલિક', 'મુરલીધર' અને 'દમયંતી' નામની ત્રણ બોટ ડૂબી ગઈ હતી. આ ત્રણેય ૧૭ને અન્ય બોટો દ્વારા બચાવી લેવામાં આવ્યા હતા, પરંતુ ૧૧ ખલાસીઓ ગુમ થયા હતા.

આ દુર્ઘટના પછી કોસ્ટ ગાર્ડ દ્વારા મોટા પાયે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. બે જહાજો નાની બોટો અને હેલિકોપ્ટરની મદદથી ગુમ થયેલા માછીમારોની શોધખોળ કરવામાં આવી રહી છે. આ ઓપરેશન દરમિયાન જાફરાબાદથી લગભગ ૩૦ નોટિકલ માઈલ દૂર દરિયામાં બે માછીમારોની તરતી લાશ મળી આવી હતી. હાલમાં આ બંને મૃતદેહોને કાંઠે લાવવાની કાર્યવાહી ચાલી રહી છે અને ત્યારબાદ તેમને પોસ્ટમોર્ટમ માટે જાફરાબાદ હોસ્પિટલમાં લઈ જવામાં આવશે.

આ દુર્ઘટનામાં જેમણે પોતાના સ્વજનો ગુમાવ્યા છે તેવા પરિવારો માટે આ એક અત્યંત મુશ્કેલ સમય છે. ગુમ થયેલા ૧૧ માછીમારોમાંથી બેની લાશ મળ્યા બાદ હવે બાકીના નવ માછીમારોના પરિવારજનોની ચિંતા વધી ગઈ છે. તેઓ હજુ પણ પોતાના સ્વજનો હેમખેમ પાછા ફરે તેવી આશા રાખી રહ્યા છે. આ ઘટનાને પગલે મુખ્યમંત્રીના આદેશથી જિલ્લા કલેક્ટર અને અન્ય અધિકારીઓ દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

દરમિયાન જાફરાબાદ બંદર પર માછીમારી કરી રહેલી તમામ ૭૦૦ બોટ સુરક્ષિત રીતે કાંઠે પરત ફરી ચૂકી છે. હાલમાં નવી સૂચના ન મળે ત્યાં સુધી માછીમારોને દરિયામાં ન જવાની તાકીદ કરવામાં આવી છે અને ટોકન આપવાની કામગીરી પણ બંધ કરી દેવામાં આવી છે. આ પગલું ભવિષ્યમાં આવી કોઈ પણ દુર્ઘટનાને ટાળવા માટે લેવામાં આવ્યું છે. આ દુર્ઘટના ખરેખર ખૂબ જ દુઃખદ છે અને કોસ્ટ ગાર્ડનું સર્ચ ઓપરેશન હજુ પણ ચાલુ છે.

# મુળીના સડલા ગામે પશુ ચરાવવા બાબતે બે ભાઈને માર માર્યો: ત્રણ સામે ફરીયાદ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

મુળી તાલુકાના સડલા ગામની સીમમાં આવેલ વાડીના સેઢા પર માલઢોર ચરાવવા બાબતનું મનદુઃખ રાખી ત્રણ શખ્સોએ એકસંપ થઈ ઢીકા પાટુનો મારમારી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી જે અંગે ભોગ બનનારે ત્રણ શખ્સો સામે મુળી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ મુળી તાલુકાના કળમાદ ગામે રહેતા ફરિયાદી મેહુલભાઈ જોધાભાઈ રોજીયાનો નાનો ભાઈ વિજય સડલા ગામની સીમમાં આવેલ જંગલમાં માલઢોર ચરાવવા ગયો હતો અને ફરિયાદી તેને બપોરનું ટીફીન આપવા ગયા હતા ત્યારે સંજયભાઈ કોળીની વાડીના સેઢા પર માલઢોર ચરાવવા બાબતનું મનદુઃખ રાખી લાકડાના ધોકા વડે ફરિયાદીને પગના ભાગે મારમાર્યો હતો અને ત્યારબાદ અન્ય બે શખ્સોને બોલાવી ત્રણેયે એકસંપ થઈ ફરિયાદી સહિત નાના ભાઈને ઢીકા-પાટુનો માર મારી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જે અંગે ભોગ બનનાર ફરિયાદીએ ત્રણ શખ્સો (૧) સંજયભાઈ કોળી (૨) નવીનભાઈ કોળી અને (૩) ગડો કોળી ત્રણેય રહે.સડલાવાળા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જેતપુરના ગોડાઉનમાં મજૂરી કરતા બાળ શ્રમિકને મુક્ત કરાયો

## બાળકને મજૂરીએ રાખી તનતોડ મહેનત કરાવનાર ઠેકેદાર વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરાઈ: એએચટીયુ શાખાની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

જેતપુરના ગોડાઉનમાં દરોડો પાડી એએચટીયુ શાખાની ટીમે બાળ શ્રમિકને મુક્ત કરાવી ઠેકેદાર વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી હતી. મામલામાં રાજકોટ રૂરલ એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટના હેડ કોન્સ્ટેબલ દિલીપભાઈ કળોતરાએ જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જયદીપ છાગાભાઈ નામના શખ્સનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગત તા.૨૨/૦૮/૨૦૨૫ ના રોજ હું તથા એ.એચ.ટી.યુ. શાખાના પીઆઈ, મહીલા કોન્સ્ટેબલ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા. દરમિયાન ૧૧:૩૦ વાગ્યે ખાનગી હકિકત મળેલ કે કામધેનુ ટેક્ષટાઈલ પાછળના ગોડાઉનમાં બાળકો પાસે બાળમજુરી કરાવાઈ રહી છે. જેથી તાત્કાલિક વિગતની ખરાઈ કરી રાહદારી પંચોને સાથે રાખી કામધેનુ ટેક્ષટાઈલ પાછળ સીલીકેટ ગોડાઉનમાં દરોડો પાડતા એક ૧૭ વર્ષીય સગીર પાસે મજૂરી કરાવાતી હોવાનું સામે આવ્યું હતું. જેથી બાળ કિશોરની પૂછપરછ કરતા તેને ઠેકેદાર જયદીપ છાગાભાઈ (ઉ.વ.૨૫ રહે.પેઢલા,જેતપુર)એ મજૂરીએ રાખ્યાનું જણાવ્યું હતું. બાળ શ્રમિક પાસે સવારના આઠ વાગ્યાંથી સાંજના પાંચ વાગ્યાં સુધી એમ આઠ કલાકથી વધુ સમય સુધી મજૂરી કરાવવામાં આવતી હતી તેવું સામે આવ્યું હતું.

જેથી એએચટીયુ શાખાએ બાળ શ્રમિકને મુક્ત કરાવી તેના પરિજનોને સોંપી બાળકનું શોષણ કરનાર ઠેકેદાર જયદીપ છાગાભાઈ વિરુદ્ધ ચાઈલ્ડ લેબર પ્રોહીબીશન એન્ડ રેગ્યુલેશન એક્ટ-૧૯૮૬ ની કલમ-૩ , ૭, ૧૪ તથા જુવેનાઈલ જસ્ટીસ એક્ટ-૨૦૧૫ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવામાં આવી હતી.

# તું મારી બહેનને છૂટાછેડા આપી દેજે કહી બનેવીને કડા વડે માર મરાયો

## જેતપુરમાં હરભોલે ઢોસાની દુકાન ખાતે હુમલો કરાતા યુવાન લોહીલુહાણ: બેલડી વિરુદ્ધ ગુનો

**અબતક, રાજકોટ**

જેતપુરમાં હરભોલે ઢોસાની દુકાને તું મારી બહેનને છૂટાછેડા આપી દેજે કહીં સાળાએ બનેવીને કળાના ઘા ઝીંકી મારમારતા સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે જેતપુર સીટી પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે જેતપુરના પેઢલા ગામે રહેતાં મેહુલભાઈ સુરેશભાઈ આલ (ઉ.વ.૨૯) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે માંડા કરસન રાઠોડ અને સાગર કરમટા (રહે.બંને ખીરસરા જેતપુર) નું નામ આપી જણાવ્યું હતું કે, તે જેતપુર જુનાગઢ રોડ પર આવેલ એકતા પ્રોસેસ નામના કારખાનામા મજુરીકામ કરે છે. ગઈ તા.૧૮ ના તે પેઢલા ગામથી જેતપુર મેળો કરવા માટે આવેલ હતો. રાત્રીના આશરે અગીયાર વાગ્યે જેતપુર આશીર્વાદ હોટલની પાસે આવેલ હરભોલે ઢોસાની દુકાને ઢોસા ખાવા માટે તે અને તેનો નાનોભાઈ અજય ગયેલ હતા. તે વખતે તેનું અને તેમની બહેન જસુબેનનુ સામસામે લગ્ન ખીરસરા ગામે થયેલ હતા.

જેમા જસુબેનના લગ્ન વિપુલભાઈ રાઠોડ અને તેમના લગ્ન પ્રવિણા રાઠોડ સાથે થયેલ હતા. જસુબેનના પતિ વિપુલભાઈ રાઠોડને કેન્સરની બીમારીથી મરણ ગયેલ હતા. તેમની બહેનની નાની ઉમર હોવાથી જસુબેનના બીજા લગ્ન થાણાગાલોર કરી આપેલ છે. જે બાબતનું માઠુ લાગી આવતા તેમના પત્નિ પ્રવિણા રીસામણે જતી રહેલ હતી, જેને તેના પર ભરણપોષણનો કેશ જેતપુર કોર્ટમાં કરેલ છે. ખીરસરા ગામે રહેતા સસરા રામભાઈ રાઠોડના કૌટુંબીક ભત્રીજો માંડા રાઠોડ તથા તેના મીત્ર સાગરભાઈ કરમટા બંન્ને અવાર નવાર ધમકી આપતા હોય કે, તુ અમારી બહેન સાથે છુટ્ટાછેડા કરી નાંખ. તે વખતે બંન્ને આ હરભોલે ઢોસા ભેગા થઈ જતા જેમા માડાંએ કહેલ કે, તુ કેમ મારી બહેન સાથે છુટ્ટા છેડા કરતો નથી, તેમ કહી તેની સાથે ઉભેલ તેનો મિત્ર સાગર કરમટા સાથે મારા મારી કરવા લાગેલ અને માડાંએ પહેરેલ કડુ મારી દીધેલ અને માર મારવા લાગેલ હતો.જેથી બાજુમાં રહેલ તેમનો નાનોભાઈ અજય બચાવા માટે આવેલ જેથી તેને પણ મારવા લાગેલ હતાં. દરમિયાન તે રાડા રાડી કરવાં લાગતાં આજુ-બાજુમાથી લોકો ભેગા થઈ જતા તેમને વધુ માર માથી બચાવેલ અને જતા જતા આ બન્ને કહેતા હતા કે આજે તુ બચી ગયો પણ હવે જો તુ મારી બહેનને છુટ્ટા છેટાછેડા નહી આપે તો તને જાનથી મારી નાખીશુ કહીં નાસી છૂટયા હતાં.બાદમાં ફરીયાદીને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી જેતપુર સીટી પોલીસે ગુનો નોંધો આરોપીની શોધખોળ આદરી હતી.

# ધ્રાંગધ્રા નજીક ટ્રકે બાઈકને ઠોકરે લેતા ચાલકનું મોત

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રા હળવદ હાઈવે પર સોલડી ટોલનાકા નજીક મોટરસાયકલ ચાલાક રાહુલભાઈ ગોબરભાઈ ને ટ્રક ચાલકે અડફેટે લેતા અકસ્માત થતા ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું ડેડ બોડીને પીએમ માટે સરકારી હોસ્પિટલ ખસેડાઈ અને ટ્રક ચાલક GJ 12,BY, 2561 ચાલક સામે ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વીછીંયાના દડલી ગામે પત્નિની હત્યામાં પતિને આજીવન કેદ

## સાળી સાથે પ્રેમ સંબંધમાં આડખીલી રૂપ પત્નીનું ઢીમ ઢાળી મૃતદેહને ચોટીલા નજીક ફેંકી દીધો હતી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા તાલુકાના ઢોકળવા ગામની વીડમાંથી વીછીંયા તાલુકાના દડલી ગામની પરણિતાની હત્યા કરેલી હાલતમાં વર્ષ ૨૦૨૨માં લાશ મળી આવી હતી જે અંગે પોલીસે ચોટીલા પોલીસે વધુ તપાસ હાથધરી હતી અને પરણિતાની પતિ દ્વારા જ હત્યા નીપજાવવામાં આવી હોવાનું સામે આવ્યું હતું તેમજ હત્યા નીપજાવનાર પતિને ઝડપી પાડ્યો હતો અને આ અંગેનો કેસ ચોટીલા કોર્ટમાં દાખલ કરવામાં આવ્યો હતો જે તાજેતરમાં ચાલી જતા સુરેન્દ્રનગર સેશન્સ કોર્ટે હત્યા નીપજાવનાર આરોપીને આજીવન કેદની સજા ફટકારતો ચુકાદો આપ્યો છે.

આ અંગે મળતી માહિતી મુજબ વીછીંયા તાલુકાના દડલી ગામની સીમમાં રહેતા રાજેશભાઈ ભાદાભાઈ ઓળકીયાને પોતાની સાળી ઈન્દુબેન સાથે પ્રેમસબંધ હતો પરંતુ આ અંગેની જાણ પત્નિ રંજનબેનને થઈ ગઈ હતી અને પ્રેમ સબંધમાં નડતરરૂપ હોવાથી પતિ રાજેશભાઈએ વર્ષ ૨૦૨૨માં તીક્ષણ હથિયારના ઘા ઝીંકી પત્નિની હત્યા નીપજાવી લાશને ચોટીલાના ઢોકળવા ગામની વીડમાં ફેંકી દીધી હતી જે અંગેની જાણ થતાં ચોટીલા પોલીસે તપાસ હાથધરી હતી અને હત્યા નીપજાવનાર પતિને ઝડપી પાડ્યો હતો જે અંગે ચોટીલા સેશન્સ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો જે કેસ તાજેતરમાં ચાલી જતા વકીલની દલીલો અને આધાર પુરાવાના આધારે સુરેન્દ્રનગર સેશન્સ કોર્ટના જજે હત્યા નીપજાવનાર પતિ રાજેશભાઈ ભાદાભાઈ ઓળકીયાને દોષીત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી છે અને રોકડ રૂ.૧૦,૦૦૦નો દંડ ફટકારતો ચુકાદો આપ્યો હતો.

# અંજાર: ટ્રાન્સપોર્ટ પેઢીના ભાગીદાર સાથે રૂા.૧.૦૮ કરોડની ઠગાઈ

## ભાગીદારની નાદુરસ્તને કારણે બે ભાઈ ફાયદો ઉઠાવી આચર્યુ કૌભાંડ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર તાલુકાના વરસામેડીમાં ટ્રાન્સપોર્ટ પેઢીના ભાગીદાર અને તેના ભાઈએ ભાગીદારની નાદુરસ્ત તબિયતનો ફાયદો ઉપાડી કંપનીમાંથી રૂા. ૧,૦૮,૮૯,૮૮૯ બારોબાર ઉપાડી વિશ્વાસઘાત કરતાં બનાવ અંગે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. મુંદરાના નાના કપાયામાં રહેનાર ફરિયાદી સમીર જગદીશ પ્રસાદ શર્મા તથા વિક્રમ શેખાવત અને જયપાલ ગુર્જરએ વરસામેડી ખાતે જે.એસ.એલ. ગ્લોબલ લોજિસ્ટિક નામની ટ્રાન્સપોર્ટ પેઢી ખોલી હતી જેમાં ફરિયાદીને ઓર્ડર લેવાના, વિક્રમને ટ્રકો શોધવાની તથા જયપાલને ઓફિસ સંભાળવાની તેવું નક્કી થયું હતું. તેમની પેઢી ચાલી રહી હતી. જયપાલના મોટાભાઈ છાજુરામ ગુર્જરના નામે પ્રિન્સ લોજિસ્ટિક પેઢી બનાવાઈ હતી. આરોપી છાજુરામ અને જયપાલે આ પેઢી બનાવતાં ફરિયાદીની પેઢીમાં ધંધો ઓછો થવા લાગ્યો હતો જેની જાણ વિક્રમને થતાં જયપાલ વિશ્વાસઘાત કરતો હોવાનું કહી બેઠક મળી હતી જેમાં વિક્રમ ભાગીદારીમાંથી નીકળી ગયો હતો. છાજુરામે બન્ને પેઢી એક જ હોવાનું કહી બન્ને કંપનીમાંથી પચાસ-પચાસ ટકા આપવા ફરિયાદીને વિશ્વાસમાં લીધા હતા. બાદમાં વર્ષ ૨૦૨૨માં ફરિયાદીની તબિયત બગડતાં તે પોતાના વતન ચાલ્યા ગયા હતા. ફરિયાદી ત્યાંથી આરોપીઓ પાસેથી હિસાબ માગતા હતા પણ આરોપીઓ હિસાબ આપતા નહોતા. બાદમાં ફરિયાદી અહીં આવતાં આ શખ્સોએ કંપનીના નામે ઓફિસ લેવાનું કહી પોતાનાં નામે કરી લીધી હતી. ફરિયાદીએ હિસાબ માગતાં આ બન્ને ભાઈઓએ પરિવારને મારી નાખવાની ધમકીઓ આપી હતી. બંને ભાઈઓએ ફરિયાદીની પેઢીમાંથી જુદી-જુદી રીતે પોતાના અંગત ફાયદા માટે રૂા.૧,૦૮,૮૯,૮૮૯ ઉપાડી લઈ તેમની સાથે વિશ્વાસઘાત ઠગાઈ કરી હતી. પોલીસે બનાવ અંગે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સાબલપુર નજીક બાઈક ચાલકે શ્વાનને બચાવવા જતા પડી ગયેલા માતાનું મોત

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ નજીક આવેલા પ્રિયાના શોરૂમ સામે કૂતરૂં આડે આવતા મોટરસાયકલ એ કૂતરાને બચાવવા જતા પાછળ બેઠેલા માતા પડી જતા ગંભીર ઈજાઓ પહોંચેલ માતાનું કરુણ મોત નીપજ્યું હતું.

પોલીસમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, જુનાગઢ દોલતપરામાં પાણીના ટાંકા પાસે, સ્વામાનીરાયણ સોસાયટીમાં રહેતા ભાવનાબેન હરીલાલ બધાભાઈ રાઠોડ (ઉ.વ.૫૭) પોતાના દીકરા અનીલભાઈની મોટર સાયકલ પાછળ બેસી જેતપુરથી જુનાગઢ આવતા હતા તે દરમ્યાન કીઆના શોરૂમ સામે પહોચતા રોડ ઉપર કુતરૂ આડે આવતા મોટર સાયકલ ચાલક અનીલભાઈ કુતરાને બચાવવા જતા, પાછળ બેસેલ તેના માતા ભાવનાબેન મોટર સાયકલ ઉપરથી પડી જતા, તેઓને સારવાર અર્થે જૂનાગઢની સીવીલ હોસ્પીટલ ખાતે લાવતા ફરજ પરના તબીબે ભાવનાબેનને જોઇ તપાસી મરણ ગયા હોવાનું જાહેર કર્યુ હતું. જે અંગેની પોલીસને જાણ કરાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી, તપાસ હાથ ધરી છે.

# રાપર: શંકાસ્પદ શખ્સ દેખાય તો પોલીસને જાણ કરવી

## ચડ્ડીધારી ગેંગ બેરોકટોક ફરતી હોવાનો વીડિયો વાયરલ થતા લોકોમાં ભય

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

રાપરમાં ચડ્ડીધારી ગેંગ દ્વારા ઘરફોડ ચોરીને અંજામ અપાયા બાદ વાગડના અન્ય ગ્રામીણ વિસ્તારોમાં પણ આ ટોળકી બેરોકટોક ફરતી હોવાનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે. દરમિયાન લાકડીયા પોલીસે જાહેર જનતાને અપીલ કરતાં જણાવ્યું કે, બે દિવસ પેહલા લાકડીયા ગામમાં અજાણ્યા માણસો શંકાસ્પદ રીતે દેખાયા હોવાના સીસીટીવી વાયરલ થયેલ છે ત્યારબાદથી આ માણસો કોણ હતા, ક્યાંથી આવ્યા,ક્યા ઈરાદાથી આવ્યા હતા એ બાબતની સધન તપાસ લાકડીયા પોલીસ દ્વારા ચાલુ છે તથા નાઈટ ડ્યુટીમાં ખાસ ટીમો બનાવી ગામમાં પેટ્રોલિંગ વધારેલ છે.

કોઈપણ શંકાસ્પદ વ્યકતી જણાઈ આવે પોલીસને તરત જ જાણ કરવી અને ખોટી અફવાઓ પર ધ્યાન આપવુ નહી કે ફેલાવવી નહી કોઈ શંકાસ્પદ વ્યકતી ચોર છે કે નહી તે જાતેથી નક્કી ન કરતા તાત્કાલિક લાકડીયા પોલીસ સ્ટેશન ફોન નં.૬૩૫૯૬ ૨૬૮૭૬ પર સંપર્ક કરવો અને જાતેથી કોઈ નિર્ણય ન લેવો. પોલીસ સતત તમારી સાથે જ છે અને કોઈ ડરવાની જરૂર નથી.

# જૂનાગઢ: મહિલા પોલીસ અધિકારી વિરુધ્ધ અભદ્ર કોમેન્ટ કરનાર ભાવનગરના વકીલની ધરપકડ

## સનદ રદ્ કરવા બાર કાઉન્સીલ ઓફ ગુજરાતને રિપોર્ટ કરવા તજવીજ

**અબતક દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢના મહિલા પોલીસ અધિકારીને સોશીયલ મીડીયા મારફતે જાતિય અભદ્ર કોમેન્ટ કરવાના ગુન્હામાં વોન્ટેડ ધારાશાસ્ત્રી ને એસ.ઓ.જી.એ પકડી પાડી, કોર્ટમાં રજુ કરતા કોર્ટે આરોપી ધારાશાસ્ત્રીને જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો.

આપ પાર્ટીના ધારાસભ્ય ગોપાલભાઈ ઈટાલીયા લોકો સાથે વિસાવદર પોલીસ સ્ટેશન ખાતે અનાજ ચોરીની ફરિયાદ દાખલ કરવા માટે બેસેલ હતા. તે સમયનો વિડીયો જે વિડીયો અલગ-અલગ સોશ્યલ મિડીયામાં અપલોડ કરી વાયરલ થયેલો વિડીયોમાં અલગ-અલગ ફેસબુક યુઝરે પોતાની આઈ.ડી. પરથી જાતિય પ્રકારની અભદ્ર કોમેન્ટ કરી, મહિલા પોલીસ અધિકારીની પ્રતિષ્ઠાને નુકશાન કરવાના ઈરાદે અભદ્ર કોમેન્ટ કરી, જે ગુન્હાની તપાસમાં ટેકનીકલ ટીમ બનાવી ઉપરોકત વાયરલ થયેલ વિડીયોમાં અભદ્ર ટીપ્પણીઓ કરનાર તમામ ફેસબુક યુઝરો અંગે માહિતી મેળવી તાત્કાલીક ટીમો બનાવી તમામ આરોપીઓને શોધી કાઢવા ચક્રો ગતીમાન કરી ટેકનીકલ તથા હ્યુમુન ઈન્ટેલીજન્સના માધ્યમથી તપાસ હાથ ધરી જે પૈકી પાચ આરોપીઓ મનોજ ડાયાભાઈ વાઘેલા, રહે.રાજકોટ તથા અરવીંદભાઈ દાનાભાઈ સોંદરવા, રહે.ગામ-બોરડી જી.રાજકોટ, વિનોદભાઈ લાલભાઈ કોન્ટ્રાકટર રહે.સુરત, ઓલપાડ, જેન્તીભાઈ ઉર્ફે જય મુળજીભાઈ રહે. અમદાવાદ તથા રમેશભાઈ આંબાભાઈ રાદડીયા રહે. નાની મોણપરી તા.વિસાવદર જી. જુનાગઢની પોલીસ દ્વારા અટક કરવામાં આવેલ હતી.

નિરજભાઈ ટીમાણીયાને ભાવનગર ખાતેથી રાઉન્ડઅપ કરી એસ.ઓ.જી. કચેરી ખાતે લાવી પુછપરછ કરતા મોબાઈલ કબ્જે લઈ, વિસાવદર કોર્ટમાં આરોપીને રજુ કરતા કોર્ટે આરોપીને જીલ્લા જેલ જુનાગઢ ખાતે મોકલી આપેલી છે.

આરોપી નિરજભાઈ ટીમાણીયા વકીલાતની સનદ ધરાવતા હોય, તે સનદ રદ કરવા માટે બાર કાઉન્સી ઓફ ગુજરાત, અમદાવાદને રીપોર્ટ કરવા કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરાઇ છે.

# અંજાર: ચોરાઉ મોટર સાયકલ સાથે તસ્કર ઝડપાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર રેલ્વે સ્ટેશન પાસે એકસેસ વાહન સાથે એક ઈસમને પકડી પાડી આરોપી અસલમ ઈસ્માઈલ હિંગોરજાને ચોરી બાબતે ઉંડાણપુર્વક યુક્તિ- પ્રયુકતિથી પુછપરછ કરતા આરોપીએ એક મહિના પહેલા અંજારમાં શહેરમાં આવેલ વરસામેડી નાકા પાસે આવેલ અંડર બ્રીજ પાસેથી રાત્રીના સમયે ચોરી કરેલ હોવાની કબુલાત આપી જેથી આરોપી પાસેથી ૩૦,૦૦૦ કિંમતનું એકસેસ મો.સા રિકવર કરી આરોપી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરીમાં અંજાર પીઆઈ એ.આર.ગોહીલ, પીએસઆઈ બી.એસ.ઝાલા તથા અંજાર પોલીસ સ્ટાફના માણસો સાથે રહ્યા હતા.

# ચરાડવા ગામે મૃત્ત વાછરડાને લઈ વિવાદ

## સરપંચ સહિત પરિવારને જાનથી મારી નાખવાની ધમકી

**અબતક, મોરબી**

હળવદ તાલુકાના ચરાડવા ગામે વાછરડાને સરપંચના ઘર પાસે નાખીને, બોલાચાલી બાદ ગામના રહેવાસીએ સરપંચ સહિત પરિવારને ભુડાબોલી ગાળો આપી અને જાનથી મારી નાખવાની ધમકી આપતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

મળતી માહિતી મુજબ, ચરાડવા ગામના જુના વાસમાં રહેતા લક્ષ્મીબેન રતીલાલભાઈ પરમાર ઉવ.૬૫, જે છેલ્લા ચાર વર્ષથી ગામના સરપંચ તરીકે સેવા આપી રહ્યા છે, તેમણે હળવદ પોલીસ મથકમાં આરોપી અનિલ હસમુખ ચૌહાણ રહે.ચરાડવા તા.હળવદ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગઈ તા.૨૧/૦૮ના રોજ સાંજે ગામમાં અનિલ હસુભાઈ ચૌહાણના ઘરની પાછળ એક ગાયનું વાછરડું મરી ગયાનું જાણવા મળ્યું હતું. લક્ષ્મીબેન પરમારે પોતાના દિકરા ગીરીશને ગ્રામ પંચાયતના ટ્રેક્ટર-ટ્રોલી સાથે મૃત વાછરડું ભરાવવા મોકલ્યા હતા.

પરંતુ ભારે વરસાદને કારણે ટ્રેક્ટર ખુચાઈ જતા વાછરડું તાત્કાલિક દાટવું શક્ય બન્યું નહોતું. બીજા દિવસે સવારે ૧૧ વાગ્યાની આસપાસ લક્ષ્મીબેન, તેમની વહુ હંસા, કમુ અને પૌત્રી વૃદા ઘરે હાજર હતા ત્યારે આરોપી અનિલ ચૌહાણે મૃત વાછરડાને મોટર સાયકલ પાછળ દોરડાથી બાંધી ખેંચી લાવી સીધા તેમના ઘરના દરવાજા પાસે શેરીમાં નાખી દીધું હતું. આ અંગે સરપંચ પરિવાર અને આરોપી અનિલ ચૌહાણ વચ્ચે બોલાચાલી તથા ઝઘડો થયો. આ દરમિયાન અનિલ ચૌહાણે લક્ષ્મીબેન તથા પરિવારજનોને ભુડાબોલી ગાળો આપી અને હવે ફરીવાર આવી બાબતે બોલશો તો જાનથી મારી નાખીશ એમ કહી ધમકી આપી હતી. હાલ હળવદ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# રફાળેશ્વર ચોકડી ખાતે શાકભાજીના થડા મામલે તલવાર-છરી ઉડી

## બંને પક્ષે મળી સાત શખ્સો વિરૂધ્ધ નોંધાતો ગુનો

**અબતક, મોરબી**

મોરબીના રફાળેશ્વર ચોકડી પાસે બકાલાના થળા અને રસ્તા ઉપર જગ્યા લેવા બાબતે બે પક્ષ વચ્ચે બોલાચાલી બાદ ઝઘડો થતા મામલો એકદમ ઉગ્ર બનતા બન્ને પક્ષો વચ્ચે મારામારી થતા, બંને પક્ષે એકબીજા ઉપર ઘાતક હથિયારોથી હુમલો કરતા બન્ને પક્ષોના સભ્યો ઈજાગ્રસ્ત થયા હતા, સમગ્ર બનાવ અંગે બન્ને પક્ષની ફરિયાદને આધારે પોલીસે ૭ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

મળતી વિગતો મુજબ, તા. ૨૦/૦૮ના રોજ બપોરના અરસામાં રફાળેશ્વર ચોકડી ખાતે વેપારી મુકેશભાઈ પ્રભુભાઈ ખાંભળીયા ઉવ.૪૫ રહે. મૂળ રફાળેશ્વર, હાલ મોરબી વાવડી રોડ મારુતિ સોસાયટી વાળા પોતાના દીકરા વિશાલ અને વિકાસ સાથે શાકભાજી ફુટના ધંધે હતા. તે સમયે ગામના લીલાભાઈ ખેંગારભાઈ ગમારા ઉવ.૫૮ રહે. રફાળેશ્વર ભરવાડપરા વાળા મોટરસાઈકલ લઈને પંચરની દુકાન પાસે આવ્યા હતા. અહીં બકાલાના થળાને લઈ મુકેશભાઈ સાથે બોલાચાલી શરૂ થઈ. બંને પક્ષે એકબીજાને ગાળો આપીને ઝપાઝપી બાદ મારામારી શરૂ થઈ હતી.

જેમાં ફરિયાદી લીલાભાઈની ફરિયાદ મુજબ આરોપી મુકેશભાઈ અને તેમના દીકરાઓ વિશાલ-વિકાસે છરી અને પાઈપ વડે હુમલો કરી તેના ભત્રીજા રાજુભાઈ અને બાબુભાઈને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. બંને હાલ હોસ્પીટલમાં સારવાર હેઠળ છે, જેમાં બાબુભાઈની તબીયત ગંભીર હોવાનું ડોક્ટરો જણાવી રહ્યા છે. જ્યારે મુકેશભાઈની ફરિયાદ મુજબ, લીલાભાઈ ગમારા અને તેમના ભત્રીજાઓ રાજુભાઈ, બાબુભાઈ તથા મગનબાપાએ તલવાર અને મુંઢમારથી હુમલો કરી મુકેશભાઈ તેમજ તેના દીકરા વિકાસ અને વિશાલને ઈજાઓ કરી હતી. વિકાસને જમણા સાથળે ગંભીર ઈજા થવાને કારણે સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યો છે. બંને પક્ષોએ એકબીજાને ભુંડાબોલી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપ્યાની સામસામી ફરિયાદ નોંધાવવામાં આવી હતી, ત્યારે તાલુકા પોલીસે બંને પક્ષના કુલ સાત આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરના સતાપર ગામે કપાસના ઉભા પાકનો નાશ કરી આવારા તત્વોએ નુકશાન પહોચાડયું

## બે અજાણ્યા સહિત ૧૦ શખ્સો સામે નોંધાતી તાલુકા પોલીસમાં ફરિયાદ

**અબતક, મોરબી**

વાંકાનેર તાલુકાના સાતાપર ગામે ખેડૂત તથા પરિવારના સભ્યો સાથે ગાળાગાળી કરી, જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. અને આશરે ૧૨ વીઘાના કપાસનો પાક બગાડી ખેડૂતને અંદાજે રૂ.૪ લાખનું નુકસાન પહોંચાડ્યું હતું.

મળતી માહિતી મુજબ, વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદી કિશનભાઈ માધાભાઈ રંગપરા ઉવ.૨૫ રહે. અદેપર તા. વાંકાનેર વાળાએ આરોપી (૧)હિરાભાઈ રતાભાઈ, (૨)રસીકભાઈ નાગજીભાઈ, (૩)અજયભાઈ વાલાભાઈ, (૪)સનાભાઈ લવાભાઈ, (૫)કરશનભાઈ લખમણભાઈ,(૬)મનાભાઈ પુજાભાઈ, (૭)કનાભાઈ સોમાભાઈ, (૮)માલાભાઈ લખમણભાઈ, (૯)રાજુભાઈ ખીમાભાઈ, (૧૦)સંજયભાઈ વાલાભાઈ બધા રહે.સતાપર તથા બીજા અજાણ્યા માણસો વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલી હતી.

આરોપીઓએ ગેર કાયદેસર મંડળી રચી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા માટે અલગ અલગ સમયે ખેતરમાં પ્રવેશ કરી પથ્થર મારો કરી ખેતરના પ્રવેશવાનો દરવાજો તોડી નાખી, ફરીયાદી તથા તેમના ઘરના સભ્યો ખેતરમા કામ કરતા હોય ત્યારે ચારેબાજુથી ઘેરી વળી તમામ સભ્યોને ખેતરમાથી બહાર કાઢી મુકી, અલગ અલગ સમયે ફરીયાદીના ખેતીની જમીનમા આશરે ૧૨ વીઘાના કપાસના ઉભા પાકને કાઢી નાખી, આશરે રૂ.૪,૦૦,૦૦૦/- જેટલુ નુકશાન કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલ વાંકાનેર તાલુકા પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુણ૯ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર બાઉન્ડ્રી નજીક કારમાંથી ૪૦૦ લીટર દેશી દારૂ સાથે બે શખ્સ ઝડપાયા

## તાલુકા પોલીસે ૫.૮૦ લાખના મુદ્દામાલ સાથે માલ મંગાવનાર મોકલનાર સહિત ચાર આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો

**અબતક, મોરબી**

વાંકાનેર તાલુકા પોલીસે પૂર્વ બાતમીને આધારે નેશનલ હાઈવે પર કોઠી ગામ પાસે રેઈડ પાડી સ્વીફ્ટ કારમાંથી ૪૦૦ લીટર દેશી દારૂ સાથે બે ઈસમોને ઝડપી લેવામાં આવ્યા હતા. આ સાથે પોલીસે કાર સહિત કુલ કિ.રૂ. ૫.૮૦ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. જ્યારે દારૂ મંગાવનાર તથા મોકલનાર બે આરોપીઓને ફરાર દર્શાવી કુલ ચાર આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

મળતી માહિતી મુજબ, વાંકાનેર તાલુકા પોલીસ ટીમને ખાનગીરાહે બાતમી મળેલ કે, એક સ્વીફ્ટ ડિઝાયર કારમાં દેશી દારૂ વાંકાનેરથી મોરબી જવાનો હોય જેથી તુરંત પોલીસ દ્વારા વાંકાનેર બાઉન્ડ્રી નજીક કોઠી ગામ નજીક વાહન ચેકીંગની કામગીરીમાં હોય તે દરમિયાન ઉપરોક્ત બાતમી મુજબની સ્વીફ્ટ ડિઝાયર કાર રજી.નં. જીજે-૦૮-ડીજી-૪૩૦૩ ત્યાંથી પસાર થતા તેને રોકી, કારની તલાસી લેતા તેમાંથી ૪૦૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૮૦ હજાર મળી આવ્યો હતો. આ સાથે કાર ચાલક આરોપી વિપુલભાઈ મુકેશભાઈ વરાણીયા ઉવ.૨૪ રહે.ત્રાજપર મોરબી તથા આરોપી બરકતશા અલીશા શાહમદાર ઉવ.૨૬ રહે.એલઈ કોલેજ રોડ મોરબીની અટકાયત કરી હતી. પકડાયેલ બન્ને આરોપીઓની પ્રાથમિક સઘન પૂછતાછમાં આરોપી મનુભાઈ દોલુભાઈ રહે. મોરબી વાળાએ આ દેશી દારૂનો જથ્થો મંગાવ્યો હતો જ્યારે વિકાસભાઈ રહે. ડાકવડલા તા. ચોટીલા જી. સુરેન્દ્રનગર વાળાએ આ જથ્થો મોકલ્યો હતો. હાલ વાંકાનેર તાલુકા પોલીસે આ બન્ને આરોપીઓને ફરાર જાહેર કરી દેશી દારૂ, કાર સહિત ૫.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના ઐતિહાસિક ધોળેશ્વર સ્મશાન ગૃહના આધુનિકીરણની માંગ

## ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ પ્રદેશ પ્રમુખ કે.ડી.બાવરવાએ જર્જરિત સ્મશાનના જીર્ણોધ્ધાર માટે મ્યુ.કમિશનરને રજૂઆત

**અબતક, મોરબી**



મોરબી શહેરમાં રાજાશાહી સમયથી અસ્તિત્વ ધરાવતા ઐતિહાસિક ધોળેશ્વર સ્મશાનની હાલતમાં દિવસેને દિવસે ખરાબ થતી આવી છે. અંતિમ સંસ્કાર સમયે આવનારા પરિવારોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ સ્મશાનની બાજુમાં ધોળેશ્વર મહાદેવનું મંદિર તથા મોરબી સ્ટેટનું સ્મશાન અને ગોસ્વામી સમાજનું સ્મશાન પણ આવેલ છે. હાલમાં આ સ્મશાનનું સંચાલન મોરબી પાંજરાપોળ સંસ્થા હસ્તક છે, પરંતુ સમગ્ર શહેરના અનેક વિસ્તારોના લોકો અહીં અંતિમવિધિ માટે આવે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ એસોસિયેશન ગુજરાત પ્રદેશના જનરલ સેક્રેટરી કે.ડી. બાવરવાએ મોરબી મહાનગરપાલિકાના કમિશનરને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં સ્મશાનનું આધુનિકરણ કરી ગેસ આધારિત સ્મશાન સ્થાપવાનું તેમજ લોકો માટે પ્રાર્થના હોલ બાંધવાનું આયોજન કરવા માંગણી કરવામાં આવી છે.

પાલિકા દ્વારા જરૂરી ગ્રાન્ટ ફાળવી આ કાર્ય કરવામાં આવે તો શહેરના નાગરિકોને અંતિમવિધિ વખતે સુવિધા મળશે અને આ ઐતિહાસિક સ્મશાનનું સંરક્ષણ પણ થઈ શકશે. તેવી માંગ એસોસિયેશન દ્વારા કરવામાં આવી છે.

# મોરબી: ભક્તોની આસ્થાનું કેન્દ્ર ગગનેશ્વર મહાદેવ મંદીરના નિર્માણને ૨૫ વર્ષ પુર્ણ

**અબતક, મોરબી**



મોરબી શનાળા-બાયપાસ ઓવરબ્રીજ પાસે, વિશાલ ફર્નિચરની બાજુમાં તા.૦૬-૦૯-૧૯૯૯ના રોજ ડો. બી. કે. લહેરૂ અને હીરાભાઈ ધનજીભાઈ કંઝારીયાના સૌજન્યથી મહાદેવનું આ મંદિર નિર્માણ પામ્યું હતું. મોરબીના કબીરપંથના મહંત શિવરામદાસજી બાપુએ મંદિરનું નામકરણ ગગનેશ્વર મહાદેવ આપીને મહાદેવની પ્રતિષ્ઠા કરી હતી. ત્યારથી દરરોજ મોટી સંખ્યામાં ભક્તો અહીં દર્શન અને પૂજા કરવા આવે છે. ૨૫ વર્ષથી આ મંદિર મોરબી શહેર તથા આજુબાજુના વાડી વિસ્તારો અને સોસાયટીના રહેવાસીઓ માટે આધ્યાત્મિક કેન્દ્ર બની ગયું છે. ભક્તોની સેવા, પૂજા-અર્ચના અને ધાર્મિક પ્રવૃત્તિઓને કારણે મંદિર આસપાસનું વાતાવરણ શાંત અને રમણીય રહે છે. આ પ્રસંગે ભકતોમાં આનંદનો માહોલ જોવા મળે છે અને ગગનેશ્વર મહાદેવ મંદિરને મોરબીની ધાર્મિક ઓળખમાં ખાસ સ્થાન મળ્યું છે.

# મોરબીના રંગપર ગામે યુવકનો આપઘાત

## માળીયા (મિ.)ના માણાબા ગામે પ્રૌઢનો વીજ શોકથી મોત

**અબતક, મોરબી**

મોરબી જીલ્લામાં અલગ-અલગ બનાવોમાં બે વ્યક્તિઓના મૃત્યુ નિપજયા હતા. જેમાં પ્રથમ અપમૃત્યુના બનાવમાં માળીયા(મી) તાલુકાના માણાબા ગામે રહેતા રામદેવસિંહ સજુભા જાડેજા ઉવ.૫૪ પોતાના મકાનમાં ધાબા ઉપર પાણી ભરવાની ટાંકીની ઈલેક્ટ્રીક મોટર ચાલુ કરવા જતા અચાનક કરંટ લાગતા ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે જેતપર સીએચસી સેન્ટર લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કરતા અ.મોતનો કેસ નોંધાયો હતો.અપમૃત્યુના બીજા બનાવમાં મોરબી તાલુકાના રંગપર ગામે સ્પ્રેરીટા સીરામીકમાં રહેતા જવાનસિંગ બહાદુરસિંગ મુરલી ઉવ.૨૩ ગત તા. ૨૧ ઓગસ્ટની રાત્રે કોઈ અગમ્ય કારણોસર પોતાની ફેક્ટરી સ્પ્રેરીટા સિરામીકમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. મોરબી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

# કારે બાઈકને અડફેટે લેતા બે પિતરાઈ ભાઈ ઈજાગ્રસ્ત

**અબતક, મોરબી**

ધ્રાંગધ્રા તાલુકાના પીપળા ગામે રહેતા અનિલભાઈ વસંતભાઈ દેત્રોજા ઉવ.૨૪ ગઈ તા.૨૧/૦૭ ના રોજ બુટવડા ગામે તેમના બનેવીને ત્યાં લાઈટ ફિટિંગનું કામ કરવા જઈ રહ્યા હતા, ત્યારે અનિલભાઈ અને તેમના મોટાબાપુના દીકરા સંજયભાઈ પીપળાથી બુટવડા પોતાના સ્પ્લેન્ડર મોટર સાયકલ નં. જીજે-૧૩-એએલ-૧૯૩૪ ઉપર જઈ રહ્યા હોય તે દરમિયાન લીલાપર જવાના માર્ગે પહોચતા જ્યાં ઈકો કાર રજી.નં. જીજે-૩૬-એજે-૩૦૭૩ ના ચાલકે પોતાની કાર ફૂલ સ્પીડના ચલાવી આવી અનિલભાઈના મોટર સાયકલને જમણી બાજુથી ટક્કર મારતા ઈકો કાર આગળ જઈ પલ્ટી મારી ગઈ હતી, જ્યારે મોટર સાયકલ સવાર બન્ને ભાઈ રોડ ઉપર પટકાયા હતા. જેમાં મોટર સાયકલ ચાલક અનિલભાઈને માથાના ભાગે હેમરેજ અને હાથ-પગમાં ફ્રેકચર તેમજ પાછળ બેસેલ સંજયભાઈને દાઢીના ભાગે ઈજાઓ પહોંચી હતી. સમગ્ર અકસ્માતના બનાવ અંગે મોટર સાયકલ ચાલક અનિલભાઈની ફરિયાદને આધારે હળવદ પોલીસે ઈકો કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રફાળેશ્વર ખાતે શિવભક્તિ સાથે સંસ્કૃત્તિને ઉજાગર કરતા 'શિવતરંગ' લોકમેળાનો પ્રારંભ

## યંગ ઈન્ડિયા ગ્રુપ અને જાંબુડીયા ગ્રામ પંચાયત આયોજિત મેળામાં ભજન, ભક્તિ અને મનોરંજનના ત્રિવેણી સંગમ સમા મેળાના ઉદ્ઘાટનમાં ધારાસભ્ય સહિત અગ્રણીઓ રહ્યા ઉપસ્થિત

**અબતક, મોરબી**



મોરબીમાં જન્માષ્ટમીના બબ્બે ક્રિષ્ના લોકમેળાને મળેલા પ્રચંડ પ્રતિસાદ બાદ હવે રફાળેશ્વર મહાદેવ મંદિરે વર્ષોની પરંપરા અનુસાર ''શિવ તરંગ'' પૌરાણિક લોકમેળાનો પ્રારંભ થયો છે. યંગ ઈન્ડિયા ગ્રૂપ અને જાંબુડિયા ગ્રામ પંચાયતના સંયુકત ઉપક્રમથી આયોજિત આ મેળો શ્રાવણી અમાસ તથા શ્રાવણ માસના અંતિમ દિવસે ભકિત, મનોરંજન અને પિતૃતર્પણનો ત્રિવેણી સંગમ ઉભો કરે છે. આ બે દિવસીય મેળાનો પ્રારંભ ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારધી, કારોબારી ચેરમેન જેન્તીભાઈ પડસુંબિયા, પૂર્વ તાલુકા પ્રમુખ અરવિંદભાઈ વાસજાળીયા સહિત અગ્રણીઓના હસ્તે કરવામાં આવ્યો હતો. ઉદઘાટન બાદ ભજન રાવટીઓ, ભક્તિસભર કાર્યક્રમો તથા લોકસાંસ્કૃતિક રજૂઆતો સાથે મેળાનું માહોલ ધમધમી ઉઠ્યો છે.

રાત્રે ભજનની રાવટીઓમાં શ્રધ્ધાળુઓ લીન થઈ રહ્યા છે તો આવતીકાલે, એટલે કે ૨૩ ઓગસ્ટે, વિવિધ ભક્તિસભર તથા મનોરંજક કાર્યક્રમો યોજાશે. ખાસ કરીને પ્રાચીન પીપળે પિતૃતર્પણનું વિશેષ મહત્વ હોવાથી શ્રાવણી અમાસના દિવસે સૌરાષ્ટ્રભરમાંથી હજારો ભક્તો અહીં ઉમટી પડવાના છે. મંદિર પ્રાંગણમાં આવેલ પ્રાચીન કુંડમાંથી પાણી ભરી પીપળે અર્પણ કરીને ભક્તો પિતૃઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે. યંગ ઈન્ડિયા ગ્રૂપના મેન્ટર દેવેનભાઈ રબારીએ જણાવ્યું કે, રફાળેશ્વરનો આ શિવ તરંગ મેળો ભગવાન ભોળાનાથની ભક્તિની સાથે ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરે છે.

# અમરેલી: લાઠી બાબરા મત વિસ્તારના ગામડાઓની મુલાકાત લેતા ધારાસભ્ય તળાવિયા

## ભારે વરસાદની આગાહી વચ્ચે સાવચેત રહેવા અપીલ કરાઈ

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**



અમરેલીના લાઠી બાબરા ના ધારાસભ્ય સતત લોકોની ચિંતા કરતા જોવા મળી રહ્યા છે ત્યારે અમરેલી જિલ્લામાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહીના પગલે લાઠી બાબરાના ધારાસભ્ય જનક તળાવિયાએ પોતાના મતવિસ્તારોના ગામડાઓમાં જઈ લોકોને સરકારી સૂચનાનું પાલન કરી સાવચેત રહેવા અપીલ કરી છે, આ દરમિયાન તેમણે પોતાના કાર્યાલય ખાતે બેઠક પણ યોજી હતી. લય જન સંપર્ક કાર્યાલય ખાતે સામાન્ય માણસોને મુશ્કેલી ન પડે તે બાબતે પણ આયોજન કરવામાં આવ્યું છે, ગામડાઓની મુલાકાત કરીઅને તેમણે ગ્રામજનોના હાલચાલ પૂછીને તેમની સમસ્યાઓ અને જરૂરિયાતો વિશે માહિતી મેળવી હતી. આ ઉપરાંત, તેમણે લોકો સાથે બેઠકનું આયોજન કરી સંભવિત પરિસ્થિતિઓનો સામનો કરવા માટે જરૂરી માર્ગદર્શન અને સહાયની ખાતરી આપી હતી.

# માળિયામાં જળબંબાકારની સ્થિતિને લઈને 'આપ' મેદાને

## ૧૫ દિ'માં સંતોષકારક પગલાં નહીં લેવાય તો આંદોલનની ચીમકી ઉચ્ચારી



**અબતક, મોરબી**

માળિયા શહેર તેમજ તાલુકાના આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં માનવસર્જિત જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાય છે. ગ્રામજનોએ તથા સ્થાનિકોએ અનેકવાર તંત્રને રજૂઆત કરી છતાં હજી સુધી કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. આજે આમ આદમી પાર્ટી મોરબી દ્વારા માળિયા શહેર તથા તાલુકાના લોકોને સાથે રાખીને માળીયા(મી) મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટને આવેદન આપવામાં આવ્યું હતું. આ સાથે આમ આદમી પાર્ટીએ ચેતવણી આપી છે કે જો આગામી ૧૫ દિવસમાં યોગ્ય તથા સંતોષકારક કાર્યવાહી હાથ ધરવામાં નહીં આવે તો સ્થાનિક લોકોને સાથે રાખીને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે. તંત્રની નિષ્ક્રિયતા સામે હવે લોકોની ધીરજ કસોટી ઉપર છે. આવેદન દરમિયાન આમ આદમી પાર્ટીના જીલ્લા આગેવાનો તથા સ્થાનિક લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# મોરબી અને હળવદમાં જુગાર રમતા નવ શખ્સ પકડાયા

**અબતક,મોરબી**

મોરબી જિલ્લામાં બે સ્થળે જુગારના દરોડા પાડયા છે. જેમાં મોરબી અને હળવદમાં જુગાર રમતા નવ શખ્સની ધરપકડ કરી છે

વધુ વિગત મુજબ કાલીકા પ્લોટમાં તીનપત્તિનો જુગાર રમતા સીકંદરભાઈ ગનીભાઈ દલ ઉવ.૩૯ રહે. કાલીકા પ્લોટ ભવાની સોડા વાળી શેરી, મધર ટેરેસા ડેલા સામે મોરબી, સલીમભાઈ ઈસ્માઈલભાઈ માજોઠી ઉવ.૫૫ કાલીકા પ્લોટ શેરી નં-૪ મધર ટેરેસાના ડેલા સામે મોરબી તથા સોયબભાઈ સીદીકભાઈ માજોઠી ઉવ.૩૬ શિવ સોસાયટી નર્મદા હોલ પાસે કાલીકા પ્લોટ મોરબી વાળાને રોકડા રૂ.૫,૬૦૦/- સહિતના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા છે, આ સાથે પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદ તાલુકાના ઈંગરોળા ગામે જુગાર રમતા જીગ્નેશભાઈ દેવજીભાઈ કાવર , પ્રવિણકુમાર ઘોઘજીભાઈ કાવર , વિનોદભાઈ બચુભાઈ બારણીયા નાડીયા , ધનરાજસિંહ ફતેસિંહ ઝાલા , લાલજીભાઈ જેરામભાઈ બજાણીયા , આશારામભાઈ ઘોઘાભાઈ જોગયાણી રોકડા રૂ.૨૧,૩૦૦/-સાથે પોલીસે રંગેહાથ ઝડપી લઈ તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

# મોરબી: સગીરાના દુષ્કર્મના ગુનામાં આરોપીને ૨૦ વર્ષની કેદ

## સરકારી વકીલની ધારદાર દલીલો બાદ અદાલતનો ચુકાદો રૂ.૨૫ હજારનો દંડ પણ ફટકારાયો.

**અબતક, મોરબી**



મોરબીમાં વર્ષ ૨૦૧૯ માં આરોપી પ્રેમસિંગ સોભાનભાઈ ભુરિયા નામનો શખ્સ મધ્યપ્રદેશથી આવેલા મજૂર પરિવારની ૧૫ વર્ષની દીકરીનું અપહરણ કરી દુષ્કર્મ આચર્યુ હતું. સગીરાને ગર્ભવતી પણ બનાવી હતી. આ કેસમાં મોરબીની ખાસ પોકસો અદાલતે આરોપીને દોષિત ઠેરવી ૨૦ વર્ષની કેદ તથા રૂ.૨૫,૦૦૦ દંડની સજા ફટકારી છે.

મોરબી જીલ્લામાં વર્ષ ૨૦૧૯માં બનેલી આ માનવતાને શરમાવે તેવી ઘટનાને અંતે કડક ન્યાય થયો છે. મૂળ મધ્યપ્રદેશનો વતની અને કોટડા સાંગણી તાલુકાના નાના માંડવા ગામે ખેતમજૂરી કરતો આરોપી પ્રેમસિંગ સોભાનભાઈ ભુરિયા ઉવ.૩૫ એ મધ્યપ્રદેશથી મોરબીમાં ખેતમજૂરી કરવા આવેલા શ્રમિક પરિવારની ૧૫ વર્ષની દીકરીને પોતાના બાઈક ઉપર બેસાડી ભગાડી ગયો હતો. બાદમાં તેણે વારંવાર દુષ્કર્મ આચરતાં સગીરાને ગર્ભવતી બનાવી દીધી હતી. આ ઘટના અંગે પીડિતાની મોટી બહેન દ્વારા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપીની અટકાયત કરી હતી. ત્યારે આ કેસ મોરબીની ખાસ પોકસો અદાલતમાં ચાલી જતા, કેસની સુનાવણી દરમ્યાન અદાલતે દસ્તાવેજી પુરાવાઓ, મૌખિક સાક્ષીઓ તથા સરકારી વકીલ નિરજભાઈ કારીયાની ધારદાર દલીલોને આધારે આરોપી પ્રેમસિંગ ભુરિયાને દોષિત જાહેર કર્યો હતો. પોકસો અધિનિયમ હેઠળ અદાલતે આરોપીને ૨૦ વર્ષની સખ્ત કેદ તથા રૂ.૨૫,૦૦૦/- દંડની સજા ફટકારી છે.

# રાજકોટ: રૂ.૨.૮૦ લાખની મતા ઉઠાવી જનાર એમ.પી.ની ગેંગ ઝડપાઈ

## દોઢ માસ પૂર્વે રાત્રિના સમયે તસ્કરો રહેણાંકમાંથી રોકડ, દાગીના, મોબાઈલ તેમજ બાજુની સોસાયટીમાંથી બે મોટરસાયકલ ઉઠાવી ગયા'તા

## ચોરી, લૂંટ, મારામારી અને પોક્સો સહિતના ગુનાઓમાં સંડોવાયેલી ગેંગના સભ્યો દિવસે મજૂરી કરતા અને રાત્રે ચોરી કરવા ત્રાટકતા

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ મેટોડા જીઆઈડીસી વિસ્તારના રહેણાંક મકાનમાંથી રોકડ, દાગીના, મોબાઈલ મળી કુલ રૂ. ૨.૮૦ લાખની ચોરીને અંજામ આપ્યા બાદ બાજુની સોસાયટીમાંથી બે મોટરસાયકલ ઉઠાવી જનાર એમપી ગેંગના ત્રણ સભ્યોને પોલીસે રૂ. ૨.૬૧ લાખના મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા. જયારે એક શખ્સની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

સમગ્ર બનાવની વિગત પર નજર કરવામાં આવે તો ગત તા. ૦૯-૦૭-૨૦૨૫ ના રાત્રીના ૧૧:૩૦ થી તા. ૧૦-૦૭-૨૦૨૫ ના સવારે સાડા પાંચ વાગ્યા દરમ્યાન મેટોડા જીઆઈડીસી ગેટ નંબર-૧ ની સામે આવેલ જીગ્નેશ પાર્ક ખાતે દિનેશભાઈ પ્રેમજીભાઈ વાણીયાના મકાનમાં તસ્કરોએ અપપ્રવેશ કરી રોકડ રૂપિયા એક લાખ, સોનાનો ચેન જેની કિંમત રૂ. ૧.૬ લાખ, સોનાની બુટ્ટી જેની કિંમત રૂ.૫૦ હજાર, સોનાની વીંટી જેની કિંમત રૂ.૧૦ હજાર, ચાંદીનો ચુડો જેની કિંમત રૂ.૬ હજાર, ચાંદીની લકી જેની કિંમત રૂ.૩ હજાર તથા મોબાઈલ ફોન જેની કિંમત રૂ. ૫ હજાર મળી કુલ રૂ. ૨.૮૦ લાખની ચોરી કરી લેવામાં આવી હતી. બાદમાં તસ્કરો ભાગતી વખતે બાજુની સોસાયટીમાંથી બે સ્પ્લેન્ડર મોટરસાયકલની પણ ચોરી કરી લીધી હતી. જે અંગે મેટોડા જીઆઈડીસી પોલીસ મથકમાં ચોરીનો ગુનો દાખલ થયેલ હતો.

બનાવની ગંભીતાને ધ્યાને રાખી રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા



મિલકત સંબંધી ગુનાના આરોપીને તાત્કાલિક પકડી પાડવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને ડીવાયએસપી કે જી ઝાલાના સુપરવિઝન હેઠળ મેટોડા જીઆઈડીસી પોલીસ મથકના પીઆઈ એસ એચ શર્માની રાહબરી હેઠળ પોલીસ સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી તસ્કરોને શોધી કાઢવા હ્યુમન તેમજ ટેકનીકલ રિસોર્સના આધારે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો.

દરમિયાન મેટોડા જીઆઈડીસી પોલીસે હ્યુમન સોર્સ અને ટેકનીકલ રિસોર્સના આધારે જીતેન સોમસિંગ ચૌહાણ (ઉવ ૨૦ રહે. ફૂલડા ગામ, કુકાવાવ, અમરેલી મૂળ રહે. બીડ ગામ, તડવી ફળીયા, અલીરાજપુર, મધ્યપ્રદેશ) જોહરું ધનસિંગ બામણીયા (ઉવ ૨૧ રહે. સુરજી નેસડા ગામ, ટંકારા, મોરબી મૂળ રહે. દેકાકુંડ ગામ, અલીરાજપુર, મધ્યપ્રદેશ) અને મહેન્દ્રસિંહ ભોવાનસિંહ મહેડા (ઉવ ૨૦ રહે. છટવાની ગામ, ધાર,મધ્ય પ્રદેશ)ની રોકડ, દાગીના અને વાહન મળી કુલ રૂ. ૨.૬૧ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે ફરાર આરોપી દિનેશ મશાનિયા (રહે કદવાલ ગામ,અલીરાજપુર, મધ્યપ્રદેશ)ની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય બાબત છે કે, જીતેન ચૌહાણ વિરુદ્ધ ચોરી અને મારામારી સહિત સહિતના કુલ આઠ ગુના, જોહરું બામણીયા વિરુદ્ધ ચોરી, પોક્સો સહિતના કુલ પાંચ ગુના અને મહેન્દ્રસિંહ મહેડા વિરુદ્ધ ચોરી, લૂંટ, મારામારીના ચાર ગુના નોંધાઈ ચૂક્યાનું સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ઝડપાયેલા શખ્સો દિવસે ખેત મજૂરી કરતા હતા અને રાત્રીના સમયે ચોરી કરવા ત્રાટકતા હતા.

આ કામગીરીમાં મેટોડા જીઆઈડીસી પોલીસ મથકના પીઆઈ એસ એચ શર્મા, એસઆઈ મયુરસિંહ, હેડ કોન્સ્ટેબલ યોગીરાજસિંહ, હરેશભાઈ, જસમતભાઈ, કોન્સ્ટેબલ રાજદિપસિંહ, રવુભાઈ, શક્તિસિંહ, નીતિનકુમાર અને સુભાષભાઈ રોકાયા હતા.

**રોકડ, મોબાઈલ, દાગીના, વાહન મળી રૂ. ૨.૬૧ લાખનો મુદ્દામાલ કબ્જે, એક શખ્સની શોધખોળ : મેટોડા જીઆઈડીસી પોલીસની કાર્યવાહી**

# ગાંધીધામના પડાણામાં લૂંટના ઈરાદે યુવકની હત્યા

## મોબાઈલ અને રૂપિયા કાઢવાની કોશિશ દરમિયાન પડકાર કરતા છરી ઝીંકતા ટ્રક ચાલક ઢળી પડયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પડાણામાં આવેલા શ્રીરામ પ્લોટમાં રહી ડ્રાઈવિંગ કામ કરનાર સુનીલ નટ નામના યુવાનની હત્યા કરવામાં આવી હતી. મૃતકના પરિવારજનોના જણાવ્યા અનુસાર આ યુવાન ટ્રક ચલાવતો હતો તેમાં મોરબી લઈ ગયો હતો. આ યુવાન સાથે તેની માસીનો દીકરો એવા ફરિયાદી વિશાલ મનોજ નટ પણ સાથે ગયો હતો. આ બંને ગત તા. ૨૦/૮ના બપોરના સમયે મોરબી ગયા હતા, જ્યાં એક રાત રોકાયા હતા અને બીજા દિવસે બસમાં બેસીને આ બંને પરત આવવા નીકળ્યા હતા. રાત્રે પડાણા-જવાહરનગર પુલ પાસે બસમાંથી ઊતરી શ્રમિક વસાહતમાં જવા માટે આ બંને કૌટુંબિક



ભાઈઓ સર્વિસ રોડ પર પગપાળા જઈ રહ્યા હતા તેવામાં જૂની એ.આર.સી. હોટેલ નજીક બાઈક પર ત્રણ અજાણ્યા શખ્સો ત્યાં આવ્યા હતા. પાછળ બેઠેલો શખ્સ આ બંને યુવાનો પાસે આવ્યો હતો અને ફરિયાદી વિશાલના ખિસ્સામાંથી મોબાઈલ તથા સુનીલના ખિસ્સામાંથી રૂપિયા બળજબરીપૂર્વક કાઢવાની કોશિશ કરી હતી. જેની આ બંનેએ ના પાડતાં ઉશ્કેરાયેલા આ લૂંટારુએ સુનીલ નટને છરી ભોંકી દીધી હતી. જોરથી ઘા લાગતાં આ યુવાન ત્યાં જ ઢળી પડયો હતો. તેવામાં આરોપી નાસવા જતાં ફરિયાદીએ તેને પકડવાની કોશિશ કરી હતી, પરંતુ ત્રણેય શખ્સો બાઈક પર સવાર થઈ નાસી જવામાં સફળ રહ્યા હતા. લૂંટની કોશિશ, છરી વડે હુમલાના આ પ્રકરણમાં ગંભીર ઈજાઓ થતાં ત્રણ સંતાનના પિતા એવા આ યુવાનને સારવાર મળે તે પહેલાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. બી ડિવિઝન પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# વિસાવદર: સરકારી હાઈસ્કૂલ ખાતે 'દિન વિશેષ'ની ઉજવણી

## લાયન્સ ક્લબ દ્વારા વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરાયા



**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

વિસાવદર સરકારી હાઈસ્કૂલ ખાતે લાયન્સ કલબ વિસાવદર દ્વારા કલબના પ્રેસિડેન્ટ લાયન રમણીકભાઈ ગોહેલ ના માર્ગદર્શન હેઠળ દિન વિશેષ ઉજવણી કરવામાં આવેલ જે અંતર્ગત વિશ્વ વરિષ્ઠ નાગરિક દિવસ તેમજ ભારતીય ક્રિકેટર વિનુ માંકડ પુણ્યતિથિ અંતર્ગત દિન વિશેષ વિશે વાર્તાલાપ સંવાદ બાદ બંન્ને વિષય વિશે નિબંધ લેખન સ્પર્ધા યોજવામાં આવેલ જેમાં વિદ્યાર્થીઓએ હોંશે હોંશે ભાગ લીધેલ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને લાયન્સ કલબ વિસાવદર દ્વારા પ્રોત્સાહિત પુરસ્કાર એનાયત કરી પુરસ્કૃત કરી લાયન વર્ષ ૨૦૨૫/૨૬ સ્લોગન ''નીડ બેઝ સર્વિસ પ્લસ''ને સાર્થક કરવાનો ઉમદા પ્રયત્ન કરવામાં આવેલ. કાર્યક્રમ દરમિયાન સંસ્થાના પ્રિન્સિપાલ વિમલભાઈ સાગર, નીલેશભાઈ કોટડીયા, અશોકભાઈ ચૌહાણ, સોનલબેન ગાજીપરા તેમજ પૂર્ણાબેન ચાવડા સહિત સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા.

# ભાવનગર પંથકના પાંચ કુખ્યાત બુટલેગરો સામે પાસા વોરંટ જારી થતા એલસીબીએ તમામને કર્યા જેલ હવાલે

## ગુનેગારો સામે પોલીસની આકરી કાર્યવાહીથી અસામાજિક તત્વોમાં ફફડાટ

**અબતક આનંદરાણા શિહોર**

ભાવનગર શહેર જિલ્લામાં વિદેશી દારૂની પ્રવૃત્તિમાં સંઘવાયેલા પાંચ બુટલેગરોને પાસા હેઠળ અલગ અલગ જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે.ભાવનગર પોલીસ મહાનિરીક્ષક ગૌતમપરમાર પોલીસ અધિક્ષક ડો, હર્ષદ પટેલ ના આદેશના પગલે એલસીબી એ જિલ્લાના બુટલેગરો સામે પાસાની દરખાસ્ત તૈયાર કરતા જિલ્લા કલેકટરે તમામ સામે પાસા ના વોરંટ જારી કરતા એલસીબીએ વોરંટ ની બજવણી કરી વડવા ના હરદેવ હરેશ ગોહિલ ને ઝડપી રાજકોટ જેલ હવાલે, કિશન ભુપત સોલંકી ૬૦ ફળી વાળા ને સાબરમતી જેલ હવાલે, દિલીપ સુખા ગોહિલ ધ્રુપકા સિહોર વાળાને વડોદરા જેલ હવાલે, વિક્રમ ઉર્ફે વિકી હરજી જાંબુચા ઘોઘા જકાતનાકા ને લાજપોર સુરત જલવાલે, યોગેશ ઉર્ફે યોગી ચેલા રામ



રાજા અધેવાડા રોડ અને ખાસ જેલ ભુજ માં ધકેલી દેવામાં આવ્યો છે આ કામગીરી માં એલસીપીઆઈ એ આર વાળા, અને ટીમના હરગોવિંદભાઈ બારૈયા, હિતેશભાઈ મકવાણા, ઘનશ્યામભાઈ ગોહિલ, સાગરભાઈ જોગદીયા, ભોપાલસિંહ ચુડાસમા, બીજલભાઈ કરમટીયા, રવિરાજસિંહ ગોહિલ, અનિલભાઈ સોલંકી, ચંદ્રસિંહ વાળા, હરીચંદ્ર સિંહ દિલુભા એ જાહેર મત ઉઠાવી હતી ભાવનગર ના બુટલેગરો સામે તંત્રની લાલ આંખથી અસામાજિક તત્વમાં ફફડાટ ફેલાઈ ગયો છે

# જૂનાગઢ બ્રહ્માકુમારી દ્વારા કાલે રકતદાન કેમ્પ

**અબ તક દર્શન જોશી, જુનાગઢ**

સમગ્ર વિશ્વમાં સમાજ ઉત્થાન અને સેવા કાર્ય કરતી આંતરરાષ્ટ્રીય સંસ્થા બ્રહ્માકુમારી દ્વારા સંસ્થાના પૂર્વ પ્રશાસિકા દાદી પ્રકાશમણીજીના ૧૮ મા સ્મૃતિ દિવસ ૨૫ ઓગસ્ટ ૨૦૨૫ થી નિમિત્તે કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી. નડ્ડાના હસ્તે દિલ્હીથી એક રાષ્ટ્રીય રક્તદાન મહાઅભિયાન શરૂ કરવામાં આવ્યું છે. અને તા. ૨૨ થી ૨૫ ઓગસ્ટ દરમિયાન ભારતભરમાં ૨ હજારથી વધુ બ્રહ્માકુમારી સેવા કેન્દ્રો પર રક્તદાન શિબિરોનું આયોજન થશે. તેમજ સંસ્થાએ ૧૦૦ કલાકમાં ૧ લાખ યુનિટ રક્ત એકત્રિત કરી ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે.

આ સેવાકીય મુહિમમાં જુનાગઢના સેવા કેન્દ્રો પણ જોડાશે. અને આ રક્તદાન શિબિર રવિવાર, તા. ૨૪ ઓગસ્ટના રોજ સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા દરમિયાન બ્રહ્માકુમારીઝ, નવ જ્યોતિ ભવન, ગિરનાર દરવાજા, રાધા નગર સોસાયટી ખાતે યોજાશે. આ અભિયાનને સફળ બનાવવા બ્રહ્માકુમારી, સમાજસેવા વિભાગ અને ગિરનારી ગ્રૂપ દ્વારા શહેરીજનોને રક્તદાન કરવા યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ચોટીલાના કાળાસર ગામે જુગાર ક્લબ પકડાઈ: રાજકોટના પાંચ સહિત ૨૬ ઝડપાયા

## સ્થાનિક પોલીસને અંધારામાં રાખી લીંબડી ડીવાયએસપીએ દરોડો પાડ્યો: રાજકોટ, ચોટીલા, અમરેલી, સુરેન્દ્રનગર, મોરબી, વાંકાનેર અને જામનગરના પંટરો લોકેશનની બીકે મોબાઈલ ઘરે મૂકીને રમવા આવ્યા

### રૂ.૪.૫૦ લાખ રોકડા, બે કાર, બે બાઈક મળી રૂપિયા ૧૪.૨૬ લાખનો મુદ્દામાલ કબજે, વાડી માલિક સહિત બે ફરાર



**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

ચોટીલા તાલુકાના કાળાસર ગામની સીમમાં ધમધમતી જુગારની કલબ પર સ્થાનિક પોલીસને અંધારામાં રાખી લીબડી ડીવાયએસપી એ દરોડો પાડી જુગાર રમતા રાજકોટ જામનગર મોરબી વાંકાનેર ચોટીલા ચુડા સુરેન્દ્રનગરના મળી ૨૬ પંટરોની ધરપકડ કરી જુગારના નપટમાંથી રોકડા ૪.૫૦ લાખ બે કાર બે પંખા મળી રૂ.૧૪.૨૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

દરોડાની ગંધ આવી જતા વાડી માલિક સહિત બે શખ્સો નાસી છૂટતા ધરપકડ કરવા ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. જુગારીયા દ્વારા પોલીસથી બચવા મોબાઈલ ઘરે મૂકીને રમવા આવતા હોવાનું પડદા ફાસ થયો છે. વધુ વિગત મુજબ ઝાલાવડ પંથકમાં દારૂ અને જુગારની બધી ડામી દેવા જિલ્લા પોલીસ વડા ગિરીશ કુમાર પંડ્યાએ આપેલી સૂચનાને પગલે લીમડી ડીવાયએસપી વીએમ રબારી ના માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે ચોટીલા તાલુકાના કાળાસર ગામે રહેતા ગણેશ દેવા ધોરાળીયાની વાડીમાં ચંદુ લાખા ગાબુ નામનો શખ્સ જુગારની કલબ ચલાવતો હોવાની મળેલી બાતમીના આધારે પીએસઆઈ એએમ ચુડાસમા એ.એસ.આઈ હેમુભાઈ સોલંકી એટ કોન્સ્ટેબલ હિતેન્દ્રસિંહ વાળા ધર્મેન્દ્રસિંહ પરમાર હસમુખભાઈ ડાભી અને ઈશ્વરભાઈ રંગપરા સહિતના સ્ટાફે દરોડો પાડ્યો હતો.

જુગાર રમતા ચોટીલાના કાળાસર ચંદુ લાખા ગાબુ, મથુર ઉકા શેખ, સુનિલ મહિપત કમ્બોયા, ચોટીલાનો રાહુલ ચીમન ચૌહાણ, ભરત ઉર્ફે હકો, મનસુખ અઘારા, દિપક ચમન રાવળદેવ, રાજકોટના ન્યૂ જાગનાથમાં રહેતો મુકુંદરાય રતિલાલ પારેખ, કોઠારિયા રોડ પર સાગર સોસાયટીમાં રહેતો અમૃત કિશોર ચુડાસમા, ગ્રીનલેન્ડ ચોકડી નવાગામ પાસે રહેતો ભગવાન કરશન ચૌહાણ, અશોક વાલજી સોરઠીયા, નાના મવામાં રહેતો ચતુર ગણેશ પટેલ, સરધાર રહેતો અશોક કાનજી પટેલ, રાજેશ મુળજી પટેલ, જેતપુરનો વિશાલ હરસુખ રાવળદેવ, ચુડાના વિનુ સુખા ધરજીયા, ચંદુ દીપા કાલીયા, શંકર કાળુ ધોળકીયા, વાંકાનેરના ઢુંવાનો વિક્રમ દિલુ, મોરબીનો કૌશિક હરજીવન પટેલ, મનસુખ રતિલાલ પટેલ, બાબરાનો દિલીપ ચંદુ જસાણી, જસદણનો હકા ગાંડા કોળી, મોરબીનો શોયબ સુભાષ ઘાંચી, શોકત અયુબ મોવર અને ઈસ્માઈલ જીવા વકાલીયાની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા ૪.૫૦ લાખ, બે કાર અને એક બાઈક મળી રૂ.૧૪.૨૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જ્યારે દરોડા દરમિયાન નાશી જનાર વાડી માલિક ગણેશ દેવા ધોરાડીયા અને રાજકોટનો વાસુ કુંવરીયા લુહાણાની શોધખોળ હાથધરી છે.

# ઉપલેટાના બડા બજરંગ રામમંદિરે ૧૦૦૮ દીપમાળા તથા ફળાહારમાં ભક્તો જોડાયા

## બડા બજરંગ રામમંદિરના અલૌકિક શણગારના દર્શનનો ઉપલેટાવાસીઓએ લીધો લાભ

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટા શહેરનું અનેરૂં આસ્થાનું પ્રતીક બડા બજરંગ રામ મંદિરે ઉપલેટા ખાતે શ્રાવણ માસના દર સોમવારે ૧૦૦૮ દીવાની દીપ માળાના અલૌકિક દર્શનનો લાભ બહોળા ભક્તોનો લે છે. તેમજ ફળાહારમાં આવેલા તમામ ભક્તોને પ્રસાદનું વિતરણ કરવામાં આવે છે. પવિત્ર શ્રાવણ માસના દર સોમવારે મહાદેવને ૧૦૦૮ દીવાની દીપ માળાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ તેમજ ફૂલોનો અલૌકિક શણગારના દર્શનનો લાભ ઉપલેટા શહેર વિશાળ સંખ્યામાં ભક્તોએ લાભ લીધો. ભગવાન ભોળનાથને શીશ નમાવી ધન્યતા અનુભવી. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા બડા બજરંગ રામ મંદિર સમિતિના જયેશભાઈ ત્રિવેદી, આનંદભાઈ સોની, વિક્રમસિંહ સોલંકી, પરાગભાઈ કોટેચા,



તસવીર : શહેઝાદ બાદશાહ

ભાવેશભાઈ સુવા, ચંપકભાઈ પાદરીયા, નથુભાઈ ચંદ્રવાડિયાએ જહેમત ઉઠાવી હતી.

ઉપલેટા નગર પાલિકા પ્રમુખ વર્ષાબેન ગજેરા, મયુરભાઈ સુવા, જગદીશભાઈ વિરમગામા, મનોજભાઈ નંદાણીયા, નિકુલભાઈ ચંદ્રવાડિયા, ચિંતનભાઈ કરાવડિયા, રઘુભા સરવૈયા, અસ્મિતાબેન મુરણી, જેઠાભાઈ ડેર, લખમણભાઈ ભોપાળા, નિલેશભાઈ જોષી, નીલુભાઈ ગોંધિયા, સુનિલભાઈ ધોળકિયા, દાનભાઈ ચંદ્રવાડિયા, સંદીપભાઈ નથવાણી, ચંદુભાઈ વ્યાસ, ભરતભાઈ જોષી, બહાદૂભાઈ ડાંગર, મનુભાઈ બારોટ, ભાવેશભાઈ જેનાણી ભારતીબેન બાબરીયા, મંજુબેન માકડિયા સહિતના બહેનોએ હાજરી આપી હતી અને ધન્યતા અનુભવેલ. મંદિરના સેવકો પ્રકાશભાઈ પરમાર, ભરતભાઈ મહેતા વગેરેએ જહેમત ઉઠાવવી.

# અમદાવાદમાં સિંધી વિદ્યાર્થીના હત્યાના ઉપલેટામાં પડઘા: ન્યાયની માંગ સાથે અપાયું આવેદનપત્ર

## સમસ્ત હિન્દુ સમાજે તંત્રને આવેદન પાઠવી આ ઘટનાથી બોધપાઠ લઈ આકરી સજા આપવા કરી રજુઆત

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

ગુજરાતના આર્થિક મહાનગર અમદાવાદના ખોખરા ખાતે આવેલી સેવન્થ ડે સ્કૂલમાં સિન્ધી સમાજના સગીરની નજીવી બાબતે મુસ્લીમ સગીર દ્વારા થયેલી જધન્ય હત્યા સમગ્ર રાજ્ય-દેશમાં ગંભીર ચિંતા ઉપજાવે તેવી બાબત છે.

અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં ધો.૧૦માં અભ્યાસ કરતા સિન્ધી સમાજના તેજસ્વી તારલા નયન (યુવી) ગીરીશકુમાર સંતાણીની ગત રોજ મુસ્લીમ સમાજના ધો.૮માં અભ્યાસ કરતા સગીરે સામાન્ય ધક્કામુક્કી જેવી નજીવી બાબતે હત્યા કરી નાંખતા



તસવીર : શહેઝાદ બાદશાહ

સમગ્ર ભારતવર્ષના સિન્ધી સમાજના બાંધવો સ્તબ્ધ શોકમય અને ચિંતામગ્ન થઈ ગયા છે.

સરસ્વતી માતાના મંદિર સમા વિદ્યાધામ એવી સ્કૂલમાં નજીવી બાબતમાં જો હત્યા જેવું અઘટીત, જધન્ય કૃત્ય આચરવામાં આવે તે તો અસહ્ય અને અન્યાયી બાબત છે.

આ મામલે હસ્તક્ષેપ કરીને અન્યાયનો ભોગ બનેલા અને પોતાના જીવનના કુળદિપક સમા પુત્રને ગુમાવનાર સંતાણી પરિવારને ન્યાય અપાવવા અને ભવિષ્યમાં રાજ્યમાં કોઈપણ સ્કૂલમાં આવો અઘટીત બનાવ ન બનવા પામે તેના આગોતરા પગલા લઈ દોષીત સગીર વયનો લાભ લઈને છૂટી ન જાય અને તેને ફાંસી જેવી આકરી સજા થાય અને તેનો બોધપાઠ લઈને કોઈપણ સગીર બાળકો આવો ક્રૂર હત્યાનું કૃત્ય આચરી ન શકે તેવો ન્યાય અપાવવા સમસ્ત સિન્ધી સમાજ વતી સમસ્ત હિન્દુ સમાજે તંત્રને આવેદન પત્ર પાઠવ્યું હતું.


## જામનગર ક્રાઇમ ડાયરી

# ઠેબા ચોકડી નજીક ''જય ચાવંડ ટીમ્બર'' નામની ફેક્ટરીમાં ભીષણ આગ ભભુકી

## ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લીધીઃ મોટી જાનહાની ટળી

**અબતક, જામનગર**

જામનગર નજીક ઠેબા ચોકડી પાસે ટિમ્બર ફેક્ટરીમાં ગત મોડી રાત્રે અકસ્માતે આગ લાગી હતી. આગે ભીષણ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ફાયર બ્રિગેડ ની ટુકડીએ સતત પાંચ કલાકની જહેમત લઈને આશરે પાંચ જેટલા પાણીના ટેન્કરનું ફાયરિંગ કરી ને આગને કાબુમાં લઈ લીધી હતી.



આ અંગે મળતી માહિતી પ્રમાણે, ગત મોડી રાત્રે આશરે ૦૨:૪૫ આસપાસ જામનગર શહેરના ઠેબા ચોકડી વિસ્તાર નજીક આવેલી ''જય ચાવંડ ટીમ્બર''નામની ફેક્ટરીમાં ભીષણ આગ લાગી હતી. લાકડાના કૃષિ સાધનો બનાવતી આ ફેક્ટરીમાં આગ લાગતાં થોડી ક્ષણોમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. જેમાં આ ફેક્ટરીમાં મોટુ નુકસાન થયું હોવાની શક્યતા છે.

''જય ચાવંડ ટીમ્બર'' નામની ફેક્ટરીમાં આગ લાગતાં જ આસપાસના વિસ્તારોમાં અફડાતફડીનો માહોલ જોવા મળ્યો હતો. તેમજ દૂર-દૂર સુધી ધુમાડાના ગોટે ગોટા જોવા મળ્યા હતા. આ ઘટના બનતાની સાથે જ તાત્કાલિક ધોરણે જામનગર ફાયર વિભાગને જાણ કરવામાં આવી છે.

ભારે જહેમત બાદ જામનગર ફાયર બ્રિગેડની ટીમે ૩ ફાયર ફાઈટર દ્વારા આગ પર કાબૂ મેળવ્યો છે. જો કે સદનશીબે મોટી દુર્ઘટનામાં કોઈ પણ જાનહાનિ થઈ નથી. જામનગર મહાનગર પાલિકાની ફાયર બ્રિગેડ શાખાના ફાયર ઓફિસર કામિલ મહેતા કુલ ૧૨ જેટલા ફાયર ફાઈટરના જવાનોની ટીમ સાથે મોડી રાત્રે બનાવના સ્થળે પહોંચી ગયા હતા અને આશરે જુદા-જુદા પાણીના પાંચ ફેરા કરીને ફાયર ફાઈટરની મદદથી આગને બુઝાવી હતી અને લગભગ ચાર કલાકથી વધુ સમય સુધી આ કામગીરી ચાલી હતી.

ફાયર શાખાની સમય સૂચકતાના કારણે લાકડાનો અન્ય મોટો જથ્થો બચાવી લીધો હતો. ફેક્ટરીના માલિક પિયુષભાઈ ગોહિલ દ્વારા નુકસાની અંગેની સર્વેની કામગીરી કરવામાં આવી રહી છે.

# ટાઉનહોલ સર્કલમાં ચાલુ બાઈકમાં આગ ભભૂકી

## ચાલક છલાંગ મારીને નીચે ઉતરી જતાં તેનો બચાવ થયો

**અબતક, જામનગર**

જામનગર શહેરમાં ટાઉનહોલ સર્કલમાં બપોરે ૧.૧૫ વાગ્યા ના અરસામાં સાહિલ સંઘાર નામનો એક યુવાન પોતાનું જીજે ૧૦ ડી.ક્યુ. ૨૧૭૪ નંબરનો હીરો હોન્ડા સ્પ્લેન્ડર બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો.



જે દરમિયાન બાઈકમાં સ્પાર્ક થયા બાદ આગ લાગી ગઈ હતી, અને બાઈક સળગવા લાગ્યું હતું.. સમય સૂચકતા વાપરીને સાહિલ સંઘાર બાઈકમાંથી નીચે ઉતરી ગયો હતો, અને તેનો બચાવ થયો હતો. પરંતુ ક્ષણભરમાં જ બાઈક ભડકે બળવા લાગ્યું હતું.જેથી તેણે ફાયર બ્રિગેડને જાણ કરી હતી. આથી ફાયર શાખાની ટુકડી બનાવના સ્થળે દોડી ગઈ હતી, અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. પરંતુ તે પહેલા બાઈક સળગીને ખાખ થયું હતું.

# સપડા ગામેથી અપહરણનો આરોપી ઝડપાયો

**અબતક, જામનગર**

દાહોદ પંથકમાંથી યુવતીનું અપહરણ કરી નાસી છૂટેલો આરોપી જામનગર પંથકમાં આવ્યો હોવાની બાતમીના આધારે એસઓજી પોલીસે સપડા ગામની એક વાડીમાંથી ઝડપી લીધો હતો અને તેની સાથે ભોગ બનનારનો પણ કબજો મેળવ્યો હતો.

જામનગર એસઓજી પોલીસને બાતમી મળી હતી કે, દાહોદના સુખસર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણના ગુન્હામાં નાસતો ફરતો આરોપી અશ્વીન નવીનભાઈ ગરાસીયા (રહે.બાબરોલ, તા.સંતરામપુર, જિ. મહિસાગર) હાલ સપડા, જામનગર ગામમાં એક વાડીમાં ખેતમજૂરી કામ કરે છે. તેવી બાતમીના આધારે એસઓજી પોલીસ સ્ટાફે દરોડો પાડી આરોપીને ઝડપી લીધો હતો. આ ઉપરાંત ભોગ બનનારનો પણ પોલીસે કબજો મેળવ્યો હતો. જામનગર પોલીસ દ્વારા આરોપી બાબતની જાણ દાહોદ પોલીસને કરવામાં આવી છે.

# મોટી ખાવડીના પાટીયા પાસે માર્ગ અકસ્માતમાં યુવકનું મોતઃ બે ઘાયલ

## ખાનગી બસે બોલેરો પીકઅપ વેનને ટક્કર મારી

**અબતક, જામનગર**

જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર મોટી ખાવડી ગામના પાટિયા પાસે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. લક્ઝરી બસે બોલેરો પીકઅપ વેનને પાછળથી ટક્કર મારતા બોલેરોમાં સવાર એક યુવાનનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું, જ્યારે અન્ય બે વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

અકસ્માત સવારે ૮:૩૦ વાગ્યાની આસપાસ બન્યો હતો. મૃતક યુવાનની ઓળખ મોટી ખાવડી ગામના ૩૬ વર્ષીય જીતેન્દ્ર નાથાભાઈ તરીકે થઈ છે. જ્યારે ઈજાગ્રસ્ત દીપક ચંદુભાઈ અને રાહુલભાઈ ચંદ્રવડિયાને તાત્કાલિક સારવાર માટે જામનગરની સરકારી જી. જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.





અકસ્માતને પગલે હાઈવે પર થોડા સમય માટે વાહનવ્યવહાર ખોરવાયો હતો અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં જ પડાણા પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ કિરીટભાઈ બાબરીયા અને રાઈટર કિરણભાઈ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસે મૃતદેહનો કબજો મેળવીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે વાહનવ્યવહારને પૂર્વવત્ કર્યો હતો અને અકસ્માત સર્જી ભાગી ગયેલા બસ ચાલક વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# જોડીયાઃ કેશીયા ગામે ખરાબામાં વાવેતર કરનાર ત્રણ સામે લેન્ડ ગ્રેબિંગ

## પ્રાંત અધિકારીની ટીમ દ્વારા તપાસ દરમિયાન સમગ્ર પ્રકરણ સામે આવતાં નાયબ મામલતદારે ફરિયાદ નોંધાવી

**અબતક, જામનગર**

જોડિયા તાલુકાના કેશિયા ગામમાં આવેલી સરકારી ખરાબા ની જગ્યામાં ગેરકાયદે પેશકદમી કરી વાવેતર કરનાર ત્રણ ખેડૂતો સામે જોડીયા પોલીસ મથકમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

જામનગર જિલ્લાના જોડીયામાં આવેલી મામલતદારની કચેરીના નાયબ મામલતદાર એ.વી. ગરૈયા દ્વારા જોડિયા પોલીસ પોલીસ મથકમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો દાખલ કરાવ્યો છે, અને જોડિયા તાલુકાના કેશીયા ગામના ધરમશીભાઈ હરજીભાઈ ચાવડા, મનોજ ધરમશીભાઈ ચાવડા, અને સતીશ ધરમશીભાઈ ચાવડા સામે સરકારી ખરાબાની આશરે બે હેક્ટર જેટલી જમીનમાં ગેરકાયદે વાવેતર કરી નાખવા અંગે ગુનો નોંધાવ્યો છે.

ઉપરોક્ત ત્રણેય આસામી સામે એક ખાતેદાર ખેડૂત દ્વારા જિલ્લા કલેકટર સમક્ષ લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ અરજી કરવામાં આવી હતી, અને તે અરજીના અનુસંધાને ધ્રોળ પ્રાંત અધિકારીની કચેરી દ્વારા તપાસ કરવામાં આવી હતી, તે તપાસ દરમિયાન ઉપરોક્ત ત્રણેય ખેડૂતો દ્વારા સરકારી ખરાબાની જગ્યામાં પણ ગેરકાયદે પેશકદમી કરી લઈ જમીન પચાવી પાડવાનો કારસો રચ્યો હોવાનું સામે આવ્યું હતું. જેથી સરકારી જમીન પચાવી પાડનારા ત્રણેય ખેડૂતો સામે ગુન્હો નોંધવામાં આવ્યો છે, અને ગ્રામ્ય વિભાગના ડી.વાય.એસ.પી. આર.બી. દેવધા સમગ્ર મામલાની તપાસ ચલાવી રહ્યા છે.

# જામનગર જિલ્લામાં જુગારના વધુ પાંચ દરોડા

## જામજોધપુર, શેઠવડાળા, અમરાપરા અને સંગમબાગમાં પત્તા ટીંચતા નવ મહિલા સહિત ૩૭ ઝડપાયા

**અબતક, જામનગર**

જામનગર જિલ્લામાં પોલીસે જુગાર વધુ પાંચ દરોડા પડી ૯ મહિલા સહિત ૩૭ જુગારીઓને ઝડપી લીધા હતાં.

જામનગરમાં સંગમબાગનો ઢાળિયો ઉતરતાં જાહેરમાં જુગાર રમતા સ્મિતભાઈ રાજેશભાઈ પરમાર, ક્રિપાલસિહ શીવુભા ઝાલા, રોનકભાઈ દેવેન્દ્રભાઈ મકવાણા, ભકતેશ અમીતભાઈ પાંભર, જયદીપસિહ રાજેન્દ્રસિહ જાડેજા, જયરાજસિહ દીપસિહ જાડેજા નામન છ શખ્સોની રૂા.૧૦૪૦૦ની રોકડ સાથે અટકાયત કરી હતી.

જ્યારે શેઠવડાળામાં જુગાર રમતા વિપુલભાઈ ચંદુભાઈ પરમાર, રાજેશભાઈ ગોગનભાઈ પાટડીયા, જાયદાબેન વલીમામદ હાલેપોત્રા, સમિરાબેન વલીમામદ હાલેપોત્રા, સ્નેહાબેન નિલેષભાઈ ટીલવા, જેબુનબેન ઈસ્માઈલભાઈ રાવકરડા નામના ચાર મહિલા સહિત છ શખ્સોને રૂા.૧૦૨૭૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં. જામજોધપુરમાં કન્યાશાળા પાછળ જુગાર રમતા હિતેષભાઈ લાલજીભાઈ મોલાડીયા, ભાનુબેન સુરેશભાઈ પાટડિયા, નૈનાબેન રામજીભાઈ પડલીયા, જ્યોતીબેન સુરેશભાઈ મકવાણા, વર્ષાબેન હીતેષધાઈ મોલાણીયા, કોમલબેન તુષારભાઈ બારૈયા નામના પાંચ મહિલા સહિત છ શખ્સોને રૂા.૧૦૧૩૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં. જ્યારે જામજોધપુરના અમરાપર ગામે આવેલ બસ સ્ટેન્ડ પાસે જાહેરમાં જુગાર રમતા કારાભાઈ ખીમાભાઈ પરમાર, હનીફભાઈ કાસમભાઈ સીડા, રણજીતભાઈ રામદેભાઈ ખુંટી, ચનાભાઈ ગોગનભાઈ કડેગીયા, વિરમભાઈ રામભાઈ કડછા, રામાભાઈ અરજણભાઈ ઓડેદરા, લીલાભાઈ ઉગાભાઈ ટીંબા, સુમીતભાઈ દેવાભાઈ દાસા, દિલીપભાઈ સવદાસભાઈ ખુંટી, રમેશભાઈ રાજાભાઈ ઓડેદરા, કાનાભાઈ જીવાભાઈ રાતીયા, ભનુભાઈ કુંભાજીભાઈ કડેગીયા નામના ૧૨ શખ્સોને કુલ રૂા.૬૦૨૦૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં.

ઉપરાંત જામજોધપુરમાં જુગાર રમતા હરપાલસિંહ બળુભા જાડેજા, રવિરાજસિંહ ઘેલુભા જાડેજા, ચતુરસિંહ જયવંતસિંહ ઉર્ફે જયુભા જાડેજા, વિશાલસિંહ દશરથસિંહ જાડેજા, રવિંદ્રસિંહ નાથુભા જાડેજા, ગજુભા ઉદુભા જાડેજા, સહદેવસિંહ ભરતસિંહ જાડેજા નામના સાત પત્તાપ્રેમીઓને રૂા.૨૧૫૩૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા.

# ઉપલેટામાં સર્વ પિતૃ અમાસ નિમિતે પિતૃ તર્પણ કરવા શ્રધ્ધાળુઓ ઉમટયાં

## શ્રાવણમાસના અંતિમ દિવસે શિવાલયો હર હર મહાદેવના નાદથી ગૂંજી ઉઠ્યું

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

પવિત્ર શ્રાવણ માસમાં આખો માસ ભગવાન ભોળાનાથની ભકિતમાં લીન બનેલા ભકતો તેમજ પિતૃમાં આસ્થા ધરાવતા પરિવારના ભાઈઓએ આજે વહેલી સવારથી પિતૃ સમાન પિપળાના વૃક્ષને પાણી અર્પણ કરવા લાઈનો લાગી હતી.



તસ્વીરઃ શહેઝાદ બાદશાહ

બગીચાની બાજુમાં બડાબજરંગ હનુમાન મંદિરના સાનિધ્યમાં આવેલ પિપળાના વૃક્ષને આજે સવારે સર્વ પ્રથમ સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ જીમેશભાઈ વ્યાસ પરિવાર દ્વારા પીપળાના વૃક્ષ પાસે પૂજન અર્ચન કરી પવિત્ર પંચનામૃત અને પીતળના લોટાથી પિતૃને જલ અર્પણ કર્યું હતુ. સવારથી જ આ સ્થળે પિતૃને જલ અર્પણ કરવા લાઈનો લાગી હતી.

# જામજોધપુર નજીક બાઈક અને બુલેટ વચ્ચેના અકસ્માતમાં ધુનડાના વિપ્ર યુવાનનું મોત

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુર નજીક સમાણા રોડ પર એક મોટરસાયકલને પાછળથી બુલેટ ચાલકે ઠોકરે ચડાવતાં મોટરસાયકલ ચાલક ધૂનડા ગામના યુવાનનું ગંભીર ઈજા થવાથી કરુણ મૃત્યુ નિપજ્યું છે.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના ધુનડા ગામમાં રહેતા કૌશિકભાઈ રમણીકભાઈ જોશી, કે જેઓ પોતાનું મોટરસાયકલ લઈને સડોદર ગામ થી સમાણા ગામ તરફ જઈ રહ્યા હતા, જે દરમિયાન પાછળથી આવી રહેલા જી.જે. ૬ એલ.ક્યુ. ૩૦૩૮ નંબરના બુલેટ ના ચાલકે ઠોકરે ચડાવતાં અકસ્માત સર્જાયો હતો, જે અકસ્માતના તેને માથાના ભાગે હેમરેજ સહિતની ગંભીર થઈ હતી, અને કરુણ મૃત્યુ નિપજ્યું છે.

આ અકસ્માતના બનાવ અંગે મૃતક ના ભાઈ હાર્દિક રમણીકભાઈ જોશી શેઠ વડાળા પોલીસ મથકમાં બુલેટ ચાલક સામે ફરિયાદ નોંધાવી છે.

(પહેલા પાનાનું ચાલું)

**સિરિયન શંકાસ્પદો...**

ઓપરેશન સિંદૂર બાદ અમદાવાદના સંયુક્ત પોલીસ કમિશનર શરદ સિંઘલે ક્રાઈમ બ્રાન્ચના પોલીસકર્મીઓને સંવેદનશીલ વિસ્તારમાં વોચ વધારવા સૂચના આપી હતી. દરમિયાન ક્રાઈમ બ્રાન્ચના પોલીસકર્મીઓને સૈનિક જેવા બાંધાવાળા અને અરબી ભાષામાં વાત કરતા લોકો પર શંકા ગઈ હતી. તેમની વોચ વધારતા જ સેન્ટ્રલ એજન્સીઓએ પણ તેમના પર શંકા હોવાની માહિતી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને આપી હતી.

દરમિયાન ડીસીપી અજીત રાજીયાણ અને એ.સી.પી ભરત પટેલે સતત ત્રણ દિવસ સુધી તેમના પર વોચ ગોઠવીને તેમની હિલચાલ જાણી હતી. જેમાં તેમણે ગાઝામાં મદદના નામે એકઠા કરેલા રૂપિયા પૈકી ૩૪૦૦ ડોલર એટલે કે, લગભગ ૩ લાખ જેટલી રકમ સીજી રોડના એક ફોરેન એક્સચેન્જથી દુબઈ ટ્રાન્સફર કરી હતી. આ વિગતો આધારે ક્રાઈમ બ્રાન્ચે હાલ છ પૈકી ત્રણની અટકાયત કરી પૂછપરછ શરૂ કરી છે, જ્યારે અન્ય ત્રણ ફરાર થઈ ગયા છે. સિરિયન શંકાસ્પદો એક માસ પૂર્વે ટુરિસ્ટ વિઝા પર ભારત આવ્યા હતા. અહી ગાઝામાં યુદ્ધ દરમિયાન થયેલી તબાહી માટે ડોનેશન માંગી રહ્યાં હતા. જો કે તેમની આ પ્રવૃતિ દેખાડા પુરતી હોવાનું મનાઈ રહ્યું છે. રાઉન્ડઅપ કરેલા ત્રણેયની હાલ ક્રાઈમ બ્રાન્ચમાં આકરી પૂછપરછ કરવામાં આવી રહી છે.

**જુના વાહનો...**

સરકારે લોકોને આ નવા નિયમોનું પાલન કરવા અને જૂના વાહનોને નવા, પર્યાવરણને અનુકૂળ વાહનો સાથે બદલવા અપીલ કરી છે. આ ઉપરાંત, વ્હીકલ સ્ક્રેપેજ પોલિસી હેઠળ સ્ક્રેપ યાર્ડ્સની સંખ્યા વધારવા અને રિસાયકલિંગ પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ બનાવવા પર પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આ નિર્ણયથી ભારતના રસ્તાઓ પરથી જૂના, પ્રદૂષણ ફેલાવતા વાહનો ધીમે ધીમે ઘટશે અને દેશનું પર્યાવરણ સ્વચ્છ અને સ્વસ્થ બનવાની આશા છે.

**ટેરિફ...**

કર-મુક્ત રહે છે, જેનાથી કેનેડિયન ઉત્પાદકોને ફાયદો થાય છે.આ જાહેરાતને ટ્રમ્પે સારી ગણાવી અને ઓવલ ઓફિસમાં પત્રકારો સાથે વાત કરતાં કહ્યું, ''અમે કેનેડા સાથે ખૂબ સારું કરવા માંગીએ છીએ. મને કાર્ની ખૂબ ગમે છે.'' જોકે, કેનેડાના વિપક્ષી નેતા પિયરે પોઈલીવ્રે આ નિર્ણયની ટીકા કરી, તેને ''કાર્નીની બીજી નરમાઈ અને નમવું'' ગણાવ્યું. તેમણે દાવો કર્યો કે કાર્નીએ ચૂંટણી ઝુંબેશ દરમિયાન વચન આપેલા ''મજબૂત'' વલણને છોડી દીધું છે.

આ નિર્ણય ૨૦૨૬માં યુએસએમસીએની સમીક્ષા પહેલાં વેપાર વાટાઘાટોને ફરીથી શરૂ કરવાના પ્રયાસનો ભાગ છે. કેનેડા અને અમેરિકા બંને આગામી મહિનાઓમાં સ્ટીલ, એલ્યુમિનિયમ અને ઓટોમોટિવ જેવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરીને વાટાઘાટોને તીવ્ર બનાવવા માટે સહમત થયા છે.

**જીએસટી...**

કે દિવાળી પહેલા આ વખતે સામાન્ય લોકોને મોટી ભેટ મળશે. સામાન્ય માણસ, ગરીબ, મધ્યમ વર્ગની જરૂરિયાતોને લગતી ખાદ્ય ચીજવસ્તુઓ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓ સસ્તી થશે. પ્રધાનમંત્રીની જાહેરાત પછી, સતત બેઠકોનો દોર ચાલી રહ્યો છે. અગાઉ, મંત્રીઓના જૂથની બેઠકો યોજાઈ ચૂકી છે અને હવે જીએસટી કાઉન્સિલની બેઠક માટે તારીખ નક્કી કરવામાં આવી છે.

જીએસટી કાઉન્સિલ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બેઠકના સ્થળ અને કાર્યસૂચિ સંબંધિત વિગતવાર માહિતી સમયાંતરે ઉપલબ્ધ કરાવવામાં આવશે. કાઉન્સિલે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને આ બેઠકમાં હાજરી આપવા માટે તેમના સંબંધિત રાજ્યોના નાણા/કરવેરા મંત્રી અથવા નામાંકિત મંત્રીને જાણ કરવા નિર્દેશ આપ્યો છે. આ બેઠકમાં કેન્દ્રીય નાણામંત્રી, નાણા રાજ્યમંત્રી, તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રતિનિધિઓ,સીબીઆઈસી ચેરમેન અને જીએસટી નેટવર્કના સીઈઓ પણ હાજરી આપશે.

**ડ્રિમ ઈલેવન...**

જણાવ્યું હતું કે સરકાર યોગ્ય સમયે કાયદાની અમલવારીની તારીખની જાણ કરશે. જ્યારે બિલ હેઠળના નિયમોનો મુસદ્દો તૈયાર કરવામાં આવી રહ્યો છે. જેમ જેમ બિલ સંરચિત છે, નિયમો વિના પણ, કેટલીક જોગવાઈઓ છે જે તાત્કાલિક અમલમાં આવી શકે છે.

ડ્રીમ ૧૧ એ હાઈલાઈટ કર્યું કે, તે તેના પેરેન્ટ ગ્રુપ હેઠળ ફેનકોડ, ડ્રીમસેટગો અને ડ્રીમ ગેમ સ્ટુડિયો સહિત ઘણા અન્ય સ્પોર્ટ્સ-ટેક સાહસોનું સંચાલન કરવાનું ચાલુ રાખે છે. આ અમારા 'રમતગમતને વધુ સારું બનાવવા'ના વિઝનને શક્તિ આપશે અને ભારતને વૈશ્વિક રમતગમત મહાસત્તા બનાવવાની અમારા માનનીય વડા પ્રધાનની મહત્વાકાંક્ષાને સમર્થન આપશે તેમ કંપનીએ જણાવ્યું હતું.

(છેલ્લા પાનાનું ચાલુ)

**નરેન્દ્રભાઈ...**

ભાડાના મકાનમાં રૂપાંતરિત કરી પ્રોજેક્ટની મંજૂરી મેળવનાર ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૫ અને ૨૬ ઓગસ્ટે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ દરમ્યાન તેઓ અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણાને વિવિધ વિભાગો હેઠળ કરોડોના વિકાસકાર્યોની ભેટ આપશે. આમાં માર્ગ અને મકાન વિભાગના કુલ રૂ. ૩૦૭ કરોડના પ્રોજેક્ટ્સના લોકાર્પણ-ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉત્તર ગુજરાતમાં માર્ગ અને મકાન વિભાગના કુલ ૬ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે. કુલ રૂ. ૩૦૭ કરોડના ખર્ચે હાથ ધરાયેલા લોકાર્પણ તથા ખાતમુહૂર્તના આ કામો ગુજરાતની પ્રજાને દૈનિક યાતાયાત અર્થે વધુ સુદ્રઢ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડશે. આ પ્રોજેક્ટ્સ હેઠળ ઉત્તર ગુજરાતને અપગ્રેડેડ રસ્તાઓ, અંડરપાસ, ઓવરબ્રિજ મળશે જે નાગરિકો માટે મુસાફરીની સલામતી તથા સુગમતામાં વધારો કરશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરમગામ ખુડદ રામપુરા રસ્તાને ૭ મીટર પહોળો બનાવવાના કામનું લોકાર્પણ કરશે. રૂ.૩૩ કરોડના ખર્ચે વિરમગામથી ખુડદ થઈ રામપુરા સુધીના ૨૧ કિલોમીટરના માર્ગને ૭ મીટર પહોળો કરવામાં આવ્યો છે.

ઉત્તર ગુજરાતના અમદાવાદ, મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં કુલ રૂ.૨૭૪ કરોડના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત કરશે. તેમાં અમદાવાદ-મહેસાણા-પાલનપુર રોડ પર ત્રણ છ-માર્ગીય વ્હિકલ અંડરપાસ, અમદાવાદ-વિરમગામ રોડ પર આવેલ ફાટક નં. ૪૦ ઉપર રેલવે ઓવરબ્રિજ , કડી-થોળ થઈ સાણંદ સુધીના ૨૪ કિલોમીટર લંબાઈના માર્ગના નવિનીકરણની કામગીરી, અને ગિફ્ટ સિટી જતાં બાપાસીતારામ જંક્શનનું ચાર-લેનમાંથી આઠ-લેન રોડમાં વિસ્તરણ નો સમાવેશ થાય છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી રૂ. ૧,૪૦૦ કરોડથી વધુના વિવિધ રેલવે પ્રોજેક્ટ્સ દેશને સમર્પિત કરશે. આ પ્રોજેક્ટ્સથી ખાસ કરીને ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, બનાસકાંઠા, ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાઓને લાભ થશે.

જે રૂ. ૫૩૭ કરોડના ખર્ચે તૈયાર થયેલ મહેસાણા-પાલનપુર રેલવે લાઈન (૬૫ કિમી)નું ડબલિંગ, રૂ. ૩૪૭ કરોડના ખર્ચે કલોલ-કડી-કટોસણ રોડ રેલવે લાઈન (૩૭ કિમી)નું ગેજ કન્વર્ઝન અને ₹૫૨૦ કરોડના ખર્ચે બેચરાજી-રણુંજ રેલવે લાઈન (૪૦ કિમી)ના ગેજ કન્વર્ઝનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, વડાપ્રધાન નરેન્દ્ર મોદી કટોસણ રોડ અને સાબરમતી વચ્ચે પેસેન્જર ટ્રેન સેવા અને બેચરાજીથી કાર-લોડેડ માલગાડી સેવાનું પણ ઉદ્ઘાટન કરશે. કટોસણ-સાબરમતી રોડ નવી ટ્રેન સેવાના કારણે પ્રવાસન અને ધાર્મિક સ્થળો સુધી પહોંચવાની સુવિધા મળશે, સાથે તે સ્થાનિક સ્તરે આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ આપશે. તો બેચરાજીથી શરૂ થતી કાર-લોડેડ માલગાડી ટ્રેન રાજ્યના ઔદ્યોગિક વિસ્તારોને મજબૂત કનેક્ટિવિટી પ્રદાન કરશે.

**'પાટીલ' લેશે ક્લાસ...**

સી.આર. પાટીલ બેઠકમા હાજરી આપી શકે તેમ ન હતા સાંસદોને પણ બેઠકમાં હાજર રહેવા માટે ફરજ પાડવામાં આવી ન હતી.

અગાઉ ભારે વરસાદના કારણે બે વખત રદ કરવામાં આવેલી પ્રદેશ ભાજપની બેઠક હવે આગામી સોમવારે મળશે સોમવારે બપોરે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી બે દિવસ માટે ગુજરાતની મૂલાકાતે આવી રહ્યા છે. તે પૂર્વ સવારે પ્રદેશ ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલના અધ્યક્ષ સ્થાને ભાજપના લોકસભાના તમામ સાંસદો, રાજયસભાના સાંસદો, તમામ ધારાસભ્યો, પ્રદેશના હોદેદારો, શહેર તથા જિલ્લા ભાજપના પ્રમુખો, અને પ્રભારીઓને હાજર રહેવા ફરમાન મોકલી દેવામાં આવ્યું છે. આગામી ૧૭મી સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિન છે ત્યારે સેવા પખવાડીયાની ઉજવણીના આયોજનના ભાગરૂપે આ બેઠક બોલાવવામા આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગુજરાતના ચૂંટણી પ્રભારી અને કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે તાજેતરમાં અચાનક-ગુજરાતની લીધેલી મૂલાકાત બાદ અટકળોની આંધી તેજ બની છે. પ્રદેશ ભાજપની નિયુકતીનું કોકડું છેલ્લા ઘણા સમયથી ગુંચાવાયું છે. મંત્રી મંડળના વિસ્તરણની પણ વાતો દોઢ વર્ષથી ચાલી રહી છે. આવામાં સોમવારની બેઠક ખૂબજ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

આ બેઠકમાં સાંસદોને પણ હાજર રહેવા ફરમાન મોકલવામાં આવ્યું છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના આડે હવે ગણતરીના મહિનાઓ બાકી રહ્યા છે. ત્યારે પક્ષના કાર્યકરો ઝડપથી પ્રદેશ ભાજપ પ્રમુખની વરણી કરી દેવામા આવે તેવું ઈચ્છી રહ્યા છે.

**અનિરૂદ્ધસિંહ...**

કેદ એટલે જીવે ત્યાં સુધી સજા ભોગવવાની હોય છે. અનિરૂધ્ધસિંહ જાડેજાની સજા માફી રદ કરી તેને બાકીની સજા ભોગવવા માટે જેલમાં પરત મોકલવા જોઈએ તેવી દલીલ કરી હતી. કાયદાના અધિકાર વિના પસાર કરવામાં આવ્યો હતો. કસ્ટડીનો સમય ૧૪ વર્ષથી ઓછો હતો, જેના કારણે તેઓ રાજ્ય સરકારની નીતિ હેઠળ માફી માટે અયોગ્ય બન્યા. કારણ કે માફીના નિર્ણયો માટે ફરજિયાત સલાહકાર બોર્ડ સમક્ષ કેસ ક્યારેય રજૂ કરવામાં આવ્યો ન હતો. હાઈકોર્ટે જણાવ્યું હતું કે બિષ્નો આદેશ ''સત્તા વિનાનો છે. તેમાં કોઈ કાયદાનું બળ નથી અને તે રદબાતલ છે અને અનિરુદ્ધસિંહ જાડેજાની અકાળ મુક્તિ કાયદાના અધિકાર વિના છે.'' કોર્ટે જાડેજાના મુક્તિના આદેશને ભૂલભરેલો ગણાવ્યો હોવાથી, તેને જેલ અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો. જાડેજાએ રજૂઆત કરી હતી કે તે માફીનો લાભ આપવા માંગે છે. આના પર, કોર્ટે કહ્યું કે જાડેજા છેલ્લા સાત વર્ષથી સ્વતંત્રતાનો આનંદ માણી રહ્યો છે. જ્યાં સુધી તે જેલમાં ન હોય ત્યાં સુધી તે માફીનો લાભનો દાવો કરી શકતો નથી. કોર્ટે તેમના રાહત અધિકાર માટે અરજી કરવાની મંજૂરી આપી અને સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્ધારિત જોગવાઈઓ અને ગઅકજ્અ દ્વારા જારી કરાયેલ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર અનુસાર આઠ અઠવાડિયામાં તેમની માફી અરજી પર નિર્ણય લેવા અધિકારીઓને નિર્દેશ આપ્યો છે.

**સાવજોના અકસ્માતે...**

જશે. જેથી રેલવે ટ્રેકના ૧૫ મીટરના વિસ્તારોમાં સિંહોની હલન ચલન ખબર પડતા, અકસ્માત ટાળી શકાશે. આ મુદ્દે સાતમી નવેમ્બરે વધુ સુનાવણી યોજાશે. જેમાં રેલવેને પ્રગતિ અહેવાલ રજૂ કરવાનું કોર્ટે કહ્યું છે. જામનગર, રાજુલા, મહુઆ, પીપાવાવ જેવા સિંહોના વિસ્તાર જે ભાવનગર રેલવે ડિવિઝનમાં આવેલ છે. તેમાં ડિવાઈસ લગાવવામાં આવી રહ્યા છે. રેલવે અને વન વિભાગની બનેલી હાઈ લેવલ કમિટીએ આ પ્રોજેક્ટને મંજૂરી આપેલ છે. રેલ્વે ટ્રેકના ૧૫ મીટરના વિસ્તારમાં સિંહોની હલચલ હશે તો તેની જાણ અગાઉથી થતા અકસ્માત ઝીરો થશે. ચાલુ વર્ષે એક પણ સિંહનો ટ્રેન સાથે અકસ્માત થયું નથી. પ્રોજેક્ટમાં ફાઈબર કેબલ જંગલમાંથી પસાર થતી રેલવે લાઈનને સમાંતર નાખવામાં આવશે. જેથી સિંહોની અવર જવરની અગાઉથી રેલવે પાયલટ અને વન વિભાગના અધિકારીઓને ખબર પડતાં, અકસ્માત અટકાવી શકાશે. અગાઉ કોર્ટે ગત વર્ષે સિંહોના અપમૃત્યુ અંગે રિપોર્ટ પણ માંગ્યો હતો. સરકારે જણાવ્યું હતું કે રેલવે અને જંગલ વિભાગના સેક્રેટરીએ એક હાઈ લેવલ કમિટી બનાવી છે. આ હાઈ લેવલ કમિટીમાં પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ફોરેસ્ટ, ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન, પ્રિન્સિપલ ચીફ સિગ્નલ એન્જિનિયર વેસ્ટર્ન રેલ્વે, વગેરેનો સમાવેશ થાય છે.

**સાવજની ડણક કુનો...**

ચિત્તા પર કેન્દ્રિત થઈ ગયું છે. સપ્ટેમ્બર ૨૦૨૨માં પીએમ નરેન્દ્ર મોદી દ્વારા 'પ્રોજેક્ટ ચિત્તા' હેઠળ નામીબિયા અને દક્ષિણ આફ્રિકાથી કુનોમાં ચિત્તા લાવવામાં આવ્યા હતા. આ પ્રોજેક્ટ એટલો મહત્વાકાંક્ષી હતો કે કુનો હવે આંતરરાષ્ટ્રીય સ્તરે ચિત્તાના ઘર તરીકે ઓળખાઈ ગયું છે. વન વિભાગના અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે આ માત્ર એક પ્રક્રિયાગત ફેરફાર છે અને 'સિંહ પ્રોજેક્ટ' રદ કરવામાં આવ્યો નથી. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે આ નિર્ણય ''આંતરરાષ્ટ્રીય સંદેશાવ્યવહાર સરળ બનાવવા'' માટે લેવામાં આવ્યો છે, કારણ કે કુનો હવે ચિત્તાના પ્રોજેકટ સાથે વિશ્વભરમાં જાણીતું છે.

જોકે, આ સ્પષ્ટતા છતાં, કુનોમાં સિંહોના ભવિષ્ય અંગે શંકાઓ યથાવત છે. તાજેતરના ઓડિટ રિપોર્ટમાં પણ આ અંગે ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી છે. રિપોર્ટ અનુસાર, ૨૦૨૦-૨૧ થી ૨૦૨૯-૩૦ સુધીના સત્તાવાર મેનેજમેન્ટ પ્લાનમાં કુનોને સિંહોના બીજા ઘર તરીકે નિયુક્ત કરવાનું હતું, પરંતુ નવેમ્બર ૨૦૨૩ સુધી સિંહોને લાવવા માટે કોઈ નક્કર પ્રયાસો થયા નથી. આ દર્શાવે છે કે સિંહ સંરક્ષણ માટે કુનોમાં થવી જોઈતી ગતિવિધિઓ હવે ચિત્તાના પ્રોજેક્ટને કારણે પાછળ ધકેલાઈ ગઈ છે. એક રીતે, ચિત્તાની ગર્જનાએ કુનોના મેદાનમાં સિંહની ગર્જનાને શાંત કરી દીધી છે, અને હવે આ મેદાન સંપૂર્ણપણે ચિત્તા માટે સમર્પિત હોય તેવું લાગી રહ્યું છે.

**નુકશાનીનો સર્વે...**

અહેવાલ આવ્યા બાદ તેના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે. અત્યાર સુધી દ. ગુજરાતમાં સૌથી વધુ ૮૦.૫૧ ટકા, કચ્છમાં ૮૨.૯૧ટકા, સૌરાષ્ટ્રમાં ૭૮.૫૭ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭૯.૩૫ ટકા અને સૌથી ઓછો પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૭૫.૫૬ ટકા વરસાદ થયો છે.ભારે વરસાદ અને રસ્તા ખરાબ થઈ જવાના કારણે કચ્છ, સુરત, વડોદરા અને પોરબંદર જિલ્લામાં કુલ પાંચ સ્ટેટ હાઈવે બંધ કરવાની ફરજ પડી છે. તો છોટા ઉદેપુર અને ભાવનગર જિલ્લામાં એક-એક નેશનલ હાઈવે, વિવિધ જિલ્લામાં પંચાયતના ૨૧૧ રસ્તા અને અન્ય ૧૦ રસ્તા મળીને કુલ ૨૨૮ માર્ગ વાહનવ્યવહાર માટે બંધ કરાયા છે. ચોમાસા દરમિયાન જુનથી અત્યાર સુધીમાં વરસાદને પગલે વહીવટી તંત્ર દ્વારા ૫૨૦૫ નાગરિકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે, તેમજ ૯૦૦ નાગરિકોનું રેસ્ક્યૂ કરાયું છે.

**તાલુકાઓમાં વરસાદ...**

અનેક વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે.

આજ સુધીમાં રાજયમાં ચોમાસાની સિઝનનો ૭૯.૦૬ ટકા વરસાદ વરસી ચૂકયો છે. કચ્છ રિજીયનમાં સૌથી વધુ ૮૨.૯૧ ટકા વરસાદ પડયો છે. જયારે ઉત્તર ગુજરાતમાં ૭૯.૩૩ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૭૫.૫૬ ટકા, સૌરાષ્ટ્રમાં ૭૮.૫૭ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૮૧.૬૮ ટકા વરસાદ પડયો છે. આગામી બુધવાર સુધી રાજયભરમાં સતત વરસાદી વાતાવરણ યથાવત રહેશે.રાજયના ૩૭ તાલુકાઓમાં ૪૦ ઈંચથી વધુ વરસાદ પડી ચૂકયો છે. જયારે ૧૩૦ તાલુકાઓમાં ૨૦ થી ૪૦ ઈંચ સુધી ૭૮ તાલુકાઓમાં ૧૦ થી ૨૦ ઈંચ સુધી જયારે ૬ તાલુકામાં પાંચથી ૧૦ ઈંચ સુધી વરસાદ પડયો છે.જળાશયોમાં પણ માતબર પાણીની આવક થઈ રહી છે.

**ન્યારી ડેમ...**

રહેવા તાકીદ કરાય છે. આજી ૧ ડેમ ઓવર ફલો થવામાં હવે દોઢ ફૂટ જ બાકી છે. ૨૯ ફૂટની ઉંડાઈ ધરાવતો આજી ડેમ ૨૭.૫૦ ફૂટ ભરાય ગયો છે. ડેમમાં ૮૨૩ એમસીએફટી પાણી સંગ્રહિત છે. આ ઉપરાંત ભાદર ડેમમાં ૦.૧૬ ફૂટ, ફોફળ ડેમમાં ૦.૨૦ ફૂટ, આજી-૨ ડેમમાં ૦.૦૩ ફૂટ, સોડવદરમાં ૦.૬૬ ફૂટ, સુરવોમાં ૦.૪૯ ફૂટ, વેરીડેમમાં ૦.૬૯ ફૂટ, ન્યારી-૧ ડેમમા ૦.૩૩ ફૂટ, ફાડદંગબેટીમાં ૦.૪૯ ફૂટ, ઈશ્વરિયામાં ૦.૩૩ ફૂટ પાણીની આવક થવા પામી છે. મોરબી જિલ્લાના મચ્છુ-૧ ડેમમાં ૦.૨૦ ફૂટ, મચ્છુ-૨ ડેમમાં ૦.૨૦ ફૂટ, અને ડેમી-૧માં ૦.૩૬ ફૂટ પાણીની આવક થવા પામી છે.

જામનગર જિલ્લાનાં આજી-૪ ડેમમાં ૧.૧૨ ફૂટ અને રંગમતી ૦.૩૯ ફૂટ પાણીની આવક થવા પામી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાનાં ઘી ડેમમાં ૦.૫૬ ફૂટ, વર્તુ-૧ ડેમમાં ૦.૬૬ ફૂટ, ગઢકીમાં ૦.૩૩ ફૂટ, વર્તુ-૨ ડેમમાં ૦.૩૩ ફૂટ, શેઢા ભાડથરીમાં ૦.૬૬ ફૂટ, કાબરકામાં ૦.૬૬ ફૂટ અને વેરાડીમાં ૦.૬૨ ફૂટ પાણીની આવક થવા પામી છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટઃ** દાઉદી વ્હોરા શેખ અબ્બાસભાઈ મુલા અકબરઅલી ભારમલ (ઉ.વ.૭૦) (રંગવાળા) તે રશીદાબેનના પતિ, હમઝાભાઈ, અરવાબેન હુસેનભાઈ માકડા, ઝૈનબબેન હમઝાભાઈ માસ્ટર (બરોડા) ના પિતા, તે મ. મોહસીનભાઈ, મ. મોઈઝભાઈ, મ. સૈફુદીનભાઈ, મુલલા નજમુદીનભાઈ, નફીસાબેન, રશીદાબેનના ભાઈનું તા. ૨૨ ને શુક્રવારના રોજ રાજકોટ મુકામે અવસાન થયેલ છે. મર્હુમના સયુમના સિપારા તા. ૨૩ ને શનિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે બદરી હોલ, એકજાન સોસાયટી, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** (મુળ સામપરવાળા) ગુણવંતરાય અમરશીભાઈ પાલા તે ઈન્દુભાઈ, મનહરભાઈના ભાઈ, તેજસના પિતાનું તા. ૧૮ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૨ ના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન રાણીંગાવાડી, મીલપરા, કાન્તા સ્ત્રી વિકાસ ગૃહની સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** સ્વ. ભાનુબેન જગદીશભાઈ સીનરોજા (ઉ.વ.૭૯) તે જગદીશભાઈના પત્ની, સંજયભાઈના માતા, તન્વીબેનના સાસુ, જાન્વી- હેન્સીનાં દાદીનું તા. ૨૨ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૫ ને સોમવારે સાંજે ૪ થી ૫.૩૦ દરમિયાન વિશ્વકર્મા કેળવણી મંડળ, ૭/૧૦ ભકિતનગર સ્ટેશન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. પિયર પક્ષનું બેસણું સાથે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા તરીકે પ્રેમસુખ ડેલુએ વિધીવત ચાર્જ સંભાળ્યો

## પોલીસ અધિકારીઓ નવા એસ.પી.નું ઉમળકાભેર સ્વાગત કર્યુ





**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લા પોલીસવડા કચેરી ખાતે તાજેતરમાં થયેલ બદલી બાદ આઈપીએસ અધિકારી પ્રેમસુખ ડેલુએ એસપી તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો અને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે સમગ્ર પોલીસ સાથે સંકલન કરી કાર્યવાહી કરવાની ખાત્રી આપી હતી.

તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા ૧૦૦ થી વધુ આઈપીએસ અધિકારીઓની સામુહિક બદલીઓ કરવામાં આવી છે ત્યારે સુરેન્દ્રનગરના ડેપ્યુટી આઈજી ડો.ગીરીશકુમાર પંડ્યાની પણ બદલી કરવામાં આવી છે જ્યારે જામનગરના એસપી પ્રેમસુખ ડેલુની સુરેન્દ્રનગર એસપી તરીકે બદલી થતાં તેઓએ વિધિવત રીતે ચાર્જ સંભાળ્યો હતો. પોલીસ પરેડની સલામી બાદ જીલ્લાના સુરેન્દ્રનગર, લીંબડી, ધ્રાંગધ્રા ડિવીઝનના ડીવાયએસપી સહિત તમામ પોલીસ મથકના પીઆઈ, પીએસઆઈ સહિતના અધિકારીઓએ એસપીનું બુકે તેમજ મોમેન્ટો વડે ભવ્ય સ્વાગત કર્યું હતું જ્યારે એસપી પ્રેમસુખ ડેલુએ એસપી તરીકે ચાર્જની પ્રક્રિયા પૂર્ણ કરી હતી અને આગામી દિવસોમાં જીલ્લા પોલીસની ટીમને સાથે રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે કડક કામગીરી કરવાની ખાત્રી આપી હતી.

# વઢવાણના મુળચંદ ગામમાં પાણીનો પોકાર મહિલાઓએ રામધૂન બોલાવી કર્યો વિરોધ

## છેલ્લા ૨૦ દિ'થી પીવાનું પાણી પુરૂ પાડવામાં નહી આવતા મનપા કચેરી ખાતે રહીશોએ કર્યો હલ્લાબોલ

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



વઢવાણ તાલુકાના મુળચંદ ગામનો સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં સમાવેશ કરવામાં આવ્યો છે પરંતુ ગામમાં સુવિધામાં વધારો થવાને બદલે મનપામાં સમાવેશ થયા બાદ ગામમાં અસુવિધા વધી હોવાનું સામે આવ્યું છે જેમાં મુળચંદ ગામના અંદાજે ૫૦૦૦થી વધુ વસ્તીને છેલ્લા ૨૦ દિવસ કરતા પણ વધુ સમયથી પીવાનું પાણી પુરૂ પાડવામાં નહિં આવતા મહિલાઓને હાલાકી ભોગવવાનો વારો આવી રહ્યો છે તેમજ ગામથી દુર આવેલ તળાવમાંથી ન છુટકે માથે બેડા લઈ પાણી ભરવા જવાની નોબત આવી છે.

અનેક વખત રજુઆત બાદ પણ કોઈ જ ઉકેલ ન આવતાં મુળચંદ ગામના રહિશો અને મહિલાઓ સહિત આગેવાનો મનપા કચેરી ખાતે એકત્ર થયા હતા અને પાણીની સમસ્યા અંગે હલ્લાબોલ કરી રામધૂન બોલાવી તંત્ર સામે રોષ દાખવ્યો હતો.

જ્યારે મનપાના સત્તાધીશો દ્વારા પોલીસને બોલાવવાની ફરજ પડતા મામલો ગરમાયો હતો અને પોલીસે પણ વિરોધ કરી રહેલા લોકોને સમજાવવાના પ્રયાસો હાથ ધર્યા હતો અને આ વિરોધ પ્રદર્શનમાં કોંગ્રેસના હોદ્દેદારો અને આગેવાનો પણ જોડાયા હતા.

# અમરેલી: કુંકાવાવના તોરી ગામે રૂ.૧.૮૦ કરોડની ગ્રાન્ટ મંજુર કરાવતા ધારાસભ્ય વેકરીયા

## માળખાગત સુવિધા જેવી કે સી.સી. રોડ, ભુર્ગભ ગટર, પાણી, લાયબ્રેરી, આંગણવાડી સહિતના વિકાસના કામો થશે

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

કુંકાવાવ તાલુકાના તોરી ગામ માટે વિકાસલક્ષી ૨૯ કામો માટે રૂપિયા ૧ કરોડ ૮૦ લાખની થશે ફાળવણી કરવામાં આવી,ધારાસભ્ય કૌશિક વેકરિયાના સઘન પ્રયત્નોથી તોરી ગામને વિકાસલક્ષી અનેક કામોની ભેટ મળશે. ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન ફંડ અંતર્ગત કુંકાવાવ તાલુકાના તોરી ગામ માટે ધારાસભ્ય કૌશિક વેકરિયાના પ્રયત્નોથી ગામની આંતરમાળખાકીય સુવિધાઓમાં વધારો થાય તે માટે વિવિધ વિકાસલક્ષી કામો મંજૂર કરવા ભલામણ કરવામાં આવતા તોરી



ગામને આંતર માળખાકીય સુવિધાઓ જેવી કે, સી.સી.રોડ, બ્લોક રોડ, ભૂગર્ભ ગટર, પીવાના પાણી માટે કૂવો, હાઈસ્કૂલમાં લાઈબ્રેરી હોલ, અમૃત સરોવર, આંગણવાડી, મકાન તથા કમ્પાઉન્ડ વોલ વગેરે કામો માટે ડી.એમ.એફ. ફંડમાંથી રૂપિયા ૧.૮૦ કરોડ જેવી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે, ત્યારે આગામી દિવસોમાં તોરી ગામ વિવિધ વિકાસલક્ષી કામોથી નવું કલેવર ધારણ કરશે. ત્યારે તોરી ગામના સરપંચ સહિત ગ્રામજનોએ ધારાસભ્ય કૌશિક વેકરીયાનો આભાર વ્યક્ત કર્યો છે.

# ગુજરાત વિદ્યાપીઠના છાત્રોને સહકારી બેકિંગ માળખાની સમજ આપતા ચેરમેન ડોલર કોટેચા

## ખેતીબેંકની શૈક્ષણિક મુલાકાત લેતા ગુજરાત વિદ્યાપીઠના છાત્રો





**અબતક, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ-૨૦૨૫ નિમિત્તે ગુજરાત વિદ્યાપીઠ વિદ્યાર્થીઓએ સહકારી બેંકીંગ માળખાની સમજ મેળવવા ખેતી બેંકની શૈક્ષણિક મુલાકાત લીધી હતી.

બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચાના માર્ગદર્શન હેઠળ આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ-૨૦૨૫ નિમિત્તે ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના ગ્રામ અર્થશાસ્ત્ર વિભાગના એમ.એ.(ઈકોનોમીક્સ) તથા એમ.કોમ.ના ૨૩ વિદ્યાર્થીઓ તથા ડો.હસમુખ દેસાઈ અધ્યાપક સહિત કુલ ૨૪ વ્યક્તિઓએ સહકારી બેંકીંગ માળખાની સમજ મેળવવા કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક લિ. (ખેતી બેંક)ની શૈક્ષણિક હેતુસર આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ-૨૦૨૫ના ઉદ્દેશો તથા સહકારી બેંકીંગ માળખાની વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવેલ.

ગુજરાત વિદ્યાપીઠના ગ્રામ અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપકએ ખેતી બેંકની મુલાકાત ખુબ જ ઉપયોગી અને વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શિત રહેશે તેવું મંતવ્ય આપેલ.

ખેતી બેંકના કર્મચારીઓ અને અધિકારીઓ દ્વારા વિદ્યાર્થીઓનું અને અધ્યાપકનું કંકુ તિલક અને ખેસ પહેરાવી ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ધ્રાંગધ્રા: એસએસપી જૈન કોલેજની ગર્લ્સ ટીમનો દોડ સ્પર્ધામાં દબદબો

## આંતર કોલેજ દોડ સ્પર્ધામાં એસએસપી જૈન કોલેજની બોયઝ ટીમ સેકન્ડ રનર્સઅપ બની

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આંતર કોલેજની ૧૦ કિલોમીટરની દોડ સ્પર્ધામાં જામનગર ખાતે યોજાઈ ગઈ જેમાં કોલેજના ખેલાડી ભાઈઓ-બહેનો દ્વારા સુંદર પર્ફોર્મન્સ કરવામાં આવ્યું હતું. જેમાં બહેનોની ટીમ ચેમ્પિયન બની હતી. જ્યારે ભાઈઓની ટીમ સેકન્ડ રનર્સ અપ થઈ હતા જેમાં ૧ ધ્રાંગધરીયા અમીત(એફવાયબીએ) તથા ૨. લરખડીયા હેતલ (એસવાયબીએ) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ટીમમાં પસંદગી પામ્યા છે. બન્ને ખેલાડી આગામી સમયમાં બેંગ્લોર મુકામે ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટીમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ટીમનું પ્રતિનિધિત્વ કરશે. તમામ ખેલાડીઓ દ્વારા સમગ્ર ઝાલાવાડ પંથક તથા કોલેજનું યુનિવર્સિટીમાં નામ રોશન કરવા બદલ કોલેજના મંત્રી જયેશભાઈ પટેલ, ઉપ પ્રમુખ મેહુલભાઈ જોશી,આચાર્ય ડો.પ્રતિકભાઈ દવે, ડો. ડી.એમ.ચૌધરી તથા સમગ્ર સ્ટાફ પરિવાર દ્વારા તમામ ખેલાડી ભાઈઓ બહેનોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# સાબરકાંઠામાં નવા જીલ્લા પોલીસ વડા ગોહિલે ચાર્જ સંભાળ્યો

## નવા એસ.પી ગોહિલે ભૂતકાળમાં કરેલી કડક કામગીરીને લઈ જીલ્લા પોલીસ બેડામાં ખળભળાટ મચ્યો

**અબતક, સંજય દિક્ષીત, ઈડર**



રાજકોટથી બદલી થયેલા આઈ.પી.એસ અધિકારી અને કડક હોવાની છાપ ધરાવતા એવા પાર્થરાજસિંહ ગોહિલે શુક્રવારે સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા તરીકે કાર્યભાર સંભાળ્યો છે તેમણે પ્રથમ હિંમતનગરના હાથમતી નદી કિનારે આવેલા સ્વયંભૂ ભોલેશ્વર મહાદેવના દર્શન કર્યા હતા અને મંદિર ટ્રસ્ટે તેમનું શાલ ઓઢાડીને સ્વાગત કર્યું

ત્યારબાદ તેઓ જીલ્લા પોલીસ હેડક્વાર્ટર પહોંચ્યા હતા જ્યાં તેમને સન્માન ગાર્ડ આપવામાં આવ્યું હતું જેમાં ડી.વાય.એસ.પી પાયલ સોમેશ્વર, સ્મિત ગોહિલ,એ.કે.પટેલ, કુલદીપ નાયી સહિત પી.આઈ એ પુષ્પગુચ્છથી તેમનું સ્વાગત કર્યું હતું

તાજેતરમાં રાજ્યમાં થયેલી આઈ.પી.એસ અધિકારીઓની બદલીમાં અગાઉના સાબરકાંઠા એસ.પી વિજય પટેલની ખેડા જિલ્લામાં બદલી થઈ હતી તેમની જગ્યાએ રાજકોટથી પાર્થરાજસિંહ ગોહિલની નિમણૂક કરવામાં આવી છે ચાર્જ સંભાળ્યા બાદ એસ.પી ગોહિલે ડી.વાય.એસ. પી સાથે બેઠક યોજી જિલ્લાની સ્થિતિથી માહિતગાર થયા હતા

અત્રે ઉલ્લેખનીય છેકે જીલ્લા પોલીસ વડા તરીકે ગોહિલની બદલી થતા જ સાબરકાંઠા જીલ્લામાં પોલીસ ખાતામાં ફરજ બજાવતા અધિકારીઓ અને પોલીસ કર્મીઓ એસ.પી ગોહિલની ભૂતકાળમાં કરેલી કડક કામગીરીને લઈ તેમનું નામ સાંભળતાજ હચમચી ઉઠ્યા હોવાનું જાણવા મળે છે ત્યારે નવનિયુક્ત જીલ્લા પોલીસ વડા ગોહિલ ચાર્જ સંભાળ્યા બાદ સાબરકાંઠામાં ક્રાઈમ અને ગેરકાયદેસર પ્રવૃતિઓ અટકાવવામાં કેટલા સફળ રહે છે તે જોવું રહ્યું.

# ધ્રાંગધ્રા: લોકમેળાના સફળ આયોજન બદલ વિવિધ સંસ્થા દ્વારા નગરપાલીકાના પ્રમુખનું સન્માન



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા શહેરમાં નગરપાલિકા દ્વારા ચાર દિવસે ૧૫ ઓગસ્ટ ૧૮ ઓગસ્ટ સુધી ફલકું નદીના પટમાં ભાતીગળ લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાતીગળ લોકમેળાની ભવ્યસફળતા માટે નગરપાલિકા પ્રમુખ કુલદીપસિંહ ઝાલાનું નગરપાલિકા ખાતે પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના મુખ્ય જવાબદારો અનિલભાઈ મકવાણા, દિગપાલસિંહ પરમાર,ભરતભાઈ પટેલ અને સ્મિતભાઈ સિંધવ દ્વારા અભિનંદન સાથે શુભેચ્છા મુલાકાત શુભેચ્છાઓ પાઠવી હતી.

# સિહોરના વોર્ડ નં. ૯માં સી.સી. રોડના કામનું ખાતમુર્હુત

**અબતક, આનંદ રાણા, સિહોર**



સિહોર નગર પાલિકાના ૯ વોર્ડનાં વિસ્તારોમાં રાજ્ય સરકારની સ્વર્ણ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અને૧૫ માં નાણાપંચની યોજના અંતર્ગત નગર પાલિકાને મળેલ ગ્રાન્ટ અન્વયે સિહોર નગર પાલિકાના નવ વોર્ડના ૨૩ જેટલા લોકેશન ઉપર સી સી રોડ, આર.સી.સી.રોડ અને પ્લેવર બ્લોકના આપેલ વર્ક ઓડરના ભાગ રુપે વોર્ડ નં ૪ ના ઔદિચ્ય છાત્રાલય બાજુના રસ્તાના કામનું ખાત મૂહુર્ત કરાયું.

સિહોર નગર પાલિકા પ્રમુખ જાગૃતિબેન રાઠોડ, ચીફ ઓફીસર પરાક્રમસિંહ મકવાણા, કારોબારી ચેરમેન અલ્પેશભાઈ ત્રીવેદી તથા સભાસદો દ્વારા વોર્ડ નં ૪ માં રસ્તાના કામનું ખાતમુહૂર્ત કરાયું.

# રાજુલા: શિવભકત બાલાભાઈ ભટ્ટની અનોખી સેવા

## દર સોમવારે દરેક શિવ મંદિરે હોંશે હોંશે બિલીપત્ર ચડાવી શ્રાવણ માસમાં ઘેર ઘેર જઈ બીલી પત્રનું વિતરણ કરે છે



**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

રાજુલા મા બાલાભાઈ ભટ્ટ વર્ષ દરમિયાન સોમવારે બિલીપત્ર નિશુલ્ક સેવા આપે છે આખાય રાજુલા ના શિવમંદીર મા શિવલીંગ ઉપર ભકતો હોશે હોશે બિલીપત્ર ચડાવે છે અને શ્રાવણ માસ મા આખો મહિનો ૧૫૦/કર્તા વધારે ઘરે અને દુકાને જય ને સેવા પુરી પાડે છે ૬૫/ વર્ષ ની ઉમરે બિલીપત્ર જાતે તોડી ને જુદા કરી ને સાયકલ ઉપર વિતરણ કરે છે આ સેવા ને ચેમ્બર ઓફ કોમર્સ ના શ્રી બકુલભાઈ વોરા હવેલી ચોક યુવક મંડળ ના ભાવેશભાઈ ચોટલીયા. અભયદાદા રાજયગુરુ. હિતેશભાઈ કંસારા એ તેમની આ સેવા ને બિરદાવી છે.

# માણાવદર: બાંટવામાં વરસાદી તારાજીથી થયેલી નુકસાનનો સર્વે કરી કોંગ્રેસની વળતરની માંગ

## શહેર કોંગ્રેસના પ્રમુખ પ્રકાશ લાલવાણીએ વરસાદી પાણીના કાયમી નિકાલ માટે વ્યવસ્થા કરવા કલેકટરને રજૂઆત કરી

**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

જુનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના બાંટવા ગામમાં અતિ ભારે વરસાદ પડતા રાજપુતપરા, ગોપાલ વાલા સોસાયટી, પંચવટી સોસાયટી, તળાવ રોડ સહિતના રહેણાંક વિસ્તારો તેમજ બાંટવાની કાપડ બજાર, કરિયાણા બજાર અને કટલેરી બજારમાં પાણી ઘૂસી ગયેલ આ કારણે ગામલોકોની ઘરવખરી તથા વેપારીઓના માલસામાન બગડી જવાથી કરોડો રૂપિયાની નુકસાની થયેલ છે.

ગયા વર્ષે પણ આ જ વિસ્તારોમાં પાણી ભરાયા હતા, તે વખતે પણ લોકો તથા વેપારીઓને ભારે નુકસાન થયું હતું. તંત્ર દ્વારા સર્વે માટે ફોર્મ ભરાવેલ છતાં, પીડિતોને કોઈપણ પ્રકારની ભરપાઈ આપવામાં આવી નહોતી. તાત્કાલિક સર્વે કરી પીડિતોને યોગ્ય ભરપાઈ કરવામાં આવે તેમજ વરસાદી પાણીના નિકાલ માટે કાયમી અને સશક્ત વ્યવસ્થા કરવામાં આવે જેથી દર વર્ષે આવતી આ સમસ્યાનો ઉકેલ આવે લાવવા શહેર કોંગ્રેસના પ્રમુખ પ્રકાશભાઈ મોહનદાસ લાલવાણી દ્વારા જિલ્લા કલેકટરને ઈમેઈલ દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

# જૂનાગઢની ટ્રેઝરીમાં નોટરી સ્ટેમ્પ ખૂટી જતા ૧ માસથી નોટરી-એડવોકેટનું કામ ઠપ્પ

## તાત્કાલ્ક નોટરી સ્ટેમ્પની તાત્કાલિક ફાળવણી નહીં થાય તો આવેદન અપાશે: જયદેવ જોશી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢની ટ્રેઝરીમાં નોટરી સ્ટેમ્પ ખૂટી જતા, ૧ માસથી નોટરી એડવોકેટનું કામ બંધ થવા પામ્યું છે, જેની સીધી અસર ૧૨૫ જેટલા નોટરી વકીલોને પડી છે, ત્યારે જૂનાગઢને તાત્કાલ્ક નોટરી સ્ટેમ્પની તાત્કાલિક ફાળવણી નહીં થાય તો, તંત્રને આવેદન પત્ર આપવામાં આવશે અને જરૂર જણાયે આંદોલન કરાશે, તેમ જુનાગઢ બાર એસો.ના પ્રમુખ જયદેવ જોશી એ જણાવ્યું છે.

જુનાગઢ બાર એસો.ના પ્રમુખ જયદેવ જોશીના જણાવ્યા મુજબ, જુનાગઢની પોસ્ટ



ઓફિસ તથા ટ્રેઝરીમાં એક માસથી નોટરીના સ્ટેમ્પ પુરા થતા નોટરીનું કામ કરતાં વકીલોનું કામ બંધ ઠપ થઈ જવા પામ્યું છે, અને જુનાગઢ શહેરના ૧૨૫ જેટલા નોટરી વકીલોને પણ નુકસાનીનો સામનો કરવો પડી રહ્યો છે, ત્યારે જુનાગઢને તાત્કાલિક નોટરી સ્ટેમ્પ ફાળવવામાં જરૂરી છે, અને જો જુનાગઢને તાત્કાલ્ક નોટરી સ્ટેમ્પની ફાળવણી કરવામાં નહીં આવે તો, તંત્રને આવેદન પત્ર આપવામાં આવશે. અને જરૂર જણાયે આંદોલન કરાશે. તેમ જુનાગઢ બાર એસો.ના પ્રમુખ જયદેવ જોશી એ જણાવ્યું છે.

# ભાદરવી અમાસે પિતૃ તર્પણનું મહાત્મ્ય : શનિ અમાવસ્યાથી વધ્યું આધ્યાત્મિક મહત્વ

## શનિ અમાસે કરેલું તર્પણ, દાન અને પિતૃ શ્રાદ્ધ ખાસ ફળદાયી: આજે કાળા તલ, કાળા કપડાં તથા અન્નનું દાન કરવાનો વિશેષ મહિમા







તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક,રાજકોટ**

હિંદુ પંચાંગ મુજબ વર્ષ દરમિયાન આવતી અમાસ તિથિઓમાં ભાદરવી અમાસને પિતૃ તર્પણ માટે વિશેષ મહત્વ છે. પિતૃઓની કૃપા પ્રાપ્ત કરવા માટે આ દિવસે તર્પણ, દાન અને ઉપવાસ કરવો શ્રેયસ્કર માનવામાં આવે છે. જ્યોતિષ મતે ભાદરવી અમાસે કરાયેલા ધાર્મિક કૃત્યો પિતૃઓને મોક્ષ પ્રાપ્ત કરાવે છે અને સંતાનો પર આશીર્વાદ વરસાવે છે.

આ વર્ષે ભાદરવી અમાસ શનિવારે આવતા તેને શનિ અમાસ તરીકે ઓળખવામાં આવી રહી છે. આ યોગમાં કરેલું તર્પણ, દાન અને પિતૃ શ્રાદ્ધ વિશેષ ફળદાયી ગણાય છે. આજે કાળા તિલ, કાળા કપડાં તથા અન્નનું દાન કરવાનો ખાસ મહિમા છે. માન્યતા મુજબ આ દિવસે પિતૃ તર્પણથી પૂર્વજ આત્માઓ પ્રસન્ન થાય છે અને કુટુંબ પર સુખ-સમૃદ્ધિ વરસાવે છે.મંદિરોમાં તેમજ પીપળાના વૃક્ષ નીચે પાણી અર્પણ કરીને પિતૃઓને તૃપ્ત કરવામાં આવે છે. ખાસ કરીને ગંગા, નર્મદા અને અન્ય પવિત્ર નદીતટે હજારો ભક્તો પિંડદાન-તર્પણ કરી પિતૃઓનું સ્મરણ કરે છે.

શ્રદ્ધાળુઓ ઉપવાસ, જપ, અન્નદાન, ગાયોને ચારો તથા ગરીબોને દક્ષિણાદાન જેવી સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે. જ્યોતિષશાસ્ત્ર મુજબ આ વર્ષે શનિ અમાસના યોગમાં કરેલા ધાર્મિક કાર્યોનું પુણ્ય અનેકગણી વધારે થાય છે.

### ધક્કામુકીએ બેંગ્લોરના ક્રિકેટ પ્રેમીઓનું સ્વપન રોળ્યું

# એસઓપીને લઇ ચિદમ્બરમ સ્ટેડિયમની મહિલા ક્રિકેટ વર્લ્ડકપની મેચો મુંબઇ ખસેડાઇ

## ડી. વાય. પાટીલ સ્ટેડિયમ ખાતે વિમેન્સ વર્લ્ડ કપની પાંચ મેચ યોજાશે

**અબતક, નવી દિલ્હી**

સપ્ટેમ્બરમાં ભારતમાં યોજાનારા આઇસીસી વિમેન્સ વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપની કેટલીક મેચો બેંગલોરમાં યોજાનારી હતી પરંતુ હવે તે મેચો નવી મુંબઈ સ્થળાંતર કરવામાં આવી છે. આઈસીસીએ આ ફેરફારની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે આ કમનસીબ ઘટના છે પરંતુ ભારતમાં પાંચ સ્થળમાં હવે બેંગલોરને બદલે નવી મુંબઈનો સમાવેશ કરવામાં આવ્યો છે. નવી મુંબઈના ડી વાય પાટીલ સ્ટેડિયમ ખાતે પાંચ મેચ યોજાશે જેમાં ત્રણ લીગ મેચ ઉપરાંત સેમિફાઈનલ અને શક્યતઃ ફાઈનલ મેચનો સમાવેશ થાય છે. વિમેન્સ વર્લ્ડ કપનો ૩૦મી સપ્ટેમ્બરથી પ્રારંભ થઈ રહ્યો છે.ફેરફાર જરૂરી હતો કેમ કે બેંગલોરનું એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ આ સમયગાળા દરમિયાન ઉપલબ્ધ નથી. આઈસીસીના ચેરમેન જય શાહે જણાવ્યું હતું કે કેટલાક કમનસીબ સંજોગોને કારણે અમને આ ફેરફાર કરવાની જરૂર પડી છે અને હવે અમારી પાસે પાંચ વર્લ્ડ કલાસ સ્ટેડિયમ છે જે વિમેન્સ ક્રિકેટની આ મેગા ઈવેન્ટનું આયોજન કરશે અને અમે તેનાથી સંતુષ્ટ છીએ. તેમણે ઉમેર્યું હતું કે વર્લ્ડ કપ માટે તખ્તો રચાઈ ગયો છે અને મને વિશ્વાસ છે કે આ ટુર્નામેન્ટ આકર્ષક બની રહેશે અને રમતપ્રેમીઓની નવી પેઢીને પ્રેરિત કરશે. આઠ ટીમના વિમેન્સ વર્લ્ડ કપમાં નવી મુંબઈ ઉપરાંત અન્ય સ્થળોમાં ગુવાહાટી.ઈન્દોર, વિશાખાપટનમ અને કોલંબોનો સમાવેશ થાય છે. જોકે આઈસીસીએ સ્થળ બદલવા માટેનું કારણ દર્શાવ્યું નથી પરંતુ એવી સંભાવના છે કે આ મેચો યોજવા માટે કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિયેશનના જરૂરી મંજૂરી મળી નથી. આ સિઝનમાં આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમ ચેમ્પિયન બની તેના બીજા દિવસે બેંગલોરમાં વિજય યાત્રા યોજવામાં આવી હતી જે દરમિયાન ધક્કામુક્કીમાં કેટલાક લોકોએ જીવ ગુમાવ્યા હતા.

# ઓસ્ટ્રેલિયાને કચડીને સાઉથ આફ્રિકાએ વન-ડે સિરીઝ જીતી

## બીજી વન-ડેમાં સાઉથ આફ્રિકાનો ૮૪ રનથી વિજય, એંગિડી સામે કાંગારૂની બેટિંગનો ધબડકો



**અબતક, નવી દિલ્હી**

સાઉથ આફ્રિકાએ પોતાનું શાનદાર પ્રદર્શન જારી રાખતાં શુક્રવારે રમાયેલી બીજી વન-ડે ક્રિકેટ મેચમાં ઓસ્ટ્રેલિયાને ૮૪ રનથી હરાવીને ત્રણ મેચની સિરીઝમં ૨-૦ની અજેય સરસાઈ હાંસલ કરી લીધી હતી. મેન ઓફ ધ મેચ જાહેર થયેલા ઝડપી બોલર લુંગી એંગિડીએ પાંચ વિકેટ ઝડપી હતી. અહીંના ગ્રેટ બેરિયર રિફ એરેના ખાતે રમાયેલી મેચમાં સાઉથ આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરીને ૪૯.૧ ઓવરમાં ઓલઆઉટ થતાં અગાઉ ૨૭૭ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ઓસ્ટ્રેલિયન ટીમ ૩૮મી ઓવર સુધીમાં ૧૯૩ રનમાં આઉટ થઈ ગઈ હતી. આમ સળંગ બીજી મેચમાં ઓસ્ટ્રેલિયન ટીમ ૨૦૦ રનના આંકને વટાવવામાં તથા હરીફ ટીમે આપેલા ટારગેટ સુધી પહોંચવામાં નિષ્ફળ રહી હતી.૨૭૮ રનના ટારગેટ સામે રમતાં ઓસ્ટ્રેલિયા માટે ટ્રેવિસ હેડ, મેરનસ લબુશેન અને કેપ્ટન મિચેલ માર્શ ટીમને સારી શરૂઆત અપાવવામાં નિષ્ફળ રહ્યા હતા. મિડલ ઓર્ડરમાં જોશ ઈંગ્લિસે લડાયક બેટિંગ કરીને ૭૪ બોલમાં બે સિક્સર અને દસ ચોગ્ગા સાથે ૮૭ રન ફટકાર્યા હતા તો કેમરૂન ગ્રીને ૩૫ રન ફટકાર્યા હતા. આ સિવાય ગૃહટીમના બાકીના બેટર્સ નિષ્ફળ રહ્યા હતા. સાઉથ આફ્રિકાના અનુભવી ઝડપી બોલર લુંગી એંગિડીએ બોલિંગમાં તરખાટ મચાવ્યો હતો. પ્રથમ વન-ડેમાં સ્પિનર કેશવ મહારાજ સામે નિષ્ફળ રહેલા કાંગારું બેટર્સ શુક્રવારે ઝડપી બોલર એંગિડી સામે લાચાર બની ગયા હતા. એંગિડીએ ૪૨ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી તો નાન્દ્રે બર્ગર અને સેનુરન મુતુસ્વામીએ બે બે વિકેટ લીધી હતી.

# બિગ બોસ ૧૯માં થઈ શકે છે WWE સ્ટાર અંડરટેકરની એન્ટ્રી!

**અબતક, નવી દિલ્હી**

સલમાન ખાનના રિયાલિટી શો બિગ બોસ ૧૯ના પ્રીમિયર પહેલા ઘણાં સરપ્રાઈઝ સામે આવી રહ્યાં છે. ફેન્સ જાણવા આતુર છે કે, આ વખતે શોમાં શું ખાસ હશે. હવે સમાચાર સામે આવી રહ્યાં છે કે, WWE સુપરસ્ટાર અંડરટેકર બિગ બોસની સિઝન ૧૯માં જોવા મળી શકે છે. જેથી ફેન્સ રિયાલિટી શોને લઈને ઘણાં રોમાંચિત છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અંડરટેકર શોમાં વાઈલ્ડકાર્ડ એન્ટ્રી તરીકે સામેલ થઈ શકે છે અને એક અઠવાડિયા માટે બિગ બોસ હાઉસમાં આવી શકે છે. જો આ અફવાઓ સાચી ઠરી, તો તે બિગ બોસના ઈતિહાસની સૌથી મોટી ઘટના સાબિત થશે.

અંડરટેકર બિગ બોસમાં આગામી સિઝનમાં સ્પેશિયલ ગેસ્ટ તરીકે જોવા મળી શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તે નવેમ્બરમાં વાઈલ્ડકાર્ડ એન્ટ્રી તરીકે ઘરમાં આવી શકે છે અને ૭-૧૦ દિવસ સુધી રહી શકે છે.

જો કે, હજુ સુધી કોઈ ઓફિશિયલ જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ સૂત્રો અનુસાર વાતચીત ચાલી રહી છે. તેનું મહત્વ ઘણું વધારે છે, કેમ કે અંડરટેકરની હિસ્ટ્રી અને પ્રતિષ્ઠા જોતા આ એક મોટી ઈવેન્ટ સાબિત થઈ શકે છે. જણાવી દઈએ કે, અંડરટેકરે ૨૦૨૦માં પ્રોફેશનલ રેસલિંગમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી, પરંતુ તે હજુ સુધી રેસલિંગની દુનિયામાં ભારે ચર્ચામાં છે.

બિગ બોસે કોઈ WWEના સ્ટારનો હોસ્ટ કર્યો હોય એવું પહેલીવાર નથી થયું. ગ્રેટ ખલી પણ શોની સિઝન ૪માં આવ્યો હતો. તેની પોપ્યુલારિટી અને પ્રતિષ્ઠા જોતા કહી શકાય કે અંડરટેકર આ સિઝનમાં સૌથી વધુ પેમેન્ટ મેળવનાર સ્પર્ધક બની શકે છે.

ગ્રેટ ખલીને તેની સિઝન દરમિયાન દરેક અઠવાડિયા માટે ૫૦ લાખ રૂપિયા આપવામાં આવ્યાં હતા, જેથી તે શોના ઈતિહાસમાં સૌથી વધુ પેમેન્ટ મેળવનાર સેલિબ્રિટીઝમાંથી એક બની ગયો હતો. આશા છે કે, અંડરટેકર પણ બિગ બોસમાં અત્યાર સુધીના સૌથી વધુ પેમેન્ટ મેળવનાર સ્પર્ધકમાંથી એક હશે.

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની ૭ સપ્ટેમ્બરે યોજાનારી બે પરીક્ષા મુલતવી

## આ જ દિવસે જીપીએસસી પરીક્ષાના હોવાના કારણે ઉમેદવારો તરફથી મળેલી રજૂઆતો બાદ નિર્ણય લેવાયો

**અબતક, રાજકોટ**

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (જીએસએસએસબી) દ્વારા ૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાનારી બે મહત્વપૂર્ણ પરીક્ષાઓ મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય ઉમેદવારો તરફથી મળેલી રજૂઆતો બાદ લેવામાં આવ્યો છે, કારણ કે આ જ તારીખે ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી) દ્વારા પણ નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ની પ્રાથમિક પરીક્ષાનું આયોજન થયેલું છે.મંડળ દ્વારા જારી કરવામાં આવેલી સૂચના મુજબ, જાહેરાત ક્રમાંકઃ ૨૩૭/૨૦૨૪૨૫ હેઠળ લેબોરેટરી ટેકનિશિયન (રસાયણ જુથ), વર્ગ-૩ અને જાહેરાત ક્રમાંકઃ ૩૦૪/૨૦૨૫૨૬ હેઠળ વર્ક આસિસ્ટન્ટ, વર્ગ-૩ સંવર્ગની એમસીક્યુ-સીબીઆરટી પદ્ધતિથી યોજાનારી પરીક્ષાઓ હવે ૭ સપ્ટેમ્બરના રોજ યોજાશે નહીં. આ પરીક્ષાઓ અનુક્રમે સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ અને બપોરે ૩:૦૦ થી ૬:૦૦ દરમિયાન લેવાનાર હતી.જીએસએસએસબીના સચિવે સ્પષ્ટતા કરી છે કે આ બંને પરીક્ષાઓ મુલતવી રાખવામાં આવી છે અને તેની નવી તારીખ હવે પછી નક્કી કરીને મંડળની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. ઉમેદવારોને આ અંગે નિયમિત રીતે વેબસાઈટ તપાસતા રહેવા માટે સૂચના આપવામાં આવી છે.એક જ દિવસે બે અલગ-અલગ મહત્વપૂર્ણ પરીક્ષાઓની તારીખો ટકરાવાથી ઘણા ઉમેદવારો મૂંઝવણમાં હતા, જેઓ બંને પરીક્ષા આપવા માગતા હતા. મંડળના આ નિર્ણયથી હજારો ઉમેદવારોને મોટી રાહત મળી છે, જેઓ જીપીએસસી અને જીએસએસએસબી બંનેની તૈયારી કરી રહ્યા હતા.

# ઉત્તરાખંડના ચમોલીમાં આભ ફાટ્યું: ઘર કાટમાળમાં ફેરવાયા

## વાદળ ફાટવાની સૌથી વધુ અસર થરાલી બજાર, કોટદીપ અને તહસીલ પરિસરમાં જોવા મળી: તહસીલ પરિસરમાં પાર્ક કરેલા ઘણા વાહનો કાટમાળ નીચે દટાઈ ગયા

**અબતક, ઉત્તરાખંડ**

ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના થરાલી વિસ્તારમાં મોડી રાત્રે વાદળ ફાટવાની ઘટનામાં ભારે વિનાશ સર્જાયો હતો. વાદળ ફાટવાના કારણે થરાલી શહેર, આસપાસના ગામડાઓ અને બજારોમાં જનજીવન ખોરવાઈ ગયું હતું. ભારે વરસાદમા રાપણે અનેક ઘર, દુકાન અને રસ્તાઓ કાટમાળમાં ફેરવાઈ ગયા હતા. વહીવટી તંત્ર અને એસડીઆરએફની ટીમ રાહત અને બચાવ કામગીરીમાં લાગી છે.ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના થરાલી વિસ્તારમાં શુક્રવારે મોડી રાત્રે વાદળ ફાટવાની થરાલી શહેર, આસપાસના ગામડાઓ અને બજારોમાં જનજીવન ખોરવાઈ ગયું હતું. ભારે વરસાદ અને કાટમાળને કારણે ઘણા ઘરો, દુકાનો અને રસ્તાઓને નુકસાન થયું છે. વહીવટીતંત્ર અને એસડીઆરએફ ટીમો રાહત અને બચાવ કાર્યમાં રોકાયેલી છે.

વાદળ ફાટવાની સૌથી વધુ અસર થરાલી બજાર, કોટદીપ અને તહસીલ પરિસરમાં જોવા મળી હતી. અહીં કાટમાળ તહસીલ પરિસર, એસડીએમ આવાસ સહિતના અનેક ઘરોમાં ઘૂસી ગયો હતો. તહસીલ પરિસરમાં પાર્ક કરેલા ઘણા વાહનો કાટમાળ નીચે દટાઈ ગયા હતા. શહેરના રસ્તાઓ કાટમાળથી એટલા ભરાઈ ગયા હતા કે તે તળાવ જેવા દેખાવા લાગ્યા હતા. નજીકના સાગવારા ગામમાં એક યુવતીનું કાટમાળ નીચે દબાઈ જવાથી મોત નીપજ્યું હતું.

આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ગભરાટ હતી અને લોકો જીવ બચાવવા માટે ઘરની બહાર નીકળી ગયા હતા. પોલીસ અને વહીવટીતંત્રની ટીમો તાત્કાલિક રાહત કાર્ય માટે ગામમાં પહોંચી ગઈ હતી. ચેપડો બજારમાં કાટમાળને કારણે ઘણી દુકાનોને નુકસાન થયું હતું. આ ઉપરાંત, એક વ્યક્તિ ગુમ હોવાના અહેવાલ છે, જેના કારણે સ્થાનિકોની ચિંતામાં વધારો થયો છે.

### વાહન વ્યવહાર ખોરવાયો

ભારે વરસાદ અને કાટમાળને કારણે, થરાલી-ગ્વાલદમ માર્ગ મિંગ્ગદેરા નજીક બંધ થઈ ગયો છે. આ ઉપરાંત, થરાલી-સગવાડા માર્ગ પણ અવરોધિત છે. આ બે રસ્તાઓ બંધ થવાને કારણે, વિસ્તારમાં વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો છે અને લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

### શાળા અને આંગણવાડી બંધ

જિલ્લા વહીવટીતંત્રએ સલામતીને ધ્યાનમાં રાખીને થરાલી તાલુકાની તમામ શાળાઓ અને આંગણવાડી કેન્દ્રોને આજે બંધ રાખવાનો આદેશ આપ્યો છે. જિલ્લા મેજિસ્ટ્રેટ ડો. સંદીપ તિવારીએ જણાવ્યું હતું કે પોલીસ અને વહીવટીતંત્રની ટીમો સતત સ્થળ પર હાજર છે અને રાહત અને બચાવ કાર્યમાં રોકાયેલી છે.

# અમેરિકાના ભારત માટેના રાજદૂત બન્યાં સર્જીયો ગોર

## સર્જીયો ગોર ટ્રમ્પના વિશ્વાસુ અને વ્હાઈટ હાઉસના રાષ્ટ્રપતિ કર્મચારીના ડિરેક્ટર તરીકે આપી ચૂક્યા છે સેવા



**અબતક, રાજકોટ**

યુએસના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાશ્કંદમાં જન્મેલા સર્જિયો ગોરને ભારતમાં અમેરિકાના નવા રાજદૂત તરીકે નિયુક્ત કર્યા છે. આ નિમણૂક અત્યંત મહત્વની છે કારણ કે ગોર, ટ્રમ્પના નજીકના વિશ્વાસુ અને વ્હાઈટ હાઉસના રાષ્ટ્રપતિ કર્મચારીના ડિરેક્ટર તરીકે સેવા આપી ચૂક્યા છે. જો સેનેટ દ્વારા તેમની નિમણૂકને મંજૂરી આપવામાં આવશે, તો ૩૯ વર્ષીય ગોર ભારતમાં સૌથી યુવા યુએસ રાજદૂત બનશે.

ટ્રમ્પે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં ગોરને ‘‘મહાન મિત્ર‘‘ ગણાવ્યા, જેમણે તેમની સાથે વર્ષો સુધી કામ કર્યું છે. ટ્રમ્પના જણાવ્યા મુજબ, ગોરે તેમના ‘‘અમેરિકા ફર્સ્ટ પેટ્રિયોટ્સ‘‘ એજન્ડાને અનુરૂપ, ફેડરલ સરકારના વિવિધ વિભાગોમાં લગભગ ૪,૦૦૦ લોકોને નોકરી પર રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. ગોર એક લો-પ્રોફાઈલ ઈનસાઈડર તરીકે જાણીતા છે જેમણે ટ્રમ્પના પુસ્તકો પ્રકાશિત કરવા અને સુપર પીએસી ચલાવવા જેવા મહત્વપૂર્ણ કાર્યો પણ સંભાળ્યા છે. આ નિમણૂક દર્શાવે છે કે ટ્રમ્પ ભારત સાથેના સંબંધોમાં પોતાના વિશ્વાસુને મોકલવા માંગે છે, જે તેમના રાજકીય એજન્ડાને આગળ ધપાવી શકે.સર્જિયો ગોરનો જન્મ ઉઝબેકિસ્તાનના તાશ્કંદમાં થયો હતો અને ૧૨ વર્ષની ઉંમરે તેઓ તેમના પરિવાર સાથે અમેરિકા ગયા હતા. તેમના પિતા, યુરી ગોરોખોવ્સ્કી, સોવિયેત મિલિટરી માટે વિમાન ડિઝાઈન કરતા એન્જિનિયર હતા, જેમાંથી એક વિમાન ભારતીય વાયુસેનાના કાફલાનો પણ ભાગ છે. ગોરનો ભારત સાથે કોઈ પૂર્વ સંબંધ નથી, પરંતુ તેમણે વોશિંગ્ટન ડીસીમાં રાજકીય વર્તુળોમાં ઝડપથી પોતાનું સ્થાન બનાવ્યું. તેમણે કન્ઝર્વેટિવ અને રિપબ્લિકન પાર્ટીમાં કામ કર્યું અને સેનેટર રેન્ડ પોલ જેવા જાણીતા નેતાઓ સાથે પણ કામ કર્યું. ૨૦૨૦ની ચૂંટણી પછી તેઓ ટ્રમ્પના નજીક આવ્યા અને એમએજીએ ચળવળમાં સક્રિય ભૂમિકા ભજવી. આ નવી જવાબદારી સાથે, ગોર ભારતમાં દ્વિપક્ષીય સંબંધોને કેવી રીતે આગળ વધારશે તે જોવું રસપ્રદ રહેશે.

# ટેકાના ભાવે કપાસ વેંચવા માટે ખેડૂતોએ ‘કપાસ કિશાન’ એપ્લીકેશન પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત

## આગામી ૧ થી ૩૦ સપ્ટેમ્બર સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાશે

**અબતક, રાજકોટ**

ટેકાના ભાવે કપાસ વેંચવા માંગતા ખેડૂતોએ આ વર્ષે ‘કપાસ કિશાન’ યોજના પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત કરાયું છે.ભારત સરકારના કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ટેકાના ભાવે કપાસની ખરીદી માટે ૧ થી ૩૦ સપ્ટેમ્બર સુધી માત્ર ‘કપાસ કિશાન’ એપ્લીકેશન મારફત ઓનલાઈન જ રજીસ્ટ્રેશન કરવામાં આવશે. રજીસ્ટ્રેશન કરાવ્યા વિના કોઈપણ ખેડુતનો કપાસ સીસીઆઈ દ્વારા ખરીદવામાં આવશે નહી. ખેડુતોએ રજીસ્ટ્રેશન માટે સૌ પ્રથમ આપના મોબાઈલ માંથી કપાસ કિશાન એપ ડાઉન લોડ કરવી જે ગુગલ પ્લે સ્ટોર અને એપલ આઈઓએસ સ્ટોર પર તા. ૩૦ ઓગષ્ટ થી ઉપલબ્ધ થશે. ખેડુતોએ પોતાની પાસે પાસપોર્ટ સાઈઝ ફોટો, મોબાઈલ નંબર અપડેટ થયેલ બેંક ખાતા સાથે લીંક કરેલ આધાર કાર્ડ ૭-૧૨ તથા ૮-અ કે જેના કપાસનું વાવેતર લખેલ હોઈ તેવા નવીનતમ આધાર અને જો લખેલ ના હોઈ તો તલાટી કમ મંત્રીનો સહી સિકકો સાથેનો દાખલો સાથે રાખવાનો રહેશે. નિયત સમયગાળામાં સ્વ.-નોંધણી પોતાના મોબાઈલમાંથી પૂર્ણ કરવાની રહેશે. વધુમાં વિગતો માટે એમપીએમસીમાં આવેલ કપાસ ખરીદી કેન્દ્રનો સંપર્ક કરવા વિનંતી કરાય છે.

# જિલ્લા પોલીસ વડા તરીકે ચાર્જ સંભાળતાની સાથે જ રવિ મોહન સૈની એક્શન મોડમાં

## નાઈટ ટ્રાફિક ડ્રાઈવથી નિયમ તોડનારાઓમાં ફફડાટ: ધુમ સ્ટાઈલ, ટ્રિપલ સવારી, બ્લેક કાચ, ડ્રિંક એન્ડ ડ્રાઈવ તથા રોમિયોગીરી પર પણ કડક કાર્યવાહી

જામનગર જિલ્લામાં કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે અને ગુનાખોરી અટકે તે હેતુસર તાજેતરમાં જ નવનિયુક્ત જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીએ તમામ પોલીસ મથકોને ‘‘નાઈટ ટ્રાફિક ડ્રાઈવ‘‘ માટે કડક આદેશ આપ્યો હતો. તેના અનુસંધાને સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ એન.એ.ચાવડા, પીએસઆઈ એમ.કે. બ્લોચ તથા સર્વેલન્સ સ્કવોડના સ્ટાફે વરસાદી માહોલ વચ્ચે વિશાળ ટ્રાફિક ચેકિંગ અભિયાન હાથ ધર્યું.

આ ડ્રાઈવ દરમિયાન વાહનચાલકોના લાયસન્સ તથા કાગળોની ચકાસણી કરવામાં આવી હતી. ફોર-વ્હીલરમાં બ્લેક કાચ, બાઈક પર ટ્રિપલ સવારી, વાહન ચલાવતાં મોબાઈલ પર વાત કરવી, ધુમસ્ટાઈલથી બાઈક હંકાવવી, ડ્રિંક એન્ડ ડ્રાઈવ તથા રોમિયોગીરી જેવા કિસ્સાઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ખાસ કરીને ધ્વનિ પ્રદૂષણ કરતા બુલેટ ચાલકો સામે કાયદેસર કડક કાર્યવાહી કરી અનેક વાહન ડીટેઈન કરાયા હતા.આ કામગીરી દરમ્યાન ૮થી વધુ બાઈક ડીટેઈન કરાઈ અને વિવિધ ગુનાખોરી કરનારાઓ પાસેથી રૂ ૧૦,૦૦૦ થી વધુ દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

ઉપરાંત મોડી રાતે દુકાનો કે જાહેર સ્થળોએ વાહન પાર્ક કરી




ભેગા થનારા લોકો પર પણ પોલીસની કાર્યવાહી થઈ હતી, જેને પગલે અમુક લોકો પોલીસને જોઈને સ્થળ પરથી છૂટી ગયા હતાં.

જામનગર પોલીસની આ ચુસ્ત કાર્યવાહીથી વાહન ચાલકોમાં કડક નિયમ પાલન કરવાનો માહોલ ઊભો થયો છે અને શહેરમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ મજબૂત બની છે.

# સાધના કોલોની જૈન સંઘમાં પર્યુષણ મહાપર્વની ભાવપૂર્વક ઉજવણી

## સ્વાધ્યાય, વ્યાખ્યાન, ધાર્મિક ક્વિઝ અને પ્રતિક્રમણ સહિત વિવિધ આરાધનાઓમાં શ્રદ્ધાળુઓનો ઉત્સાહભર્યો સહભાગી થયા

સાધના કોલોની જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ ખાતે આ વર્ષે પર્યુષણ પર્વની ઉજવણી આચાર્ય રશ્મિરત્ન માં.સા.ના આજ્ઞાનુંવર્તી ગુરુમૈયા સાધ્વીજી પુણ્યરેખાશ્રીજી માં.સા. તથા સાધ્વીજી જીતારીરેખા માં.સા. આદિ થાણા-૩ ની નિશ્રામાં



હર્ષોલ્લાસથી થઈ રહી છે.

સવારે વ્યાખ્યાન, બપોરે ધાર્મિક ક્વિઝ ગેમ અને સાંજે પ્રતિક્રમણ જેવી આરાધનાઓ યોજાઈ રહી છે. ભાવિકો માટે એકાસણા તથા આયંબિલની આરાધના કરાવવાનું આયોજન પણ સંઘ દ્વારા કરવામાં આવ્યું છે.

આ અવસર પર મૂળનાયક ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન સહિત પ્રભુ પ્રતિમાઓને સુંદર અંગરચના અને દીપક રોશનીથી અલંકૃત કરવામાં આવી છે. શ્રદ્ધાળુઓને દર્શનનો લાભ લેવા સંઘ દ્વારા અપીલ કરવામાં આવી છે. આ સમગ્ર આયોજનમાં સંઘના ટ્રસ્ટીગણ તથા કાર્યકર ભાઈ-બહેનોની નોંધપાત્ર જહેમત રહેલી છે.

# ગણેશોત્સવમાં પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ બનો જીપીસીબીની ઈકો-ફ્રેન્ડલી ઉજવણી માટે અપીલ

ગણેશોત્સવને ધ્યાનમાં રાખીને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ મંડળ (જીપીસીબી) ની જામનગર કચેરીએ પર્યાવરણને અનુકૂળ રીતે તહેવાર ઉજવવા માર્ગદર્શિકા જાહેર કરી છે. મંડળે નાગરિકો અને ગણેશ મંડળોને જળપ્રદૂષણ અટકાવવા માટીની બનેલી પર્યાવરણપ્રેમી મૂર્તિઓ સ્થાપિત કરવાની અપીલ કરી છે.


જીપીસીબીએ જણાવ્યું કે પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓ પાણીમાં ઓગળતી નથી અને જળચર જીવોને હાનિ પહોંચાડે છે,

જ્યારે માટીની મૂર્તિઓ સહેલાઈથી વિઘટિત થાય છે. મૂર્તિની સજાવટ માટે એકવાર વપરાતા પ્લાસ્ટિક અને થર્મોકોલને બદલે કુદરતી સામગ્રીનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે.મંડળે શ્રદ્ધા રાખીએ મોટી, મૂર્તિ રાખીએ નાની ના સૂત્ર સાથે નાની સાઈઝની મૂર્તિઓ સ્થાપવાની અપીલ કરી છે. તેમજ મૂર્તિ વિસર્જન પહેલાં ફૂલમાળા, કપડાં અને અન્ય સજાવટની વસ્તુઓ દૂર કરવી જરૂરી હોવાનું પણ જણાવ્યું.જામનગરની જનતાને જીપીસીબીએ નદી-નાળા રાખીએ સાફ તો વિઘ્નહર્તા કરે માફ ના સંદેશ સાથે પર્યાવરણપ્રેમી રીતે ગણેશોત્સવ ઉજવવા અનુરોધ કર્યો છે.

# મહાપાલિકાનો નવો પ્રયાસ: વોટ્સએપ ચેટબોટથી મળશે અનેક સેવાઓનો લાભ

## ઓનલાઈન પેમેન્ટ, ટેક્સ એપ્લિકેશનથી લઈને ફરિયાદ નોંધાવવા સુધીની સુવિધાઓ એક જ નંબર પર ઉપલબ્ધ

નાગરિક સુવિધાઓને વધુ સરળ બનાવવા જામનગર મહાનગર પાલિકા દ્વારા સ્વતંત્રતા દિવસના અવસર પર નવો વોટ્સએપ ચેટબોટ શરૂ કરવામાં આવ્યો છે. આ નવીન સેવા મારફતે શહેરીજનોને અનેક સુવિધાઓ ઘરેથી જ પ્રાપ્ત થશે. મહાનગર પાલિકા દ્વારા જાહેર કરાયેલ વોટ્સએપ નંબર ૯૪૨૬૫ ૨૪૩૬૫ પર પ્રથમ Hi ટાઈપ કરી સંપર્ક કરવો રહેશે. ત્યારબાદ ભાષા અને સંબંધિત વિભાગ પસંદ કરી જરૂરી સેવા મેળવી શકાશે.



આ ચેટબોટ મારફતે ઓનલાઈન પેમેન્ટ, ટેક્સ એપ્લિકેશન, સર્ચ એસેસમેન્ટ નંબર, બિલ ડાઉનલોડ, નોટિસ, મોબાઈલ નંબર રજિસ્ટ્રેશન જેવી સેવાઓ ઉપલબ્ધ થશે. સાથે જ પ્રોફેશનલ ટેક્સ, અરજીપત્રકો, સર્ટિફિકેટ તેમજ ફરિયાદો નોંધાવવાની સુવિધા પણ મળશે.

નાગરિકો મહાનગર પાલિકાના પદાધિકારીઓની વિગતો પણ મેળવી શકશે.આ સેવા કમિશનર ડી.એન. મોદી ની સૂચના હેઠળ શરૂ કરવામાં આવી છે. ચીફ એકાઉન્ટ ઓફિસર જીગ્નેશ નિર્મલ દ્વારા આ પ્રોજેક્ટને કાર્યરત કરવામાં આવ્યો હતો, જેમણે અગાઉ જેએમસી કનેક્ટ એપ્લિકેશન પણ રજૂ કરી હતી. મહાનગર પાલિકાએ નગરજનોને આ નવી ડિજિટલ સુવિધાનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરી છે.

# ભારત-ઘાના સહકારને નવો વેગ: ઈટ્રાના વાઈસ ચાન્સેલરની મહત્વપૂર્ણ મુલાકાત

## આયુર્વેદ-પરંપરાગત ચિકિત્સા ક્ષેત્રે સંશોધન, શિક્ષણ, તાલીમ અને સાંસ્કૃતિક આદાનપ્રદાન માટે નવા માર્ગ ખુલ્યા



વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીની તાજેતરની ઘાના મુલાકાત દરમિયાન થયેલા ઐતિહાસિક સમજૂતી કરારને પ્રાયોગિક રૂપ આપવા માટે ઘાનાની યુનિવર્સિટી ઓફ હેલ્થ એન્ડ એલાઈડ સાયન્સીસની વાઈસ ચાન્સેલર પ્રોફેસર લીડિયા અઝાઈતોએ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ (ઈટ્રા), જામનગરની મુલાકાત લીધી હતી.આ મુલાકાત દરમિયાન ઈટ્રાના ડાયરેક્ટર પ્રો. તનુજા નેસરીએ તેમને આવકાર આપીને આયુર્વેદના સમૃદ્ધ વારસાને રજૂ કર્યો હતો. પ્રોફેસર લીડિયાએ વિવિધ વિભાગો, આધુનિક લેબોરેટરી અને સંશોધન સુવિધાઓની મુલાકાત લીધી તથા નિષ્ણાતો સાથે ચર્ચા કરી.

બંને સંસ્થાઓ વચ્ચે શૈક્ષણિક વિનિમય, સંયુક્ત સંશોધન, તાલીમ તથા વર્કશોપ, અભ્યાસક્રમ વિકાસ અને સાંસ્કૃતિક સહકાર જેવા મુદ્દાઓ પર સંકલ્પ વ્યક્ત થયો હતો. આ સાથે ભવિષ્યમાં સંયુક્ત પ્રોજેક્ટ્સ તથા નિયમિત માળખાગત ચર્ચા શરૂ કરવાની દિશા નક્કી થઈ હતી.પ્રો. તનુજા નેસરીએ જણાવ્યું હતું કે આ મુલાકાત વડાપ્રધાન મોદીની પહેલને આગળ ધપાવી ભારત-ઘાના સહકારને નવી ઊંચાઈ આપશે અને પરંપરાગત ચિકિત્સાને વૈશ્વિક સ્તરે મજબૂત બનાવશે.

# સૈનિક સ્કૂલ બાલાચડીમાં શિવાજી હાઉસ બન્યું બાસ્કેટબોલ ચેમ્પિયન

## ‘શ્રેષ્ઠ ખેલાડી’ તરીકે પ્રિયરાજસિંહ અને ’ઉભરતા ખેલાડી’ તરીકે હાર્ડ પટેલને મળ્યું સન્માન: પ્રિન્સિપાલે વિજેતાઓને ટ્રોફી આપી પ્રોત્સાહિત કર્યા

જામનગરની જાણીતી સૈનિક સ્કૂલ બાલાચડી ખાતે શૈક્ષણિક સત્ર ૨૦૨૫-૨૬ માટે ઈન્ટર-હાઉસ બાસ્કેટબોલ ચેમ્પિયનશિપનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં પાંચ સિનિયર હાઉસની ટીમોએ ભાગ લીધો હતો, જેમાં દરેક મેચ ભારે ઉત્સાહ અને રોમાંચથી ભરપૂર રહી હતી. લીગ કમ નોકઆઉટ ફોર્મેટમાં રમાયેલી આ ચેમ્પિયનશિપમાં શિવાજી હાઉસએ શાનદાર પ્રદર્શન કરીને વિજેતાનો ખિતાબ જીત્યો હતો.



શિવાજી હાઉસના કેડેટ પ્રિયરાજ સિંહને ટુર્નામેન્ટના ’શ્રેષ્ઠ બાસ્કેટબોલ ખેલાડી’ અને કેડેટ હાર્ડ પટેલને ’શ્રેષ્ઠ ઉભરતા ખેલાડી’ તરીકે જાહેર કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. ફાઈનલ મેચ જોવા માટે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને તેમણે પોતાની ટીમોને જોરદાર પ્રોત્સાહન આપ્યું હતું.

સમાપન સમારોહમાં, શાળાના પ્રિન્સિપાલ કર્નલ શ્રેયશ મહેતાએ શિવાજી હાઉસના વિજેતાઓને ટ્રોફી આપીને સન્માનિત કર્યા. તેમણે પોતાના સંબોધનમાં વિજેતાઓ અને તમામ સહભાગીઓને અભિનંદન પાઠવ્યા. તેમણે કહ્યું કે આવી સ્પર્ધાઓ વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા બતાવવાની તક પૂરી પાડે છે અને દરેક કેડેટને ઓછામાં ઓછી એક રમતમાં શ્રેષ્ઠતા હાંસલ કરવા માટે પ્રોત્સાહિત કર્યા. તેમણે વિદ્યાર્થીઓને ‘‘ખંતથી રમવા, સારી રીતે અભ્યાસ કરવા અને સ્વાસ્થ્યનું ધ્યાન રાખવા‘‘નો મહત્વપૂર્ણ સંદેશ પણ આપ્યો.

આ ઈવેન્ટનું આયોજન પીજીટી કેમિસ્ટ્રી શંકરરાવ ગંધમ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે સીએચએમ આનંદ દુબે અને હવાલદાર મનુજ ચંબ્યાલે રેફરી તરીકે સેવા આપી હતી. સમારોહમાં વાઈસ પ્રિન્સિપાલ સ્ક્વોડ્રન લીડર રાકેશ તિવારી સહિત શાળાના અન્ય સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# કોંગ્રેસ દ્વારા ’વોટ ચોર ગાદી છોડ’ કાર્યક્રમ: લાલ બંગલા સર્કલમાં ધરણાં



જામનગર શહેર કોંગ્રેસ દ્વારા આજે ‘‘વોટ ચોર ગાદી છોડ‘‘ ના નારા સાથે લાલ બંગલા સર્કલ ખાતે ધરણાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કોંગ્રેસના કાર્યકરો અને હોદ્દેદારોએ બેનરો અને પોસ્ટરો સાથે વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

આ ધરણાનું આયોજન પૂર્વ સાંસદ વિક્રમભાઈ માડમની આગેવાની હેઠળ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા અને મહાનગરપાલિકાના વિરોધ પક્ષના નેતા ધવલ નંદા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, કોંગ્રેસના અન્ય હોદ્દેદારો અને કોર્પોરેટરો પણ આ ધરણામાં જોડાયા હતા. કાર્યકરોએ પ્રતીક ધરણા કરીને ‘‘વોટ ચોર, ગાદી છોડ‘‘ ના સૂત્રો પોકાર્યા હતા, જેના માધ્યમથી તેમણે વર્તમાન શાસન સામે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વોટ ચોરીના આક્ષેપો વિરુદ્ધ જનજાગૃતિ ફેલાવવાનો હતો.

# ધ્રોલ: ઐતિહાસીક ભુચરમોરી ખાતે ત્રિ-દિવસીય લોકમેળામાં લાખો લોકો આનંદ માણશે

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ શહેરથી ૧ કિલોમીટર દુર ભૂચરમોરીનું ઐતિહાસિક મેદાન આવેલ છે. તે મેદાનમાં ધ્રોલ નગરપાલિકા સંચાલિત દર વર્ષની જેમ આ વર્ષે પણ લોકમેળાનું આયોજન શ્રાવણ માસની વદ તેરસ, ચૌદસ, અમાસ એટલે કે તા.૨૧-૦૮ થી તા.૨૩-૦૮ એમ ત્રણ દિવસ સુધી લોકમેળાનું આયોજન કરેલ છે. આ લોકમેળામાં ધ્રોલ શહેર તથા ધ્રોલ તાલુકાના તમામ ગામોના નાગરીકોને આ લોકમેળાનો આનંદ લેવા ધ્રોલ નગરપાલિકા દ્વારા આમંત્રણ આપવામાં આવે છે. આ લોક મેળાનું ઉદઘાટન સુરેશજતી



રેવાજતી ગોસાઈ, કારોબારી અધ્યક્ષ , ધ્રોલ નગરપાલિકા ના વરદ હસ્તે રાખેલ છે વિજયભાઈ ટપુભાઈ વાઘેલા પ્રમુખ , ધ્રોલ નગરપાલિકા, ધ્રોલ નગરપાલિકા, સુરેશજતી રેવાજતી ગોસાઈ કારોબારી અધ્યક્ષ ધ્રોલ નગરપાલિકા, નિકુંજભાઈ વોરા ચીફ ઓફીસર ધ્રોલ નગરપાલિકા, તથા ધ્રોલ નગરપાલિકાના તમામ સદસ્ય ઓ તથા સ્ટાફ મિત્રો,તેવુ યાદીમાં જણાવ્યું છે.

# અમાવશ્યાએ શિવાલયોમાં હર હર મહાદેવના નાદ: પિતૃ કલ્યાણાર્થે પીપળા પૂજન,

## ભક્તોએ મહાદેવને જલાભિષેક, બિલીપત્ર અર્પણ આજે શ્રાવણ માસની પૂર્ણાહુતી

‘છોટીકાશી’ તરીકે ઓળખાતા જામનગરમાં શ્રાવણ માસના અંતિમ દિને એટલે કે શનિવારી અમાસે ભક્તિનો ઉમંગ છલકાયો હતો. શહેરના કાશી વિશ્વનાથ, સિદ્ધનાથ, નાગેશ્વર, ભીડભંજન, વૈજનાથ સહિતના અનેક શિવાલયોમાં વહેલી સવારથી જ ભક્તો ઉમટી પડ્યા હતા.



ભક્તોએ મહાદેવને જલાભિષેક, બિલીપત્ર અર્પણ કરી શ્રદ્ધા વ્યકત કરી હતી, તો પિતૃકલ્યાણાર્થે પીપળા પૂજનની પરંપરાગત રીતિ નિભાવી હતી. અનેક મંદિરોમાં ઝાંખી, ભસ્મ આરતી, ધ્વજારોહણ અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવેલા પ્રાચીન તથા ઐતિહાસિક શિવાલયોમાં હર હર મહાદેવના નાદ ગૂંજતા રહ્યા હતા. ઉપવાસ અને એકટાણા પૂર્ણ કરનાર ભક્તો માટે ફરાળી વાનગીઓની સ્ટોલો પર પણ ભીડ જોવા મળી હતી.આજે સાંજે પણ અનેક શિવાલયોમાં ઝાંખી અને આરતી યોજાવાની હોવાથી ભક્તોમાં વિશેષ ઉત્સાહ છવાયો છે. આમ શ્રાવણ માસની ભક્તિપૂર્ણ પૂર્ણાહુતી શહેરે આનંદોઉલ્લાસ સાથે ઉજવી હતી.


# ગણપતિ મહોત્સવમાં આયોજકોને સમ્માનિત કરાશે

## એચ.જે.લાલ ચેરીટેબલ ટ્રસ્ટ અને કેદાર લાલ ફાઉન્ડેશનનો સંયુક્ત ઉપક્રમ છેલ્લા ૧૪ વર્ષથી ચાલુ પરંપરા આ વર્ષે પણ જળવાઈ

શહેર તથા હાલાર વિસ્તારમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં કાર્યરત એચ.જે.લાલ (બાબુભાઈ લાલ) ચેરીટેબલ ટ્રસ્ટ અને કેદાર લાલ (કેદાર જીતેન્દ્ર લાલ) ફાઉન્ડેશન દ્વારા જામનગર શહેરના ગણપતિ મહોત્સવ આયોજકોનો સન્માન સમારોહ યોજવામાં આવશે. ગણપતિ મહોત્સવનો મંગલ પ્રારંભ આ વર્ષે ભાદરવા સુદ ચતુર્થીના રોજ થવા જઈ રહ્યો છે. ધર્મપ્રેમી જનતા ધામધુમપૂર્વક આ ઉત્સવની ઉજવણી કરે છે, ત્યારે છેલ્લા ૧૪ વર્ષથી ગણપતિ મંડળો તથા પાંડાલ સંચાલકોનું સન્માન કરવાનો અનોખો કાર્યક્રમ પરંપરાગત રીતે યોજાતો આવ્યો છે. આ વર્ષે પણ એ જ પરંપરા અંતર્ગત ભવ્ય સન્માન સમારોહનું આયોજન થશે.

સન્માન સમારોહમાં ભાગ લેવા ઈચ્છતા તમામ મંડળોએ તા. ૨૫-૦૮-૨૦૨૫ થી તા. ૦૫-૦૯-૨૦૨૫ વચ્ચે સવારના ૧૦.૩૦ થી ૧.૩૦ અને સાંજે ૪.૦૦ થી ૮.૦૦ સુધી ટ્રસ્ટના વહિવટી કાર્યાલય (ત્રણબતી, ઝુલેલાલ મંદિર સામે, જામનગર) ખાતે ફોર્મ ભરીને પહોંચાડવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ આયોજન માટે ટ્રસ્ટી જીતેન્દ્ર એચ. લાલ (જીતુ લાલ)એ શહેરના તમામ ગણપતિ મંડળોને સમયસર નોંધણી કરવા વિનંતી કરી છે.

# પધારો નરેન્દ્રભાઈ: સોમવારથી મોદી બે દિવસ ગુજરાતના મહેમાન



## અમદાવાદના નિકોલ સ્થિત ખોડલધામ ગ્રાઉન્ડ ખાતે સોમવારે બપોરે ૪.૩૦ કલાકે વિશાળ જનસભા સંબોધશે: બે દિવસની મુલાકાત દરમિયાન અબજો રૂપિયાના વિકાસ કામોનું લોકાર્પણ કરશે

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી સોમવાર અને મંગળવારના રોજ માદરે વતન ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. ગુજરાતના પનોતા પુત્ર અને વિશ્વના સૌથી લોકપ્રિય નેતાને ઉમળકાભેર આવકારવા ગુજરાતીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સોમવારે બપોરે ૪.૩૦ કલાકે અમદાવાદના નિકોલ સ્થિત ખોડલધામ ગ્રાઉન્ડ ખાતે વડાપ્રધાન વિશાળ જનસભાને સંબોધશે બે દિવસની ગુજરાતની મુલાકાત દરમિયાન અબજો રૂપિયાના વિકાસ કામોની ભેટ આપશે.

અમદાવાદના નિકોલ ખાતેથી તેઓ ₹૧૩૩.૪૨ કરોડના ખર્ચે બનેલા ૧,૪૪૯ આવાસો તથા ૧૩૦ દુકાનોનું લોકાર્પણ કરશે.

ગુજરાત રાજ્ય સરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની સ્લમ રિહેબિલિટેશન અને રિ-ડેવલપમેન્ટ પોલીસી-૨૦૧૩ અંતર્ગત અમદાવાદ શહેરના પશ્ચિમ ઝોનના સરદાર પટેલ સ્ટેડિયમ વોર્ડમાં આવેલા રામાપીરના ટેકરાના નામે પ્રચલિત સ્લમ પૈકી સેક્ટર-૩માં રૂ.૧૩૩.૪૨ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા કુલ ૧૪૪૯ આવાસો તથા ૧૩૦ દુકાનોનું પુનઃવસન કરવાના કામનું લોકાર્પણ થશે.

કેન્દ્ર સરકાર દ્વારા આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સિસ યોજના અંતર્ગત શહેરી ગરીબો અને કામદારો સસ્તા ભાડાના આવાસો પૂરા પાડવા વર્ષ ૨૦૨૦માં જાહેરાત કરવામાં આવી હતી. એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સ(ARHCs) નીતિ જાહેર થયાથી ત્રણ માસમાં જ સુરત શહેરના સુડા વિસ્તારના નિર્માણ પામેલ ૩૯૩ આવાસોને મોડેલ- ૦૧ અંતર્ગત

(અનુ. આઠમા પાને)

### સાંસદ, ધારાસભ્યો, પ્રભારી અને શહેર-જિલ્લા પ્રમુખોના સોમવારે 'પાટીલ' લેશે કલાસ

**અગાઉ બે વખત મુલતવી રખાયેલી બેઠક વડાપ્રધાનના આગમનના દિવસે જ સવારે બોલાવાતા અનેક તર્ક વિતર્ક**

ભારે વરસાદના કારણે અગાઉ બે વખત મુલત્વી રાખવામાં આવેલી પ્રદેશ ભાજપની સાંસદ અને ધારાસભ્યો ઉપરાંત શહેર જિલ્લા ભાજપના પ્રમુખો સાથેની બેઠક હવે આગામી સોમવારે સવારે ૧૧ કલાકે કમલમ ખાતે મળશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આમનની ગણતરી કલાકો અગાઉ મળનારી આ બેઠકથી અનેક તર્ક વિતર્ક ઉભા થયા છે.જોકે ભાજપના નેતાઓ આ બેઠકને સામાન્ય જ ગણાવી રહ્યા છે. જેમાં કોઈ મોટો નિર્ણય લેવામા આવે તેવી શકયતા ખૂબજ ઓછી છે.

અગાઉ બે વખત બેઠકની તારીખ જાહેર કરવામા આવી હતી. પરંતુ ભારેથી અતિભારે વરસાદના કારણે બેઠક રદ કરવામાં આવી હતી. આ બેઠક ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી લેવાના હતા કારણ કે સંસદનું ચોમાસુ સત્ર ચાલુ હોવાના કારણે પ્રદેશ ભાજપ અધ્યક્ષ

(અનુ. આઠમા પાને)

### સ્વ પોપટ લાખા હત્યામાં સજા માફી સામે હાઈકોર્ટનું કડક વલણ...

# અનિરૂદ્ધસિંહ બહુ થયું, સાત વરસ આનંદ કર્યો હવે જેલમાં આવી રહેમની માગણી કરજો



## સરેન્ડર થયા બાદ આઠ સપ્તાહમાં સરકાર પાસે ન્યાયની અરજી કરી શકસે: હાઈકોર્ટે

**અબતક, રાજકોટ**

ગોંડલ ખાતે ધ્વજવંદન કાર્યક્રમ દરમ્યાન તત્કાલીન ધારાસભ્ય પોપટભાઈ સોરઠીયા ઉપર ગોળીબાર ધરબીને હત્યાના ૩૭ વર્ષ પહેલાના કેસમાં રીબડાના અનિરુદ્ધસિંહ જાડેજાને સુપ્રીમ કોર્ટે ફટકારેલી આજીવન કેદની સજા સરકાર દ્વારા માફ કરવાનો હુકમ સામે હાઈકોર્ટે જણાવ્યું હતું કે બિષ્ટનો આદેશ ''સત્તા વિનાનો છે. તેમાં કોઈ કાયદાનું બળ નથી અને તે રદબાતલ છે અને અનિરુદ્ધસિંહ જાડેજાની અકાળ મુક્તિ કાયદાના અધિકાર વિના છે.'' કોર્ટે જાડેજાના મુક્તિના આદેશને ભૂલભરેલો ગણાવ્યો હોવાથી, તેને જેલ અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યોનો હુકમ કર્યો છે.વધુ વિગત મુજબ ગોંડલ શહેરની સંગ્રામસિંહજી હાઈસ્કૂલમાં ૧૫ ઓગસ્ટ ૧૯૮૮ ના સ્વતંત્રતા દિવસે ધ્વજ વંદન કાર્યક્રમમાં ધારાસભ્ય પોપટભાઈ સોરઠીયાને અનિરુદ્ધસિંહ જાડેજા દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. અનિરુદ્ધસિંહ જાડેજા અને નિલેશકુમારની ધરપકડ કરી હતી. તેઓને સાક્ષીઓ પ્રતિકૂળ હોવાથી કેસમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. સરકાર દ્વારા અપીલ કરવામાં આવતાં સુપ્રીમકોર્ટે જન્મટીપની સજા ફટકારી હતી. અનિરુદ્ધસિંહ જાડેજા ત્રણ વર્ષ સુધી ફરાર રહ્યા હતા. બાદ અનિરુદ્ધસિંહ જાડેજાના પુત્ર એ જેલના એડીજીપી ટી.એસ બીષ્ટને પત્ર લખીને માફી પર મુક્ત કરવાની વિનંતી કરી હતી. આ પત્રને ધ્યાનમાં લઈને તેમને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા.સ્વ. ધારાસભ્યના પૌત્ર હરેશ સોરઠીયાએ અરજી દાખલ કરીને અનિરુદ્ધસિંહ જાડેજાની સજા માફીને પડકારી છે. રાજ્ય સરકાર દ્વારા કાયદાકીય પ્રક્રિયા અનુસર્યા વિના ખોટી રીતે નિર્ણય લેવાયો છે.સુપ્રીમકોર્ટના ચુકાદા મુજબ, આજીવન

(અનુ. આઠમા પાને)

### અનિરુદ્ધસિંહ માટે એક તરફ આગ અને બીજી તરફ ખાઈ!!

**હાજર થાય તો અમિત ખુટ આપઘાત પ્રકરણની મુશ્કેલીમાં વધારો: લાંબી કાનૂની જંગના એંધાણ**

સ્વા પોપટ લાખા સોરઠીયા હત્યા કેસમાં સજા માફી સામે થયેલી અરજી હાઈકોર્ટે મંજૂર કરી અનિરુદ્ધસિંહને જેલમાં સરેન્ડર થવાનો આદેશ આપતા લોઢાના ચણા ચાવવા જેવો જાડેજા પરિવાર માટે ઘાટ સર્જાયો છે જેમાં રીબડાનાં અમિત ખુંટનાં આપઘાત અનિરૂધ્ધસિંહ જાડેજાનાં આગોતરા સેસન્સ કોર્ટે નામંજુર કર્યા છે. મુશ્કેલીઓ વધી છે.અનિરુદ્ધસિંહ માટે એક તરફ આગ અને બીજી તરફ ખાઈ છે. ૪ સપ્તાહમાં જેલમાં સરેન્ડર થવું કે હાઈકોર્ટના આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં જવું કે ૮ સપ્તાહમાં સરકારમાં ફરીથી સજા માફીની અરજી કરવી તે મામલે સિનિયર કાઉન્સિલર નુ માર્ગદર્શન મેળવી અને આગામી કાનૂની લડત ના એંધાણ વર્તાઈ રહ્યા છે. ત્યારે પુત્ર રાજદીપસિંહ જાડેજાએ સેશન્સ કોર્ટ દ્વારા આગોતરા જામીન અરજી નામંજુર કરી છે.

# સાવજોના અકસ્માતે મોત અટકાવવા એઆઈ કામે લાગ્યું

## સિંહોના વિસ્તારમાં એઆઈ બેઝડ ઈન્ટ્રુશન ડિટેક્શન ડિવાઈસના કેબલ લાગ્યા, ત્રણથી ચાર મહિનામાં આ કામ પૂર્ણ થશે અને રેલવે ટ્રેકથી ૧૫ મીટરના વિસ્તારમાં સિંહ હશે તો ખબર પડી જશે

**અબતક, રાજકોટ**

સિંહોના આકસ્મિક મૃત્યુ મામલે સુઓમોટો રિટની સુનાવણીમાં ઓથોરિટી તરફથી હાઈકોર્ટને જણાવવામાં આવ્યું હતું કે સિંહોના વિસ્તારમાં એઆઈ બેઝડ ઈન્ટ્રુશન ડિટેક્શન ડિવાઈસના કેબલ લાગ્યા છે. ત્રણથી ચાર મહિનામાં આ કામ પૂર્ણ થશે અને રેલવે ટ્રેકથી ૧૫ મીટરના વિસ્તારમાં સિંહ હશે તો ખબર પડી જશે.ગુજરાત હાઈકોર્ટ દ્વારા વર્ષ ૨૦૧૮ માં ગુજરાતમાં એશિયાટિક સિંહોના અપમૃત્યુને લઈને અહેવાલને આધારે સુઓ મોટો પિટિશન હાથ ધરવામાં આવી હતી. જે મુદ્દે ચીફ જસ્ટિસની ખંડપીઠમાં સુનાવણી થઈ હતી. જેમાં રેલવે તરફથી જણાવાયુ હતું કે સિંહોની હિલચાલની ટ્રેકિંગ માટે સિંહોના વસવાટના વિસ્તારોમાં રેલવે લાઈન ઉપર ઈન્ટ્રુશન ડિટેક્શન ડિવાઈસ લગાવવાનું ટેન્ડર અપાઈ ચૂક્યું છે અને માર્ચ મહિનાથી કામગીરી શરૂ થઈ ચૂકી છે. અત્યારે વાયર લગાવાઈ રહ્યા છે. આગામી ત્રણથી ચાર મહિનામાં આ ડિવાઈસ લાગી

(અનુ. આઠમા પાને)




### હવે સાવજની ડણક કુનો સુધી નહીં પહોંચે!!

એક સમય હતો જ્યારે મધ્ય પ્રદેશનું કુનો રાષ્ટ્રીય ઉદ્યાન ગુજરાતના ગીર અભયારણ્યમાંથી એશિયાઈ સિંહોનું બીજું ઘર બનવાની તૈયારી કરી રહ્યું હતું. પરંતુ તાજેતરમાં વન વિભાગના જાહેરનામાએ આખી પરિસ્થિતિ બદલી નાખી છે. ૩૦ જુલાઈના રોજ વન વિભાગે 'સિંહ પ્રોજેક્ટ'નું નામ બદલીને 'ચિત્તા પ્રોજેક્ટ' રાખવાની જાહેરાત કરી, જેના કારણે એવી અટકળો શરૂ થઈ ગઈ છે કે કુનોમાં હવે સિંહોની ગર્જના કદાચ નહીં સંભળાય. આ જાહેરાતથી સ્પષ્ટ થાય છે કે કુનો હવે સિંહ કરતાં ચિત્તાના સંરક્ષણ માટે વધુ ધ્યાન કેન્દ્રિત કરશે.

વર્ષોથી ચાલતી સિંહોને સ્થાનાંતરિત કરવાની યોજના હવે લગભગ નિષ્ફળ ગઈ હોય તેવું લાગી રહ્યું છે. ત્રણ દાયકા પહેલાં, વન્યજીવન વૈજ્ઞાનિકોએ ગીરના સિંહોને અન્ય સ્થળે વસાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, જેથી જો કોઈ રોગચાળો ફેલાય તો પ્રજાતિનું અસ્તિત્વ જોખમમાં ન મુકાય. વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ કુનોને આ માટે સૌથી યોગ્ય સ્થળ તરીકે ઓળખાવ્યું હતું. ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટે પણ ગુજરાત સરકારને કુનોમાં સિંહોને સ્થાનાંતરિત કરવાનો આદેશ આપ્યો હતો. જોકે, ગુજરાત સરકારે રાજકીય અને પ્રતિષ્ઠાના મુદ્દાઓને કારણે સિંહોને સ્થાનાંતરિત કરવાનો ઈનકાર કર્યો, અને આ યોજના વર્ષો સુધી અટકી રહી.આ દરમિયાન, કુનોનું ધ્યાન હવે સંપૂર્ણપણે


(અનુ. આઠમા પાને)

# દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, બોટાદ અને ભાવનગરમાં અતિવૃષ્ટિને લઈ નુકશાનીનો સર્વે કરાશે

## સરકારે ભારે વરસાદવાળા જિલ્લાના ખેતીવાડી અધિકારીઓને ખેતી અને પાકને નુકસાનીનો સરવે કરવા કૃષિમંત્રી રાઘવજી પટેલે સૂચના આપી

**અબતક, રાજકોટ**

રાજ્યભરમાં ત્રણ દિવસથી મેઘરાજાની તોફાની મહેરના કારણે સૌરાષ્ટ્ર સહિત અનેક વિસ્તારમાં જળ બંબાકાર સર્જાતા ખેડૂતોને પાક નુકસાનીના કારણે મોટો આર્થિક ફટકો પડવાની સંભાવના ઊભી થઈ છે. જેને ધ્યાનમાં રાખી સરકારે ભારે વરસાદવાળા જિલ્લાના ખેતીવાડી અધિકારીઓને ખેતી અને પાકને નુકસાનીનો સરવે તાત્કાલિક મોકલવા સૂચના આપી છે.



સીઝનનો કુલ સરેરાશ વરસાદ ૮૦ ટકા થયો છે. ૭૬ ડેમને હાઈ એલર્ટ, ૩૩ને એલર્ટ અને ૧૫ને વોર્નિંગની કેટેગરીમાં મૂકવા ફરજ પડી છે. અનેક સ્થળોએ સપ્તાહના પ્રારંભથી વરસાદી માહોલ જારી રહ્યો છે. જો કે સૌરાષ્ટ્રના જુનાગઢ, બોટાદ, ભાવનગર જિલ્લાના કેટલાક તાલુકા, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, બનાસકાંઠા જિલ્લાના કેટલાક તાલુકા સહિત રાજ્યમાં કેટલાક સ્થળે મેઘરાજાની અવિરત મહેરના કારણે ખેતરોમાં પાણી ભરાઈ જવા પામ્યા છે. વાવેતર સહિત પાકને ભારે નુકસાન થવા પામ્યું છે. હાલ રાજ્યમાં ખરીફ પાકનું ૯૧ ટકાથી વધુ વાવેતર થઈ ચૂક્યું છે. જેમાં મગફળીનું સૌથી વધુ ૧૧૮.૮૬ ટકા જેટલું વાવેતર છે. ડાંગર, કપાસ, તુવેર દાળ, મકાઈ વિગેરેનું મોટાપાયે વાવેતર છે. મગફળી અને કપાસ સહિતના પાકને કેટલાક વિસ્તારમાં નુકસાન થયાની ખેડૂતોએ ફરિયાદ કરી સહાયની માગ કરી છે. પ્રતિસાદમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે ભારે વરસાદ થયો છે તેવા જિલ્લામાં અધિકારીઓને ખેતી અને પાકને નુકસાન અંગે સરવે કરી તાત્કાલિક વિગતો માગવામાં આવી છે. તેનો

(અનુ. આઠમા પાને)

### રાજયના ૨૩૦ તાલુકાઓમાં વરસાદ: વડાલીમાં ૭॥ ઈંચ

**આગામી ૨૭મી સુધી રાજયભરમાં ભારે વરસાદની આગામી: સિઝનનો ૭૯ ટકાથી વધુ વરસાદ વરસી ગયો**

રાજયમાં અવિરત મેઘ કૃપા વરસી રહી છે. આજે સવારે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૨૩૦ તાલુકાઓમાં હળવા ઝાપટાથી લઈ સાડા સાત ઈંચ સુધી વરસાદ વરસ્યો હતો આજે સવારથી અનેક તાલુકાઓમાં વરસાદ પડી રહ્યો છે. આજ સુધીમાં સિઝનનો ૭૯ ટકાથી વધુ વરસાદ વરસી ચૂકયો છે. એક સાથે પાંચ પાંચ સિસ્ટમ સક્રિય હોવાના કારણે આગામી ૨૭મી ઓગસ્ટ સુધી રાજયભરમાં ભારેથી અતિભારે વરસાદની આગામી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે. અવિરત મેઘ મહેરના કારણે જળાશયોમાં માતબર પાણીની આવક થઈ રહી છે. વરસાદના કારણે ૨૨૮ રસ્તાઓ હજી બંધ રાખવામાં આવ્યા છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યાનુસાર આજે સવારે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૩૩ જિલ્લાના ૨૫૦ તાલુકાઓ પૈકી ૨૩૦ તાલુકાઓમાં વરસાદ પડયો હતો ઉત્તર ગુજરાતમાં વરસાદનું જોર વધુ જોવા મળ્યું હતું. સાબરકાંઠાના વડાલીમાં સૌથી વધુ ૧૯૨ મીમી અથાંત ૭.૫૬ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત ખેડબ્રહ્મમાં ૧૮૧ મીમી, સાતલસાણામાં ૧૧૨ મીમી., ઉમરપાડામાં ૭૯ મીમી, ઈડરમાં ૭૦ મીમી, આણંદમાં ૫૩ મીમી, નડિયાદમાં ૫૦ મીમી, સરસ્વતિમાં ૫૦ મીમી, હિંમતનગરમાં ૪૭ મીમી, કપરાડામાં ૪૬ મીમી, ઉંઝામાં ૪૩ મીમી, વિજાપુરમાં ૪૩ મીમી, માંગરોળમાં ૩૯ મીમી, જાંબુઘોડામાં ૩૯ મીમી, વિસનગરમાં ૩૭ મીમી, ડેડિયાપાડામાં ૩૬ મીમી, વિજયનગરમાં ૩૬ મીમી, ધનસુરામાં ૩૫ મીમી, નેત્રાંગમાં ૩૫ મીમી, માતરમાં ૩૫ મીમી, વડોદરામાં ૩૫ મીમી, ખેરાલુમાં ૩૫ મીમી, મુંદ્રામાં ૩૪ મીમી અને સાગબારામાં ૩૩ મીમી સુધી વરસાદ પડયો હતો.

આ ઉપરાંત ૨૫ તાલુકાઓમાં એક ઈંચ સુધી વરસાદ વરસ્યો હતો. આજે સવારથી રાજયના અનેક તાલુકાઓમાં વરસાદ વરસી રહ્યો છે. સૌરાષ્ટ્રમાં ગીર સોમનાથ, જુનાગઢ, મોરબી, અમરેલી, કચ્છ, પોરબંદ અને રાજકોટ જીલ્લાના

(અનુ. આઠમા પાને)

### જૂનાગઢમાં સવારથી અનરાધાર દામોદર કુંડ નવા નીર આવ્યા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ શહેર તથા માણાવદર, વંથલી, ભેસાણ અને વિસાવદરમાં આજે વહેલી સવારથી વરસાદે એકધારું વરસી લેવાનું મન બનાવી અનુરાધાર વરસી રહ્યો છે, તે સાથે ગિરનાર તથા દાતાર પર્વતો અને જંગલ વિસ્તારમાં પણ ભારે વરસાદના વાવડો મળી રહ્યા છે.

આજે ભાદરવી અમાસ છે, ત્યારે મેઘા એ મન મૂકીને ધરતીને ધરો કરી દેવા માટે મન બનાવી લીધું હોય તેમ સવારના ૬ વાગ્યાથી જુનાગઢ શહેરમાં અવિરત વરસાદ વરસી રહ્યો છે. અને સવારના ૬ થી ૧૦ દરમિયાન બે ઈંચ જેટલો વરસાદ જુનાગઢ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં સત્તાવાર રીતે નોંધાયો છે. આ સાથે માણાવદરમાં પણ આ જ સમય દરમિયાન પોણો ઈંચ, વંથલીમાં પોણા બે ઈંચ, ભેસાણમાં દોઢ ઈંચ અને વિસાવદરમાં પોણો ઈંચ વરસાદ થયા હોવાના સત્તાવાર આંકડા મળી રહ્યા છે.



આ સાથે જુનાગઢના ગિરનાર અને દાતાર પર્વતની સાથે જંગલ વિસ્તારમાં પણ ભારે વરસાદ થયા હોવાના વાવડ છે ગિરનાર તથા દાતાર પર્વત અને જંગલ વિસ્તારમાં સવા ત્રણ ઈંચ જેટલો વરસાદ છેલ્લા ચાર કલાકમાં નોંધાયો છે. જેના કારણે ગિરનાર માંથી વહેતી થતી સોનરખ અને કાળવા નદીમાં ભારે પાણી આવ્યા છે. દામોદર કુંડ પરથી પણ નવા નીર વહી રહ્યા છે અને ગિરનાર તથા દાતાર પર્વત ઉપરથી ઝરણાઓ ખડખડાટ વહી રહ્યા છે. જેના કારણે ભવનાથ વિસ્તારમાં પણ પાણી પાણી નજરે બાકી રહ્યું છે.

### ન્યારી ડેમ ૭૦ ટકા ભરાયો: આજી ઓવરફલો થવામાં માત્ર દોઢ ફૂટ બાકી

**ન્યારી-૧ ડેમના હેઠવાસના ૧૬ ગામોને સાવચેત કરાયા: ૨૧ જળાશયોની ૧૫ સપાટીમાં વધારો**

સૌરાષ્ટ્રમાં અવિરત મેઘકૃપા વરસી રહી છે.જેના કારણે જળાશયોમાં પાણીની ધીંગી આવક થઈ રહી છે. આજે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૨૧ જળાશયોમાં નવાનીરની આવક થવા પામી છે.નર્મદા ડેમ ૮૧.૩૦ ટકા સુધી ભરાય ગયો છે.

રાજકોટ જિલ્લાનો ન્યારી-૧ ડેમ ૭૦ ટકાથી વધુ ભરાય જતા રૂલ લેવલ જાળવી રાખવા માટે ગમે ત્યારે ડેમના દરવાજા ખોલવા પડે તેમ હોય લોકોને નદીના પટમાં નહી જવા કે કાંઠા વિસ્તારમાં અવર જવર નહી કરવા તાકીદ કરવામાં આવી છે.ન્યારી-૧ ડેમના હેઠવાસમાં આવતા લોધિકાના હરિપર પાળ, રાજકોટના વેજા ગામ ઉપરાંત ખંઢેરી, ઈશ્વરિયા, વડવાળી વાજડી, ખંભાના, ન્યારા, પડધરી, રામપુર, રંગપુર, તરઘડી, ગઢયાળી, વેજડી, વેજાગામ,(વાજડી), વાજડી (વીરડાવાળી) ગામને એલર્ટ

(અનુ. આઠમા પાને)

